૧૫ મું અધિવેશન—ખાસ અંક.

તાર: HINDSANGHA. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર. REGD. NO. B 1996

વ્યવસ્થાપક મંડળ
મોહનલાલ દીપચંદ ચોકસી.
તંત્રી.
મનસુખલાલ હી. લાલન.

વાર્ષિક લવાજમ રૂા. ૨)
છુટક નકલ દોઢ આનો.
પુસ્તક ૯ અંક ૧

# જૈન યુગ.

વિ સં. ૧૯૯૭, પોષ શુદ ૧૦, બુધવાર. JAIN YUGA તા૦ ૮ મી જાનેવારી ૧૯૪૧

## શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.



શ્રી. છોટાલાલ ત્રિકમલાલ પારેખ.
**પ્રમુખ.**

### ૧૫ મું અધિવેશન,
### નિંગાળા.

તા. ૨૫-૨૬-૨૭ ડિસેમ્બર ૧૯૪૦

બુધ, ગુરૂ, શુક્ર.



શ્રી ભગવાનદાસ હરખચંદ શાહ.
**સ્વાગતાધ્યક્ષ.**

**અધિવેશનના પહેલા દિવસે ગવાયેલાં ગીતો.**

### મંગળાચરણ.

**વીર વંદન.**

વીર પ્રભુને શીષ નમાવી, વંદન વારંવાર કરાય,
વીર પ્રભુને૦

મોઘો માનવ દેહ મનાય, સદ્ભાગ્યે આ ધર્મ પમાય,
યુગ આંદોલન બોધ સુણાય, જિનશાસન મંગળ વરતાય;
વીર પ્રભુને૦

બાંધવ દીન દુઃખી દેખાય, બેકારી ભૂખે પીડાય,
નયને નેહે નીર લુહાય, જિનશાસન જયકાર ગણાય;
વીર પ્રભુને૦

વાણી અમૃત મે વરસાય, મનુન દયાના ઝરણ ઝરાય,
દાન શીયળ તપ ભાવ ભણાય, જિનશાસન શાશ્વત સોહાય;
વીર પ્રભુને૦

**મગનલાલ દલીચંદ દેશાઇ-રાજકોટ.**

### સ્વાગત ગીત.

પધારો મોંઘેરા મહેમાન, સ્વીકારો સોરઠના સન્માન—પધારો.
ગિરિવર ઊંચા ગોપ ચોટીલો, શત્રુંજય ગિરનાર,
નરવરના ઝુંડોથી શોભે, બરડાની ગિરિમાળ;
એનાં શિખર દેશે માન—સ્વીકારો૦
સુંદર સરિતા આજી મચ્છુ, ભોગાવો ને સોન,
ભાદર ને સારી સુકભાદર, શેત્રુંજી ને ઊંડ,
એનાં મીઠાં પીજો પાન—સ્વીકારો૦
તીર્થધામ વિશ્રામ જનોનાં, સિદ્ધાચળ ગિરનાર,
પ્રભાસ દ્વારિકા સોમનાથ ને, સુદામાપુરી સાર;
એનાં વંદન કરજો આપ—સ્વીકારો૦
નેમ કૃષ્ણ ને ધર્મસૂરિની, જન્મભૂમિ કહેવાય,
મણિ કલાપી ગાંધીથી એ, જગ જગમાં વખણાય;
એનાં ગાજો સહુ યશગાન—સ્વીકારો૦
ફેરી નદીના રમ્ય કિનારે, સુંદર નગર સુહાય,
નિંગાળાના ગ્રામ્ય જનોનાં, મન મંદિર મલકાય;
એનાં અંતરના સન્માન—સ્વીકારો૦

**મનસુખલાલ હીરાલાલ લાલન-મુંબઇ.**

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

**અર્થ:**–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—श्री सिद्धसेन दिवाकर.


# જૈન યુગ.

તા૦ ૮-૧-૪૧. બુધવાર.


## પંદરમાં અધિવેશનની વિશિષ્ઠતા.

નિંગાળા અધિવેશનની કાર્યવાહી પર ઠંડકથી વિચારતાં હરકોઇને લાગ્યા વિના નહીં રહે કે-એમાં નવિનતા છે એટલુંજ નહિં પણ ગુંચવાયેલ કોકડાનો ઉકેલ કયે માર્ગે શકય છે એની ચોખવટ પણ છે. પ્રમુખની વરણીમાં અને બેઠકની ભરણીમાં જેમ નવી રસમ શરૂ કરાયેલી છે, તેમ ઠરાવોની વિચારણામાં અને એને પસાર કરાવવામાં પણ બહુમતવાદને બાજુ પર રાખી સર્વાનુમતિનો સધિયારો શોધાયો છે એ એક નવી રસમજ છે. સમન્વયની પદ્ધત્તિનો એ વિજય સર્વશ્રેષ્ઠ છે. એના કોઇનાથી પણ ના પાડી શકાય તેમ નથીજ.

થયેલ ઠરાવોમાં–કેળવણી અને બેકારી નિવારણ–ની બાબતોએ મુખ્ય ભાગ ભજવ્યો છે. એ બે બાબતોને એક યા બીજા રૂપે વિસ્તારીને-જનતાને સમજવી સરળ પડે કિંવા એ માટે ઉપાય હાથ ધરવાનુ સુગમ થાય એ ખાતર ભિન્ન ભિન્ન મથાળા હેઠળ મુકવામાં આવી છે. આમ મુંબઇની છેલ્લી સુચનાનો અક્ષરશઃ અમલ થયો છે અને જુનવાણી પક્ષની ધારણા નિષ્ફળ ગઇ છે! સાચો શાસનપ્રેમ હેંડબીલબાજીમાં માની લેવો કે કેવળ વિરોધનો પોકાર કરવામાં કલ્પી લેવો–એ ભૂલ-ભર્યું છે એટલુંજ નહિં પણ હાસ્યાસ્પદ ને ધૃણાજનક છે.

જે ધર્મના પ્રણેતાની દેશનામાં અધર્મી ને વિરોધીઓ માટે દ્વાર બંધ ન હોય એટલુંજ નહિં પણ નિઃશંકપણે પ્રશ્ન કરવાની સગવડ હોય, જે પ્રણેતાના અંતેવાસીઓ નિડરપણે ઉપદેશ દઇ શકતા હોય. એમને અનાર્યભૂમિ કે અધર્મી ગણાતા સમૂહની ભીતિ ડારી શકતી ન હોય, એ પ્રણેતાના દોરેલા માર્ગમાં "મૈત્રી" અને તે પણ માત્ર સ્વધર્મી સાથેજ નહીં પણ સકલ વિશ્વ સાથે અગ્રપદ ભોગવતી હોય, એ મહાન્ વિભુતિના અનુયાયીનો દાવો કરનાર વર્ગ પોતાનાંજ સ્વામીભાઇઓ સાથે બેસી વાતનો ઉકેલ આણવામાં ગભરાય કે વ્યાળ અનુભવે! અથવા હાથ પગ વગરની પ્રમળાઓ પ્રસારવામાં શાસન સેવા માને! એ અજાયબીભર્યું જ ગણાય! એ બંધુઓ રંગીન ચશ્મા ઉતારી જોશે તો જણાશે કે નિંગાળા અધિવેશને જૈન ધર્મને ઉણપ આવે તેવું કંઇજ કર્યું નથી, પણ જૈન ધર્મની પ્રભાવના થાય તેવું કર્યું છે.

સ્વાગત પ્રમુખશ્રીના શબ્દોમાં કહીએ તો અને શાસ્ત્રીય વાતનો આશ્રય લઇએ તો વિચારના પરમાણુઓને ચૌદ રાજલોકમાં વહેતા મુકવાનુ કાર્ય કર્યું છે. જે વાતો સમાજના અભ્યુદય અર્થે જરૂરની છે તે આમ જનતાને સરળતાથી સમજાય, ધન ખરચનારાઓને કયો માર્ગ લેવા જેવો છે એ જણાય તે રીતે ભાષામાં મૂકી બતાવી છે. અર્થાત્ વિચારકો તરિકેની ફરજ બજાવી છે. એના અમલ સારૂ કોના પ્રતિ મીંટ માંડવામાં આવી છે? એ લખ્યું નથી, છતાં સૌ સમજે છે કે દાનવીરો તરફજ છે. વાત પણ સાચીજ છે. એ બે કામ દામ વિના આગળ ધપી શકેજ નહિં એવા છે. શાસ્ત્રકારોએ તો એકલા જ્ઞાન પર નહિં પણ સાથે ક્રિયા જોડી એ ઉભય પર ભાર મૂકયો છે. રાષ્ટ્રિય મહાસભાને નવજીવન અર્પનાર માહાત્મા ગાંધીજી પણ કહે છે કે ખાંડીભારના ભર્ષણ કરતાં પાભારના વર્તનની અસર વધુ થાય છે. ખુદ કોન્ફરન્સનો પોતાનો ભૂતકાલિન હેવાલ બોલે છે કે શ્રીમંત પ્રમુખોએ બીજું ભલે કંઇ ન કર્યું હોય છતાં હજારોના દાન તો દીધાં છે નજર સામે જોઇશું તો દીવા જેવું જણાશે કે વર્તમાનમાં જે કેળવણીની સંસ્થાઓ કામ કરી રહી છે એના પાયામાં કેળવણીનો કક્કો નહીં જાણનારા ને ધર્મબંધુત્વના નાતાથી ધન આપનારા શ્રીમંતો યા તો સાહસિક વેપારીઓનો જ મોટો હિસ્સો છે. આજે પણ જૈન શ્રીમંતો આપે છે કોમના કાર્યો માટે આપે છે અને રાષ્ટ્રના કામો માટે પણ આપે છે. અધિવેશને ચીંધ્યા તેવા માર્ગે દાન પ્રવાહ વાળવાનું તેમને શિખવવું પડે તેમ નથીજ, તો પછી પ્રશ્ન ઉઠશે કે–આંટી કયાં પડી છે? Where the shol pinches ?

એના કારણો આ પત્રના આગલા અંકોમાં એક કરતાં વધુવાર ચર્ચાયા છે. વર્તમાન તંત્રવાહકોનો મોટો ભાગ સારી રીતે એ સમજે છે. એક રીતે કહીએ તો એ યુધ નથી પણ 'Tug of war' અર્થાત્ વિચારક ને ધનિક વચ્ચેની ખેંચતાણ જેવું છે. વિચારક સર્વદેશીય સ્વતંત્રતા વાંછે છે જ્યારે દાતાઓ ધર્મ સિદ્ધાંતોમાં એની અગત્ય સ્વીકારવા તૈયાર નથી. અર્થાત ધર્મ વિષયિક બાબતોમાં ઉભય વર્ગના દ્રષ્ટિબિન્દુઓ વચ્ચે જે ભેદ ઉભો થયો છે એ કારણેજ એક સમયે કોન્ફરન્સના માચડે ધન વર્ષાવનાર વર્ગ આજે એ તરફ પ્રેમ છતાં ઉપેક્ષા સેવે છે! અલં પ્રાસંગિકેન, ટુંકમાં એટલુંજ કહીએ કે ઉભય વર્ગો ખભા અડાડી, ઉપર છલ્લા નહિ પણ હાર્દિક સહકારથી કામ ઉપાડે તો ઉપરના ઠરાવોનું પાલન સહજ છે અને એ દ્વારા કોમનું શ્રેય સધાય તેમ છે. જૈન બેંક અને પંચાયત ફંડના ઠરાવ શ્રીમંત વર્ગને માટે દેશના કપરા સંજોગો હોવા છતાં પણ શકય છે. એ સારૂ યુવાનોના ટોળાથી નહીં પણ શાસ્ત્રમાં સ્વામીભાઇની ભક્તિના જે યશગાન આલેખાયાં છે અને એ સારૂ માંડવગઢના ધનિકોની જે કાર્યવાહીનો ઉલ્લેખ સુવર્ણાક્ષરે કરાયેલો છે એ પ્રતિ લક્ષ્ય આપી વર્તમાનકાળના દોલતમંદોએ કામ હાથ ધરવાની અગત્ય છે.

ઠરાવેજ ધનવાનોની અગત્ય પુરવાર કરે છે અને વહીવટી તંત્ર પણ તેમાંના હાથમાં રાખે છે. દેશ-કાળને ઓળખી એ દિશામાં ડગ ભરવા કમર કસવાની જરૂર છે.

બંધારણમાં કેટલીક સુધારણાને લગતો ઠરાવ બારમો છે, પણ દેશ-કાળને અનુરૂપ અને વાસ્તવિકતાના મૂર્તિમંત સ્વરૂપ સમી સુધારણા કરવા જેવી હતી તે હજી ઉભીજ રહી છે જ્યાંલગી રીતસર ચુંટાયેલ પ્રતિનિધિઓ જવાબદારી સ્વીકારનાર સભ્યોનો સાથ ન જામે ત્યાં લગી બંધારણ ગમે તેટલું સુંદર હોય છતાં એની દશા પંખી વિહુણા પિંજર જેવી કે આત્મા વગરના દેહ જેવી જ રહેવાની! એ સ્થિતિ બર આણવા સારૂ બંધારણની શરૂઆતની કલમો સુધારણા કે સ્પષ્ટીકરણ માંગે છે, જે નિંગાળામાં નથી કરી શકાણું છતાં આગામી અધિવેશનમાં કરવુંજ પડવાનું, એ દૃષ્ટિથી અને વર્તમાનમાં સૌ કોઇની નજરે ચઢતી આંટીના ઉકેલ અર્થે ઠરાવ ચૌદમો કે જે પ્રચાર અને ઐક્ય સાધના અર્થેનો છે એને સૌ કરતાં વધુ વજન અમો આપીએ છીએ. નિંગાળા અધિવેશનની વિશિષ્ટતા એને આભારી છે એવું અમારૂં મંતવ્ય છે કેટલાક માને છે તેમ એમાં શાસન પક્ષને રીઝવી લેવો એજ માત્ર ઇરાદો છે; કિંવા દીક્ષા સંબંધી ઠરાવ પરત્વે બાંધછોડ કરવી ને મુંબઇમાં થયેલ વાટાઘાટને ફતેહમંદ બનાવવી એજ મુખ્ય કામ છે એમ નથી. એ કરતાં અતિ ઘણો માર્મિક આશય એ પાછળ સમાયેલ છે શાસન પક્ષમાં ગણના ન થઇ શકે એવા ઘણા આગેવાનો આજે કોન્ફરન્સ પ્રતિ ઉપેક્ષા ભાવ દાખવતા દૃષ્ટિ ગોચર થાય છે. આજે ઘણા સંઘો એવા છે કે જ્યાં શાસનપક્ષનું જોર નામનુંજ છે, છતાં તેઓ પણ પૂર્વના જેવી ઉલટ દાખવતા નથી! એ બધા પાછળ કયું તત્વ જોર કરી રહ્યું છે એનો સાચો અભ્યાસ પ્રમુખશ્રી પ્રચાર અર્થે જુદા જુદા ભાગોમાં પર્યટન કરશે તોજ એમને સમજાશે. એ સારૂ તટસ્થ વૃત્તિવાળા ગ્રહસ્થોની સમિતિ જ જોઇએ કે જેથી કોઇ જાતનો પૂર્વગ્રહ બંધાયેલો ન હોય. નિંગાળા અધિવેશને કલાકોની મથામણ પછી પ્રમુખશ્રીને છુટા હાથે કામ લેવાની અનુમતી સર્વાનુમતે આપી છે અને એ દ્વારા જૈન સામાજે પુન: અકય સંધાય એ સારૂ યોગ્ય દિશામાં હાથ લંબાવ્યો છે અમારી તો ખાતરી છે કે ગમે તેવી મુશીબતોનો સામનો કરી, પોતાના વ્યવસાયિક જીવનની બાબતોને ઘડીભર વીસરી જઇ, પ્રમુખશ્રી આ આવશ્યક કાર્ય અર્થે સમય ફાજલ પાડશે અને અતિ અગત્યના કાર્યને પાર ઉતારવા માટે કેડ બાંધશેજ.

સિધ્ધાંતના નામે એક વિચારક બંધુ તરફથી ઠરાવના અનુમોદનમાં લાલ બતી ધરવામાં આવેલ, તેમજ 'લેને ગઇ પુત ને ખો આઇ ખસમ' જેવી ઉક્તિનો ઉચ્ચાર પણ કરાયેલ. અમારી દૃષ્ટિયે પ્રમુખશ્રીના ભાષણમાં જૈન સમાજની સમસ્યાનું જે યથાર્થ પૃથક્કરણ કરવામાં આવ્યું છે એ જોતા આ જાતની બત્તી ધરવાની કે ઉક્તિ ઉચ્ચારવાની જરૂર નહોતી. પ્રમુખશ્રીએ એનો જવાબ ઉપસંહાર વેળા આપી દીધો છે. ઐકય સાધતા બાંધછોડ કરવીજ પડે છે. એ વેળા નાડુ પકડી બેસવાથી કાર્યસિદ્ધિ નથીજ થઇ શકતી એ અનુભવનો વિષય છે. પટણી સાહેબના વકતવ્યમાં પણ એજ સુર હતો. જૈન પત્રમાં પ્રમુખશ્રીના પાલીતાણા ને ભાવનગરમાં જે કંઇ વાર્તાલાપ પ્રસંગો આવ્યા છે એમાં પણ એજ ધ્વનિ છે. એનો સાર એકજ છે કે સિદ્ધાંતના ભોગે ઐકય ન સધાય, પણ એ સિદ્ધાંત એકાદા પક્ષે ઠોકી બેસાડેલ ન હોવો જોઇએ. એ સિધ્ધાંત જૈન ધર્મના મંતવ્યને બંધબેસ્તો હોય. અખિલ જૈન સમાજને ગળે ઉતરે તેવો હોય અને જેની પાછળ પૂર્વે થઇ ગયેલા વિદ્વાન્ આચાર્યોનો સધિયારો હોય, એવા સિધ્ધાંતોનો ભોગ આપી જૈન કૉન્ફરન્સ જીવંત નજ રહી શકે. બાકી વારે કયારે ઉભા થતા પક્ષોને રાજી રાખવા એ નમતું તોલે તો એની દશા ટટ્ટુ ગુમાવનાર બાપ દિકરા જેવીજ થાય! ચાહે તો શાસન પક્ષ હોય કે જુનવાણી પક્ષ હોય, ચાહે તો વિચારક પક્ષ ગણાતો હોય, કે યુવક કે ઉદ્દામ પક્ષ કહેવાતો હોય એ સર્વને કોન્ફરન્સમાં સ્થાન છે અને હોવું જોઇએ, કારણ કે કોન્ફરન્સ એ કોઇ પક્ષોની નહિં પણ અખિલ જૈન સમાજની છે. છતાં એ જૈન મહાસભાનો સિધ્ધાન્ત જૈન ધર્મના મૌલિક તત્વોને બંધ બેસતો હશે તેજ રહેવાનો-દેશકાળને અનુરૂપ ફેરફાર અર્થાત્ જીર્ણોદ્ધારને એમાં સ્થાન હોયંજ-પણ નવસર્જનની વાતો ત્યાં નકામી ને નિરર્થક નિવડવાની. એ અધિકાર શ્રી તીર્થંકર દેવનો કે કોઇ યુગ પ્રધાનનો છે આપણે આ માર્ગે આગળ ધપીએ એજ પ્રાર્થના.

---

( અનુસંધાન પૃ. ૧૫ ઉપરથી )

શ્રી. ચંદુલાલ કાલીદાસ, ધિણોજ.
,, ભોગીલાલભાઇ, અમદાવાદ.
સંઘવી ત્રંબકલાલભાઇ, વઢવાણ કેમ્પ.
ડો. પ્રાણલાલ પ. નાણાવટી, વડોદરા.
દાદર જૈન મિત્ર મંડળ દાદર, (મુંબઇ).
શ્રી. રતીલાલ બેચરદાસ, ખંભાતવાળા.
,, દયાલચંદજી ઝવેરી, આગરા,
,, અયોધ્યાપ્રસાદજી, આગરા.
,, હરખચંદજી હવસીલાલ, બાલાપુર.
,, ચતુર્ભુજ જેચંદ શાહ, ભાવનગર.
શેઠ ગુલાબચંદ આણંદજી, ભાવનગર.
શેઠ ચુનીલાલ સરૂપચંદ પારેખ, રાજુરી;
પ્રમુખ શ્રી. જૈન યુવક સંઘ, સોલાપુર.
શ્રી. કેશવલાલ મંગલચંદ શાહ, દેવલાલી.
,, અમૃતલાલભાઇ, કઠોર.
શેઠ અમૃતલાલ કાલીદાસ, અમદાવાદ.
ડો. ટી. એ. શાહ, મુંબઇ.
શ્રી. કાંતિલાલ પ્રેમચંદ, ઉના.
,, અંદરજી પારસીર, લતીપુર.
,, વાડીલાલ જેઠાલાલ શાહ, અને શાંતિલાલ શાહ, મંત્રી,
ખંભાત પો. મંડળ, મુંબઇ.

# ⌗ નોંધ અને ચર્ચા. ⌗

## સ્થાપિત હકની મથામણ—

આજકાલ સ્થાપિત હકના નામે જબરી ઝુંબેશ ચાલી રહેલી નજરે આવે છે! કારણ પરત્વે એક સમયે જે વસ્તુ દાખલ થઇ, એ કારણ નાબુદ થયા છતાં પણ દૂર કરવી ગમતી નથી! એ ચાલુ રાખવા સારૂ જાત જાતની દલીલો ઉભી કરવામાં આવે છે! કહાડી નાંખવા પાછળ કેવલ સદ્ભાવને નિતરૂં સત્ય રહેલ છે એ વાત એ વેળાએ સાવ વીસરી જવાય છે! અતિ આશ્ચર્ય તો ત્યારે થાય છે કે જેને વિદ્વાન અને અનુભવીના બિરૂદ મલ્યા હોય છે તે જ્યારે વર્તમાન લોકશાસનમાં જે ઘડીભર ટકી ન શકે એવી વાત ચાલુ રાખવા સારૂ સમર્થન કરે છે અને એ દ્વારા પોતે એક સત્યની અવગણના કરી રહ્યા છે એ વાત પ્રતિ દુર્લક્ષ્ય દાખવે છે! દેશ કારણના કોમીવાદમાં આવીજ બાબતો ભરેલી છે જે આજે સાચા રાષ્ટ્રવાદનું ગળુ દબાવી રહી છે! એક હીંદી કિંવા સાચા રાષ્ટ્રિયવાદી તરીકેના દૃષ્ટિબિન્દુથી જોવાને બદલે કોમીવાદી માનસ હિંદુ કે મુસલીમ આદિ ભાવ આગળ કરે છે. એને ધર્મનો ઓપ ચઢાવે છે. એ વેળા જુના કાળના ખાસ હકકો યાદ કરે છે અને એ રીતે દેશના પ્રશ્નને ગુંગળાવી નાંખી સાચી સ્થિતિના મૂળમાં વિષ સિંચે છે! કોન્ફરન્સના બંધારણમાં પ્રતિનિધિ તરિકેના અધિકારની ચર્ચા વેળા પણ આમજ બન્યું. ગ્રેજ્યુએટ વીગેરેના કે છાપાના તંત્રીઓના ખાસ હકની આજે જ્યારે દેશની નાની મોટી દરેક વ્યક્તિ પોતાનો અધિકાર સમજતી થઈ છે ત્યારે અગત્ય નથી. સંઘ મંડળ કે સભા પાસે જવું અને પ્રતિનિધિત્વનો અધિકાર પ્રાપ્ત કરવો એ સૌ કોઇ માટે એક સરખું હોવું જોઇએ તેવી સીધી ને સરળ બાબત કેમ ગળે નથી ઉતરતી? એ વેળા કયા કારણે એવા ભયો આગળ ધરવામાં આવે છે કે—એમ કરશું તો ગ્રેજ્યુએટો આવતા અટકી જશે અથવા તો એથી તેઓને કોન્ફરન્સમાંથી હાંકી કહાડવા જેવું ગણાશે? શિક્ષણ પ્રત્યેનું બહુમાન જોખમાશે? અરે તેઓ રિસાઈ જશે! અરે તંત્રજ ખોટકી પડશે! કિંવા આટલી સંખ્યા જોવાની મળે છે તે પણ નહીં મળે!

શિક્ષણ સદાકાળ પ્રશંસાપાત્ર વસ્તુ છે. શિક્ષિતોની સારી હાજરીએ સંસ્થાનું ગૌરવ પણ છે પણ એ સારૂ ધોરી માર્ગ ત્યજી દઇ, દેશકાળ પ્રતિ આંખમીચામણા કરી, કેવળ અપવાદ શોધાય તો અવશ્ય આંગળી ચીંધામણ ઉભી થાયજ, એક અભણ કરતાં, એક શિક્ષિતને ડેલીગેટ તરીકે આગળ આપવામાં કંઇજ મુશ્કેલી નથી. સામાન્ય પ્રયાસથી એ સિદ્ધ થાય તેવી વસ્તુ છે. જેમ કર્મના કાયદા આગળ સામાન્ય જીવ કે ખુદ તીર્થપતિ સરખા છે તેમ બંધારણની કલમ સામે શ્રીમંત—ધીમંત કે સામાન્ય સૌ કોઈ એકજ ભૂમિકાના વાસી છે. જૈન સમાજના પ્રશ્નો સમજવાની અને ઉકેલવાની જેમને તમન્ના છે તેઓ બંધારણમાં દોરેલી વિધિ પ્રમાણે વર્તી પ્રતિનિધિત્વનો હક ભોગવે. એ સારૂ શિક્ષણ કે પ્રમાણપત્રને આગળ આણવાની જરૂર નજ હોય. સ્થાપિત હકના નામે ચર્વાના ચર્વણ પણ નજ શોભે! અને ભડકામણા ભયો એ તો ભૂતકાળના વિષય બની જવા જોઇએ!

## વસ્તુસ્થિતિની પિછાન.

એજ્યુકેશન બોર્ડ સંબંધી ચર્ચા વારંવાર કરવામાં આવી તો એનુ થોડું પણ શુભ પરિણામ આવ્યું એમ નિંગાળા મુકામે ભરાયેલ સામાન્ય સભામાં—જે ઠરાવ કરવામાં આવ્યો એ ઉપરથી જણાઇ આવે છે. અધિવેશન વેળા મળતી એ સભાને સભ્યો સિવાયના ડેલીગેટ સાથે નથી તો કંઇ સંબંધ કે નથી તો એ ડેલીગેટોને પોતાની કાર્યવાહીમાં રસ લેતા કરવા સારૂ આમંત્રણ કરવા જેટલી અગત્ય! છતાં કોન્ફરન્સ હસ્તકનુ એ બોર્ડ ગણાય છે એ વિચિત્ર નથી લાગતું? એક તરફ અધિવેશન મળતાં સુધી નવી ચુંટણી લંબાવવી અને બીજી તરફ અધિવેશન ટાણે પણ માત્ર બોર્ડના સભ્યોની અલગ સભાથી કામ લેવું. સભ્યો સિવાયના ડેલીગેટોને રીપોર્ટ સંભળાવવા કે એમની સલાહ-સુચના મેળવવા જેટલો પ્રબંધ ન કરવો એ કાર્ય કરવાની દ્રષ્ટિએ ભલે વ્યાજબી લેખાતું હોય પણ વ્યવહાર દ્રષ્ટિએ બંધ બેસતું નથીજ. જનરલ સભાએ કાર્યવાહક સમિતિમાં, કોન્ફરન્સની સ્થાયી સમિતિને દશ સભ્યો ચુંટી મોકલવાનો હક આપ્યો એ જરૂર વધાવી લેવા જેવી વાત ગણાય. જો કે એમાંયે લવાજમનો પ્રશ્ન તો અણઉકલ્યોજ રહે છે! છતાં એ વાત હાલ જતી કરીએ તો પણ એટલું તો કહ્યા સિવાય ચાલતું નથી કે એજ્યુકેશન બોર્ડની ચુંટણી પ્રતિવર્ષ વાર્ષિક સભામાંજ થવી જોઇએ અને કેવળ સભ્યોના લવાજમની આવક પર મદાર બાંધવાને બદલે જનતા એના કાર્યમાં વિશેષ રસ લેતી થાય, એમાં દાન દેતી થાય એ સારૂ પ્રયાસ હાથ ધરવા ઘટે. ધાર્મિક વિષયમાં રસવૃત્તિ ધરાવતા બંધુઓને કાર્યવાહીમાં ભાગ લેતા કરવા ઘટે. એ સારૂ પ્રચાર ને પ્રકાશનનો છુટથી ઉપયોગ આવશ્યક છે. આ અધિવેશન ટાણે રીપોર્ટ માત્ર સભ્યોની સભા પુરતો મર્યાદિત ન રખાય, પણ સર્વ પ્રતિનિધિઓ સમક્ષ રજુ થાય. એ ઉપર સલાહ-સુચના મંગાય અને રસ લેતા બંધુઓને બોર્ડના સભ્ય થવાનો આગ્રહ પણ કરવામાં આવે. એ સારૂ જરૂર જણાય તો વાર્ષિક લવાજમની રકમ હળવી કરવી. આપણને ધન કરતાં પણ વધુ અગત્ય મુંબઇના અને બહારના બંધુઓના સહકાર ને સુચનાની છે. ધાર્મિક પરિક્ષા કે તેવો અભ્યાસ કરાવનારી પાઠશાળાઓ માટે ધન મેળવવામાં ઝાઝી તકલીફ નથી પડવાની. આજે મુશ્કેલી છે તેનુ કારણ એકજ જણાય છે કે બહારની જનતાને બોર્ડની કાર્યવાહીમાં પુરેપુરી જાણકાર નથી બનાવી તે છે. અભ્યાસક્રમની કઠીણતા પણ એ માટે થોડે અંશે જવાબદાર છે. આ દિશામાં બોર્ડની નવી કાર્યવાહી પગલાં પાડે, એજ અભ્યર્થના. બોર્ડના કાર્યમાં કોઇને પણ વિરોધ હોય એ કલ્પવું જ ખોટું છે. બાકી બંધારણમાં અને કાર્ય કરવાની શૈલીમાં દેશ-કાળાનુસાર ફેરફારો કરવાજ જોઇએ.

## પુસ્તકોનું અવલોકન.

૧ સદ્‌ગુણાનુરાગી શ્રી. કર્પુરવિજયજી (લેખ સંગ્રહ ભાગ ૪. પ્ર૦ શ્રી. કર્પુરવિજયજી સ્મારક સમિતિ મુંબઇ કિં. ૦-૫-૦ કપડાનું પુંઠુ ૦-૬-૦) અગાઉના ભાગોની માફક આ સંગ્રહમાં ઘણુ મુનિશ્રીના હસ્તે જુદા જુદા સમયે આત્માનંદ પ્રકાશ માસિકમાં ભિન્ન ભિન્ન વિષયો પરત્વે લખાયેલા સો લેખોનો સમાવેશ કરવામાં આવેલ છે. એ ઉપરાંત ભીખાભાઈ શાહની પ્રસ્તાવના અને પંડિત લાલનનો ઉપોદ્ઘાત પણ છે. આત્માર્થી જીવો માટે દરેક સંગ્રહ મનનીય છે. કિંમત પણ સસ્તી છે. મેઘરાજ ભંડાર—પાયધુની, નં. ૩. પાસેથી મળશે.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## પંદરમું અધિવેશન—નિંગાળા.

### મણિલાલ કોઠારી નગરની ભવ્ય અને સુંદર રચના, અપૂર્વ વ્યવસ્થા અને આદર્શ ભાવનાનો ત્રિવેણી સંગમ.

### પંદર બળદનો સુંદર રથ, પ્રમુખશ્રીના સ્વાગતનું દમામદાર સરઘસ અને ગ્રામ્ય જનોના ઉત્સાહનો અપૂર્વ મેળો.

### વિષયોની સંપૂર્ણ વિચારણા, શાંતિ ભરી બેઠકો અને સફળ પૂર્ણાહૂતિ.

( લેખક—**મનસુખલાલ હીરાલાલ લાલન.** )

**ભૂમિકા—**

શ્રીમતી કોન્ફરન્સના પંદરમાં અધિવેશન માટે ભાવનગરે આમંત્રણ આપ્યા પછી ત્યાં કોઈ પ્રકારની વિષમ પરિસ્થિતિ ઉભી થવાથી અને તે અનુસારે ત્યાં અધિવેશન મળવાની અશકયતા જણાતાં મુંબઇમાં મળેલી સ્થાયી સમિતિની બેઠક વેળાએ અધિવેશન માટે કોઇ અન્ય સ્થળની આવશ્યકતા જણાઇ. આ વાત બહાર આવતાંજ બારસી ( મહારાષ્ટ્ર ) નિંગાળા ( કાઠીઆવાડ ) મહુદ રોડ ( ગુજરાત ) આમ ત્રણ સ્થળેથી આમંત્રણો મળ્યાં. ઉપરોક્ત ત્રણ સ્થળમાંથી સ્થળની અનુકૂળતા પ્રતિકૂળતા વિચારી નિર્ણય કરવાનું કામ કાર્યવાહી સમિતિને સોંપવામાં આવ્યું. અને નિંગાળાના મૂળ નિવાસી, જૈન સ્વયંસેવક મંડળના પ્રમુખ અને રાષ્ટ્રિય મહાસભાના એક પ્રખર કાર્યકર્તા શ્રીયુત્ મણીલાલ જેમલના હિંમત અને હોંશ ભર્યા આમંત્રણને માન આપી પંદરમું અધિવેશન નિંગાળા મુકામે ભરવાનું નક્કી કરવામાં આવ્યું, અને તારીખો વિગેરે પણ તે સમયેજ નક્કી કરવામાં આવી. અને આ રીતે નાતાલના તહેવારો દરમ્યાન કોન્ફરન્સનું પંદરમું અધિવેશન ભરવાનો નિશ્ચય થયો.



શ્રી. મણીલાલ મોકમચંદ.

**તૈયારીઓ—**

નિંગાળાનુ આમંત્રણ સ્વીકારાયા પછી આ કાર્યને ફતેહમંદીથી પાર ઉતારવાની ચિંતા કાર્યવાહકોને થાયજ. અને વિજયા દશમીના શુભ દિવસે શ્રી. મણીલાલ જેમલ શેઠે સ્વાગત સમિતિ રચવા માટે કાર્ય આરંભી દીધું, અને મુંબઇથી શ્રી. મણિલાલ મોકમચંદને સાથે લઇ નિંગાળા તરફ ઉપડી ગયા. ત્યાં જોઇતી વ્યવસ્થા કરી તુરતજ સ્વાગત સમિતિની રચના કરી, સ્વાગતાધ્યક્ષની પણ તેજ સમયે ચુંટણી થઇ અને એ જવાબદારી સ્વીકારવાનું સદ્ભાગ્ય લિંબડી નિવાસી શ્રીયુત ભગવાનદાસ હરખચંદને ફાળે ગયું આ કાર્ય પતાવ્યા પછી શ્રી. મણીભાઇ જેમલ તથા મણીલાલ મોકચંદે આસપાસના તેમજ આખા કાઠીયાવાડમાં અનેક સ્થળે જઇ સ્વાગત સમિતિના સભ્યોની નોંધણી ચાલુ કરી, બીજી બાજુ મુંબઇમાં વસતા કાઠીયાવાડી ભાઇઓનો સંપૂર્ણ સહકાર મળ્યો અને લગભગ સ્વાગત સમિતિમાં ૨૦૦ સભ્યોની નામાવલી તૈયાર થઇ ગઇ. બીજી બાજુથી કોન્ફરન્સ ઓફિસ તરફથી પણ તડામાર તૈયારીઓ ચાલુ થઇ અને રિપોર્ટો બંધારણો આદિ જરૂરી વસ્તુઓ તૈયાર થવા લાગી.

આ સમય દરમ્યાન મહાસભા તરફથી લડત ચાલુ કરવાના ભણકારા સંભળાવા લાગ્યા અને શ્રી. મણીભાઇ શેઠે રાષ્ટ્રની હાકલને પ્રથમ સ્થાન આપી પોતે આદરેલું કાર્ય પોતાના મિત્રોને અને સહકારીઓને સોંપી પોતે જેલ નિવાસ સ્વીકાર્યો. આ વસ્તુસ્થિતિએ એના મિત્રોમ અજબ ઉત્સાહનો વધારો કર્યો, અને શ્રી. મણીલાલ મોકમચંદે પોતાની દરેક પ્રવૃત્તિ છોડી આ તરફજ પોતાનું લક્ષ્ય કેન્દ્રિત કર્યું અને લગભગ દોઢ માસ સુધી નિંગાળામાં રહી અધિવેશનની સઘળી પ્રાથમિક તૈયારીઓ સંપૂર્ણ કરવા માંડી. તેની સાથે સ્થાનિક મુખ્ય મંત્રી, મણિભાઈના ભાઇશ્રી ફુલચંદભાઇ શેઠ તથા શ્રી. મનસુખલાલ લાલન તથા બોટાદના સ્ટેશન માસ્તર શ્રી. નંદલાલભાઇ મહેતા વિગેરે મુખ્ય કાર્યકર્તાઓ અધિવેશનના ૧૦-૧૨, દિવસ અગાઉજ નિંગાળા પહોંચી ગયા અને મણિલાલ કોઠારી નગર સંપૂર્ણ રીતે તૈયાર થઇ ગયું.




શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન.

**નગર રચના—**

નિંગાળા ગામની પાછળથી ચાલી જતી કેરી નામની મોટી નદીના રમ્ય કિનારા પર જ્યાં ખડાવાળ આવેલી છે,

તે સ્થાન પસંદ કરવામાં આવ્યું. અને કિનારા પરની વિશાળ જગ્યા સાફસુફ કરાવી ત્યાં આગળ કોન્ફરન્સ કેમ્પ યાને મણિનગરની રચના વિશાળ પાયા ઉપર કરી. કાર્યકરોને મુખ્ય પ્રશ્ન પાણીનો હતો, પરંતુ ભાવનગર રેલ્વેની અપૂર્વ સહાયથી આ પ્રશ્નનો ઉકેલ તુરતજ આવી ગયો. શ્રી. હેમચંદભાઇએ નદીના કુવા પર પંપ તથા ૫ ટાંકીઓ મુકાવી દીધી અને ત્યાંથી નળનુ ફીટીંગ કરાવી ઠેઠ કેમ્પ સુધી નળ લાવવામાં આવ્યા, અને એ નળો મારફત સમસ્ત નગરને તથા રસોડાં ખાતાં તથા ન્હાવા વિગેરે માટે સંપૂર્ણ પાણીની વ્યવસ્થા થઇ ગઇ.



પ્રમુખશ્રીના આગમન પ્રસંગે પંદર સુશોભિત બળદથી શણગારેલા રથ સાથ કાઢવામાં આવેલા ભવ્ય સરઘસનું દૃશ્ય.

નગરનો મુખ્ય દરવાજો દેશી કારીગરીથી અને લગભગ વાંસની સળીની ગુંથણીથી બનાવવામાં આવ્યો હતો, જે ઘણોજ કળાયુક્ત લાગતો હતો, તેમાંથી પ્રવેશ કરતાં મધ્યમાં ઝંડાચોક બહુજ વિશાળ આવતો હતો, જેની મધ્યમાં લગભગ ૬૫ ફુટ ઉંચો રાષ્ટ્રીય ધ્વજ ફરકી રહ્યો હતો. ઝંડાની સામેજ કોન્ફરન્સનો વિશાળ મંડપ લગભગ ૩ થી ૪ હજાર માણસને સમાવી શકે તેવો ઉભો કરવામાં આવ્યો હતો. જેમાં સામેજ ૬૦x૨૦ નું મોટું વ્યાસપીઠ બનાવેલું હતું, આખાયે મંડપને ગ્રામ્ય કારીગિરી, ધ્વજા પતાકા તથા ભાવનગરથી આવેલાં ફુલોથી સુશોભિત કરવામાં આવ્યો હતો.

મુખ્ય દરવાજાની જમણી બાજુ કોન્ફરન્સ ઓફીસ, ઇન્કવાયરી ઓફિસ, રેલ્વે ઓફિસ, મેડીકલ રૂમ, ઉતારા સમિતિની ઓફિસ, જી. ઓ. સીનો કેમ્પ, સ્વયંસેવકોનો કેમ્પ, તથા રસોડા વિભાગ આવેલ હતો. જ્યારે ડાબી બાજુ સ્વદેશી પ્રદર્શન, પ્રતિનિધિ કેમ્પ, સ્વાગત સભ્યોના કેમ્પ, ફેમીલી કેમ્પો, સ્વાગતાધ્યક્ષ, તથા પ્રમુખ સાહેબના કેમ્પ, તથા માનવંતા પરોણાના ઉતારા શોભી રહ્યા હતા. નગરની ચારે તરફ પોલીસ થાણાઓની રાવટીઓ લાગી રહી હતી. ભાવનગર સ્ટેટ, ગઢડા સ્વામીનારાયણનું મંદિર, વઢવાણ સ્ટેટ, તથા પાલીતાણા વિગેરેથી પુષ્કળ સરંજામ આવી લાગવાથી એક પણ વસ્તુની ઉણપ જણાઈ નહોતી, અને ખાસ કરીને ભાવનગર સ્ટેટના જે ઉત્તમ સમીયાણા આવ્યા તેથી તો ઘણીજ સગવડ થઈ ગઈ, આ રીતે તારીખ ૨૩-૧૨-૪૦ ના દિવસે સંપૂર્ણ તૈયારીઓ કરી કાર્યકર્તાઓએ જરા વિશ્રાંતિ લીધી.

**આગમન—**

તા. ૨૩-૧૨-૪૦ થીજ લોકોનું આગમન ચલુ થયું. તે દિવસેજ સ્વાગતાધ્યક્ષ શ્રી. ભગવાનદાસભાઇ, શ્રી મોતીચંદભાઇ, સ્વયંસેવકોના વડા શ્રી. તલકચંદ તથા વીરચંદભાઇ પાનાચંદ તથા રાયચંદભાઇ વિગેરે આવી પહોંચ્યા. અને મણિનગર જનસમુદાયથી ગાજવા લાગ્યું. તારીખ ૨૪ મી એ પ્રમુખ સાહેબ તથા ભાવનગરના દિવાન સાહેબ પધારવાના હોવાથી તેમનું સ્વાગત કરવા સ્ટેશન ઉપર લગભગ ૪ હજાર માણસોની ગંજાવર મેદની જામી હતી. અને કોન્ફરન્સના સઘળા કાર્યકર્તાઓ તેમના સ્વાગત માટે સ્ટેશન પર હાજર હતા. બરાબર ૨ વાગે મેલ આવી પહોંચતાં પ્રમુખ સાહેબ તથા દિવાન સાહેબ શ્રી. પટ્ટણીનું બેન્ડના સરોદોથી સ્વાગત કરવામાં આવ્યું. સ્ટેશન પર ફુલહાર પહેરાવ્યા પછી તેઓશ્રીને સરઘસના આકારમાં કેમ્પ સુધી લઇ જવાનો કાર્યક્રમ યોજાયો હતો, એ મુજબ પંદર મોટા બળદોથી જોડાયેલા રથમાં પ્રમુખશ્રી તથા દિવાન સાહેબ તથા સ્વાગતાધ્યક્ષે સ્થાન લીધું. સરઘસને મોખરે બેન્ડ, પછી સ્વયંસેવકો જે લગભગ ૧૮૦ ને આશરે હતા તેમની કુચ, તેમની પાછળ બીજું બેન્ડ, પાછળ ગ્રામ્યજનો, ત્યારબાદ કોન્ફરન્સમાં ભાગ લેવા પધારેલા સજ્જનો, ત્યાર પછી પ્રમુખશ્રીનો રથ, અને ત્યાર પછી મહિલા વૃંદ; એ ક્રમથી સરઘસ સ્ટેશનથી આગળ વધ્યું. સ્ટેશનથી કેમ્પ સુધી આખે રસ્તે વાવટા તથા કમાનો ગોઠવવામાં આવી હતી, અને લોકોના અપૂર્વ ઉત્સાહથી આખોયે રસ્તો તથા કોકારી નગર ધમધમી રહ્યું હતું.

**માનપત્ર—**

નિંગાળાની ગ્રામ્ય જનતા કહો કે આખું ગામ કહો, તેમનો કોન્ફરન્સ પ્રત્યે એટલો બધો ચાહ હતો કે નગરશેઠથી માંડી તમામ માણસો કારીગરો સહિત પોતાનું કામકાજ બંધ રાખી કોન્ફરન્સના કામમાંજ લાગી રહ્યા હતા. તેઓ પોતાનો સદ્ભાવ કેમ છૂપાવી શકે? તેઓ અતિ લાગણીવશ બની ગયા, અને પોતાનો સદ્ભાવ વ્યક્ત કરવા એક મેળાવડો કોન્ફરન્સ નગરમાં જ યોજી પ્રમુખશ્રીને નિંગાળા-નિવાસીઓ તરફથી માનપત્ર સમર્પણ કર્યું. આ તકે ભાવનગરના દિવાનશ્રી હાજર હોઈ તેમના મુબારક હાથેજ પ્રમુખશ્રીને માનપત્ર આપવામાં આવ્યું. આ પ્રસંગે આખું ગામ સ્ત્રી સમુદાય સહિત મંડપમાં હાજર હતું, અને મંડપમાં એક ઇંચની પણ જગા ખાલી રહી ન હતી. માનપત્ર આખાં ગામની વતી ખોજા નાનજી ભાઈએ વાંચી સંભળાવ્યું હતું, અને તેની સાથે મોઢેથી પણ પોતાના ઉદ્ગારો કહાડયા હતા. (આ માનપત્ર આ પત્રમાંજ અન્યત્ર છપાયેલ છે.) માનપત્રનો ઉત્તર વાળતાં શ્રી. છોટાલાલભાઈએ જણાવ્યું કે 'આપનો અને મારો તદન પરિચય નહિ હોવા છતાં અને હું અહિં તદન નવીનજ હોવા છતાં આપે જે પ્રેમભાવ બતાવ્યો છે તે હું તો માનું છું કે મારા વ્યક્તિ તરીકે નહિ, પણ મારા કાર્ય પ્રત્યે આપનો પ્રેમભાવ આપ સ્પષ્ટપણે દર્શાવી રહ્યા છો. જૈન કોન્ફરન્સ જેવી સંસ્થા પ્રત્યે આખા ગામનો જે પ્રેમ દૃષ્ટિએ પડે છે તે કદિ ભૂલી શકાય તેમ નથી, અને ખાસ કરીને શ્રી. મણીભાઈ શેઠની ગેરહાજરીમાં જે આ સુંદર વ્યવસ્થા થઈ છે, એ સઘળું તમારા પ્રેમ અને સહકારને આભારી છે.' આટલું કહી પુનઃ ભાવનગર સ્ટેટનો તથા પ્રજાજનોનો તેમણે આભાર માન્યો હતો. અને તદન સાદી રીતે માનપત્ર આપવાની ક્રિયા થયા પછી મેળાવડો વિસર્જન થયો હતો.



શ્રી. મણીલાલ જેમલ શેઠ.
(સ્વાગત સમિતિના મુખ્ય મંત્રી.)

**બેઠકનો પ્રારંભ તા૦ ૨૫-૧૨-૪૦.**

તા૦ ૨૫-૧૨-૪૦ ના સંધ્યાકાળે નોબતનાં સુંદર સરોદોએ બેઠકની શરૂઆત કરવાનાં શુભ સમાચાર આખાયે કેમ્પમાં પ્રસરાવી દીધા અને સ્વાગત સભ્યો, પ્રતિનિધિઓ પ્રેક્ષકો વિગેરેથી મંડપ ભરાવા લાગ્યો. બરાબર સાત વાગે પ્રમુખશ્રી તથા સ્વાગતાધ્યક્ષ તથા માનવંતા પરોણાઓ સ્વયંસેવકોની ટુકડી સાથે આવી પહોંચ્યા અને વિશાળ મંચ ઉપર પોતાનું સ્થાન લીધું. બરાબર સાડાસાત વાગે વીર ભગવાનની સ્તુતિથી શરૂઆત કરવામાં આવી. મણીલાલ શેઠની પુત્રી કુમારી ચંદ્રાવતીએ વીર સ્તુતિથી મંગલાચરણ કર્યું. ત્યારબાદ શ્રી. મગનલાલ દલીચંદ દેશાઈ, તથા શ્રી. મનસુખલાલ લાલનના રચેલાં બે સ્વાગત ગીતો સોનગઢ ચારિત્ર રત્નાશ્રમના વિદ્યાર્થીઓએ સંગીતના સાજ સહીત મધુર સ્વરે ગાઈ પધારેલા સજ્જનોને તથા સન્નારીઓને આવકાર આપ્યો. (આમાંના બે ગીતો મુખપૃષ્ઠ ઉપર છાપ્યા છે.) મંગલાચરણબાદ સ્વાગત સમિતિના એક મુખ્ય મંત્રી શ્રી રતીલાલ લક્ષ્મીચંદ કુવાડીઆએ આમંત્રણ પત્રિકા વાંચી સંભળાવી હતી. (આ આમંત્રણ પત્રિકા તા. ૧૬-૧૨-૪૦ ના અંકમાં છપાઈ ગઈ છે.)

આમંત્રણ પત્રિકા વંચાયા બાદ સ્વાગતાધ્યક્ષ શ્રી. ભગવાનદાસભાઈએ પોતાનું છાપેલું ભાષણ વાંચી સંભળાવ્યું હતું, એઓશ્રીએ ભાષણ વાંચતાં કેટલીક વખત મ્હોઢેથી પણ કોઈ કોઈ વસ્તુઓ સમજાવી હતી. અને દરેકને બરાબર સમજાય એ રીતે પોતાનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું. (આ ભાષણ આ પત્રમાં અન્ય પૃષ્ઠો ઉપર આપેલું છે.)

પ્રમુખસ્થાન માટે દરખાસ્ત મૂકતાં ભાવનગર તરફથી કોન્ફરન્સના પિતામહ જેવા વયોવૃદ્ધ શ્રી. કુંવરજી આણંદજીએ જણાવ્યું કે "હું આજે જે વ્યક્તિને પ્રમુખસ્થાન લેવા માટે દરખાસ્ત મુકું છું તે શ્રી. છોટાલાલ ભાઈએ કેળવણીની સંસ્થાને જન્મ આપવામાં અને એક કુશળ સમાજ સેવક તરીકે જેમણે સારી ખ્યાતિ મેળવી છે તેવા એક ગૃહસ્થને પ્રમુખસ્થાન સ્વીકારવાની દરખાસ્ત મૂકતાં મને આનંદ થાય છે. સ્વાગતાધ્યક્ષના ભાષણમાં સમાજમાં દાવાનળ પ્રગટયાની જે વાત છે તે હું માનતો નથી, સમાજમાં દાવાનળ નથી, અલબત્ત ઐકયની જરૂર છે, તે કોઈથી ના કહી શકાય તેમ નથી. અને ઐકયમાંજ આપણી ઉન્નતિ છે" ઇત્યાદિ કહી દરખાસ્ત મૂકી હતી જેને નીચેના પ્રાંતો તરફથી અનુમોદન આપવામાં આવ્યું હતું.- ડો. અમીચંદભાઈ (સુરત) શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઈ-(રાજકોટ) શેઠ રતીલાલ વર્ધમાન (વઢવાણ કેમ્પ) શેઠ ચંદુલાલ સારાભાઈ મોદી (અમદાવાદ) શેઠ મોતીલાલ વીરચંદ (મહારાષ્ટ્ર) શ્રી. નાગકુમાર મકાતી (વડોદરા) શ્રી તીલોકચંદજી જૈન (પંજાબ) ઉપર દર્શાવેલા ગ્રહસ્થો તરફથી ટેકો મળ્યા બાદ પ્રમુખશ્રીએ તાળીઓના ગડગડાટ વચ્ચે પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું. ત્યારબાદ પ્રમુખશ્રીએ પોતાનું ભાષણ વાંચવું શરૂ કર્યું હતું, તેઓશ્રી પણ વચ્ચે વચ્ચે કેટલીએક વસ્તુઓના સચોટ ખુલાસા કરતા હતા. તેઓશ્રીનું ભાષણ સમાપ્ત થયા પછી સબજેકટસ કમિટીની ચુંટણી કરવામાં આવી. અને ત્યારબાદ અધિવેશન બીજા દિવસ ઉપર મુલતવી રહ્યું હતું.

**ઝંડાવંદન—**

બીજે દિવસે સ્હવારે ૭॥ વાગે ઝંડાચોકમાં ઝંડા વંદન કરવામાં આવ્યું હતું, ગોખાકારમાં ઝંડાની આસપાસ ગોઠવાયેલા સ્વયંસેવકો અને તેમની વચમાં વાગતી નોબત અને બેઠકના મધુર અવાજો વચ્ચે આ ક્રિયા પૂર્ણ દમામથી કરવામાં

આવી હતી. ૬૦ ફુટ ઉંચા સ્થંભ ઉપર પ્રમુખશ્રીને હાથે ઝંડો ફરકાવવામાં આવ્યો અને ત્યાર બાદ પ્રમુખશ્રીએ પ્રસંગને અનુકૂળ વિવેચન કરી રાષ્ટ્ર પ્રત્યેની ફરજો સમજાવી હતી.

**વિષય વિચારિણી સમિતિ—**

તા૦ ૨૩-૧૨-૪૦ ના રોજ સ્હવારે વિષય વિચારિણી સમિતિની બેઠક મળી, આ પ્રસંગે સબ્જેકટસ કમિટીના સભ્યોના પાસની વહેંચણી કરતાં થોડો વધુ સમય ગયો હતો. ત્યારબાદ બરાબર નવ વાગે વિષય વિચારિણી સમિતિનું કામ ચાલુ થયું. ડ્રાફ્ટ રેઝોલ્યુશન સમિતિએ ઘડેલા અને સ્વાગત સમિતિએ મંજુર કરેલા ઠરાવો એક પછી એક લેવાની શરૂઆત થાય તે પહેલાં પ્રમુખશ્રીએ એક નિવેદન કરી જણાવ્યું કે આજે કેળવણી પ્રચાર અને બેકારી નિવારણ તથા બંધારણમાં જરૂરી ફેરફાર—આ વિષયો પર ઠરાવો કરવા ભેળા થયા છીએ. જેથી સામાન્ય રીતે આ શિવાયના વિષયો આપણે હાથ ન ધરવા એવું જે આપણા પર નૈતિક બંધન છે, તે બંધન આપ સર્વે ભાઇઓ નિયમ તરીકે સ્વીકારો, અને પછી આપણે આગમ વધીએ. આ સૂચના સર્વેએ સ્વીકારી અને કોન્ફરન્સના મહામંત્રી શ્રી. મણીલાલ શેઠને તથા પોપટલાલ રામચંદને ધન્યવાદ આપનારો ઠરાવ પ્રથમ પસાર કરવામાં આવ્યો. ત્યારબાદ કેળવણી પ્રચાર, ધાર્મિક શિક્ષણ જૈન સંસ્કૃતિ શિક્ષણ, બેકારી નિવારણ આદિ ઠરાવો હાથ ધરવામાં આવ્યા. અને તે સઘળા ઠરાવો ઉપર પ્રમુખશ્રીએ સર્વ સભ્યોને પોતાના વિચારો છુટથી રજુ કરવાની આપેલી રજાથી બરાબર ચર્ચાતા હતા અને પસાર થતા હતા. આ ઠરાવો પસાર થતાં ભોજનનો સમય થવાથી મીટીંગ ૨ વાગા ઉપર મુલતવી રહી જે બરાબર ટાઇમસર મળતાં બંધારણનો પ્રશ્ન હાથ ધરવામાં આવ્યો.

**અધિવેશનના અગ્રગણ્ય સુકાનીઓ.**



(ડાબી બાજુથી) ૧ શ્રી. વીઠ્ઠલદાસ મુળચંદ શાહ બી. એ. ૨ શ્રી ફુલચંદભાઇ જેમલ શેઠ ૩ શ્રી. રતીલાલ લક્ષ્મીચંદ કુવાડીઆ. ૪ શ્રી ચતુરભાઇ રાયચંદ શાહ. ૫ શ્રી. રાયચંદ અમુલખ શાહ ૬ શ્રી. મનસુખલાલ જેમલ શેઠ. ૭ શ્રી વીરચંદ પાનાચંદ શાહ બી એ. ૮ શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીયા સોલીસીટર.



શ્રી. નંદલાલ તારાચંદ મહેતા.
(બોટાદના સ્ટેશન માસ્તર.)

બંધારણમાં જરૂરી ફેરફાર કરવાનો ઠરાવ આવતાં આ ઠરાવની મહત્તા સભ્યો સમજતા હોઇ, અને કોન્ફરન્સનું આખું મંડાણ એના ઉપર અવલંબતું હોઇ આ વિષય ઉપર સંપૂર્ણ વિચાર પૂર્વક અને છુટથી ચર્ચા કરવા બધા કટિબદ્ધ થઇ ગયા. પ્રથમ તો જૈન શ્વેતાંબર કોન્ફરન્સને બદલે મહાસભા નામ રાખવું એ ઠરાવ સાથે જ્યાં જ્યાં ઇંગ્રેજી શબ્દ વપરાતા હોય ત્યાં ત્યાં ગુજરાતી શબ્દો વાપરવા આ ઠરાવ રજુ થતાંજ તે ચર્ચાનો વિષય બન્યો. શ્રી. પરમાણંદભાઇનો મક્કમ આગ્રહ હતો કે ઇંગ્રેજી નામો જવાંજ જોઇએ. પરંતુ એક વર્ગ એવી પણ માન્યતા ધરાવતો હતો કે હાલને તબક્કે નામમાં ફેર કરવાથી કેટલીક ગેરસમજૂતિ ઉભી થશે. માટે છે તેમજ રહેવા દેવું. આ બન્ને પ્રકારની માન્યતાવાળાઓ પોતપોતાના વિચારોમાં મક્કમ હતા. આ વિષય ખૂબ ચર્ચાયો, અને અન્તે 'જૂનું તે સોનું' એ કહેવતને અનુસરી શ્રી. પરમાણંદભાઇને પોતાનો સુધારો ખેંચી લેવા આગ્રહ થતાં તેમણે નમતું આપ્યું, અને જે નામ ચાલુ છે તેજ રાખવું એવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આટલું કામ પતતાં સાંજનો ભોજનનો સમય થઇ જવાથી વિષય વિચારિણી સમિતિનું કામ સાંજના ૬॥ વાગા ઉપર મુલતવી રાખવામાં આવ્યું, ભોજન પછી બરાબર ૭ વાગે સમિતિનું કાર્ય ચાલુ થયું. અને પુનઃ એક ઠરાવે ગુંચવણ ઉભી કરી. મહારાષ્ટ્રવાળા શ્રીયુત્ મોતીલાલ વીરચંદે એક એવો ઠરાવ બંધારણની વચમાં મૂકયો કે "પ્રમુખ સાહેબ પોતાની પસંદગીના ૭માણસોની એક સ્વતંત્ર કમીટી નીમે અને તે પ્રચારનું અને ઐકયનું કામ કરે." આ ઠરાવ એટલો બધો ગોળ ગોળ મુદ્દા વિનાનો હતો કે તેઓ શું કહેવા માગે છે, તે સમજી શકાતુ નહતું.



શ્રી તલકચંદ કાનજી કપાશી.
(સ્વયંસેવકોના વડા)

આ ઠરાવના પ્રતિસ્પર્ધી જેવો શ્રી. પરમાણંદ કાપડીઆએ એવો ઠરાવ મૂકયો કે પ્રમુખ, ઉપપ્રમુખ, બે મુખ્ય મંત્રીઓ અને અન્ય સાત મુંબઇની સ્થાયી સમિતિમાંથી ચુંટાયેલા સભ્યોની એક કાર્યવાહી સમિતિ ચુંટવી જે સઘળું કામકાજ ચલાવે. પરંતુ આ સ્થિતિ થતાં કાર્યવાહી સમિતિ બહુ નાની કક્ષામાં સંક-

( અનુસંધાન પૃ. ૧૩ ઉપર. )

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## પંદરમાં અધિવેશનમાં પસાર થયેલા ઠરાવો.

[ **નિંગાળા** ( કાઠીયાવાડ ) માં તા૦ ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બર ૧૯૪૦ ના રોજ **શ્રીયુત છોટાલાલ ત્રિકમલાલ પારેખ**, પ્લીડર-અમદાવાદના પ્રમુખસ્થાને મળેલ કોન્ફરન્સના પંદરમાં અધિવેશનમાં સર્વાનુમતે પસાર થયેલા ઠરાવો નીચે પ્રમાણે છે. ]

### ઠરાવ ૧ લો.

**શ્રી મણિલાલ જેમલ શેઠ તથા અન્ય બંધુઓને ધન્યવાદ.**

(ક) શ્રી મણિલાલ જેમલ શેઠ જેમણે ચાલુ અધિવેશન ભરવાને અંગે અખંડ પ્રયાસ કર્યો હતો તેમણે દેશની હાકલ થતાં રાષ્ટ્રિય સેવાભાવ લક્ષમાં રાખી, જેલનિવાસ સ્વીકાર્યો તે તેમના ત્યાગને માટે આ જૈન કોન્ફરન્સ તેમને અંતઃકરણ-પૂર્વક ધન્યવાદ આપે છે અને તેમની સેવાની નોંધ હર્ષપૂર્વક લે છે.

(ખ) એજ પ્રમાણે દેશની હાકલ થતાં શ્રીયુત પોપટલાલ રામચંદ શાહ અને બીજા જૈન બન્ધુઓએ જેલનિવાસ સ્વીકાર્યો છે તેમને આ અધિવેશન ધન્યવાદ આપે છે.

**—પ્રમુખસ્થાનેથી.**

### ઠરાવ ૨ જો.

**કેળવણી પ્રચારની યોજના.**

કાર્યવાહક સમિતિએ અમલમાં મૂકેલી કેળવણી પ્રચારની યોજનાના આજ સુધીના કાર્યને આ કોન્ફરન્સ આવકારે છે. તે યોજનાને મૂર્ત સ્વરૂપ આપવા માટે શેઠ કાંતિલાલ ઇશ્વર-લાલે રૂપિયા પચીસ હજારની રકમ કોન્ફરન્સને આપી તે માટે તેમને આ કોન્ફરન્સ ધન્યવાદ આપે છે. વિશેષ ફંડના અભાવે આ યોજના થોડા સમયમાં બંધ કરવાની સ્થિતિ ઊભી થઇ છે તે નિવારવા માટે અને એ યોજનાને કાયમ રાખવા માટે જૈન શ્રીમાનોને આ યોજનામાં બને તેટલો આર્થિક સહકાર આપવા આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ કરે છે અને સ્થાનિક સમિતિએ આ યોજના ચાલુ રાખવી એવો ઠરાવ કરવામાં આવે છે.

દરખાસ્તઃ—શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ-મુંબઇ.
ટેકોઃ—શ્રી. બાલચંદ હીરાચંદ-માલેગામ
અનુમોદનઃ—શ્રી. વલ્લભદાસ ફુલચંદ મહેતા-મહુવા.
„ શ્રી. મણિલાલ અ. મણિઆર-રાજકોટ.

### ઠરાવ ૩ જો.

**કેળવણી અંગે માહિતી.**

જૈન સમાજમાં આજે કેળવણીના પ્રદેશમાં શી શી પ્રવૃત્તિઓ ચાલી રહી છે અને કઇ કઈ સંસ્થાઓ કામ કરી રહી છે, તે પ્રત્યેકનું બંધારણ કયા પ્રકારનું છે, કયા કયા પ્રકારની શિષ્યવૃત્તિઓ તેમજ અન્ય પ્રકારની મદદો અપાઇ રહી છે એ સંબંધમાં એક વિસ્તૃત યાદી તૈયાર કર-વાની અને કેળવણી સંબંધમાં એક માહિતીકેન્દ્ર એક વર્ષની અંદર ઊભું કરવાની સ્થાનિક સમિતિને આ કોન્ફરન્સ ભલામણ કરે છે; અને આ જ પ્રકારની ધાર્મિક શિક્ષણને લગતી સંસ્થાઓ અને અન્ય શિક્ષણ પ્રવૃત્તિઓની વિસ્તૃત યાદી તૈયાર કરવાનું શ્રી જૈન એજ્યુકેશન બોર્ડને સોંપવામાં આવે છે.

દરખાસ્તઃ—શ્રી. નાગકુમાર નાથાભાઇ મકાતી-વડોદરા.
ટેકોઃ—શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન-જામનગર.

### ઠરાવ ૪ થો.

**ધાર્મિક શિક્ષણ અને એજ્યુકેશન બોર્ડ.**

ધાર્મિક શિક્ષણનો ક્રમ આપણી જૈન એજ્યુકેશન બોર્ડે ગોઠવ્યો છે તેનો લાભ ઉત્તરોત્તર સારો લેવાતો જાય છે એ તરફ સંતોષ બતાવતાં હજુ પણ એના વિકાસમાં જે કાંઇ અગવડો નડતી હોય તે દૂર કરી ધાર્મિક અભ્યાસનો વિસ્તાર ખૂબ વધે અને પ્રત્યેક પાઠશાળાઓ તથા સભાઓ એના ધોરણ પ્રમાણે કામ ચલાવે અને તે માટે કાર્ય કરતી સંસ્થાઓ એક મતે કાર્ય આગળ ધપાવે એવી ગોઠવણ કરવાની જરૂરિયાત આ કોન્ફરન્સ સ્વીકારે છે અને પ્રત્યેક બાળક કે બાલિકા ધર્મનો અભ્યાસ કરી શકે તે માટે પ્રેરણાત્મક રચના કરવાની જૈન એજ્યુકેશન બોર્ડને ભલામણ કરે છે, અને તેના આ પ્રયાસમાં સર્વ શક્તિ કેન્દ્રિત કરવા માટે તથાપ્રકારનું કાર્ય કરનાર અન્ય સંસ્થાઓને તેમાં સહકાર આપવા આગ્રહ કરે છે.

દરખાસ્તઃ—શ્રી. સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી-મહુવા.
ટેકોઃ—શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી-ખંભાત.

### ઠરાવ ૫ મો.

**જૈન શાસ્ત્રીય શિક્ષણ.**

આ કોન્ફરન્સ બનારસ ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજમાં જૈન શાસ્ત્રની પરીક્ષા દાખલ કરવા બદલ તેના સંચાલકો અને સંયુક્ત પ્રાન્તના સરકારી કેળવણીખાતા પ્રત્યે આભા-રની લાગણી પ્રદર્શિત કરે છે અને તે સાથેજ તે સંયુક્ત પ્રાન્ત સરકારનું ધ્યાન ખેંચે છે કે તેણે ઉક્ત કોલેજમાં એક જૈન શાસ્ત્રીય શિક્ષણ આપનાર યોગ્ય અધ્યાપકની નીમણુંક કરવી કેમકે ભારતીય શાસ્ત્ર સમૃદ્ધિમાં જૈનપરંપરાનો ખાસ મહત્વનો ભાગ છે. તેથી જ્યાં બીજી બધી શાસ્ત્રીય પરંપરા-ઓના શિક્ષણ વાસ્તેની પુરી જોગવાઇ હોય ત્યાં જૈન શાસ્ત્રીય શિક્ષણ લેવા આવનાર વાસ્તે કશી જોગવાઇ ન હોય એ ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ બનારસ, જેવી પ્રાચીન અને સર્વત્ર પ્રસિદ્ધ સંસ્થા માટે ઊણપ ગણાય અને સંસ્કૃતિ તેમજ ઇતિહાસમાં અગત્યતા ધરાવનાર જૈન સાહિત્ય પ્રત્યે બેદરકારી પણ ગણાય.

**—પ્રમુખસ્થાનેથી.**

### ઠરાવ ૬ ઠો.

**જૈન શાસ્ત્રીય શિક્ષણ.**

આ કોન્ફરન્સનો એવો પાકો મત છે કે જેમ બીજા ક્ષેત્રોમાં તેમ શાસ્ત્રીય ક્ષેત્રમાં પણ જૈન પરંપરાએ આ યુગના વિકસિત માનસ સાથે પૂર્ણપણે મેળ ખાય તેવું અને ઉચ્ચ વિદ્યાધામોમાં પોતાનું પ્રતિનિધિત્વ કરી શકે તેવું માનસ ધરાવનારી વ્યક્તિઓ તૈયાર કરવાની જરૂર છે. તેથી આ કોન્ફરન્સ ઠરાવ કરે છે કે જૈનશાસ્ત્રનું ઉચ્ચતર અને ઉચ્ચતમ શિક્ષણ આપવા-અપાવવાની ઘટતી સમર્થ એવી બધી સગવડ કરવી. તે માટે થોડા પણ અધિકારી ઉમેદવારો-જેમાં મુખ્યપણે સંસ્કૃત શિક્ષણ લીધેલ પંડિતો અને મુખ્યપણે કોલેજનું શિક્ષણ લીધેલ સ્નાતકોનો સમાવેશ થાય છે-તે પસંદ કરવા અને તેમને વિદ્યાભ્યાસ માટે જરૂરી એવી બધી સગવડ પુરી પાડવી.

આ વસ્તુને લગતી વિગતવાર વિચારણા કરી યોજના ઘડી કાઢવા તેમજ તેને અમલમાં મૂકવા અને તે માટે જરૂરી એવી નાણાંની જોગવાઈ કરવા વાસ્તે આ કોન્ફરન્સ નીચે લખેલ સભ્યોની એક સમિતિ પોતાની સંખ્યા ૧૧ મેમ્બરો રાખવાની સત્તા સાથે નીમે છે.

૧ શ્રી. છોટાલાલ ત્રિકમલાલ પારેખ-અમદાવાદ.
૨ શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ-મુંબઈ.
૩ શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલ જે. પી.-મુંબઈ.
૪ શ્રી. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી-મુંબઇ.
૫ શ્રી. મેઘજી સોજપાળ-મુંબઇ.

—પ્રમુખસ્થાનેથી.

### ઠરાવ ૭ મો.

**સામાન્ય શિક્ષણ વિસ્તાર.**

કેળવણીના પ્રશ્નોને અંગે નીચેની બાબતો તરફ આ કોન્ફરન્સ જૈન સમાજનું ખાસ ધ્યાન ખેંચે છે.

**(૧) પ્રાથમિક શિક્ષણ.**

આપણા સમાજમાં એક પણ બાળક કે બાળિકા પ્રાથમિક શિક્ષણ પામ્યા સિવાય ન રહે એટલું જ નહિ પણ મોટી ઉમ્મરના સ્ત્રી-પુરૂષોમાં પણ કોઇ નિરક્ષર ન હોય એ સ્થિતિને પહોંચી વળવા માટે ચોતરફ યોજનાઓ જેવી કે પ્રૌઢ શિક્ષણના વર્ગો, બાળમંદિરો અને રાત્રિશાળાઓ-થવાની ખાસ જરૂર છે.

**(૨) ઔદ્યોગિક, વૈજ્ઞાનિક અને વ્યાપારિક શિક્ષણ.**

આજે માત્ર આર્ટસ્ કોલેજમાં વિદ્યાર્થીઓની ભરતી થઇ રહી છે તેને બદલે હવે ઔદ્યોગિક, વૈજ્ઞાનિક તથા વ્યાપારિક કેળવણી ઉપર વધારે ભાર મૂકવાની અને તે દિશા તરફ વિદ્યાર્થીઓને સારા પ્રમાણમાં વાળવાની ખાસ જરૂર છે એમ આ કોન્ફરન્સ ઇચ્છે છે અને આપણી શિક્ષણ સંસ્થાઓને વાણિજ્યશાળા વહેલામાં વહેલી તકે શરૂ કરવા આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

**(૩) સ્ત્રી શિક્ષણ.**

હજુ આપણે સ્ત્રી શિક્ષણમાં પછાત છીએ અને ઉચ્ચ શિક્ષણ લેતી જૈન કન્યાઓની સંખ્યા ઓછી છે એ બાબત લક્ષમાં રાખીને જૈન કન્યાઓને આ દિશાએ બને તેટલું પ્રોત્સાહન આપવા જૈન સમાજને અને ખાસ કરીને દરેક દરેક છાત્રવૃત્તિ આપતા જૈન ફંડોને ભલામણ કરવામાં આવે છે.

**(૪) છાત્રાલયો.**

આજે શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની જરૂરિયાતના પ્રમાણમાં છાત્રાલયોની સંખ્યા અને સગવડ ઘણીજ ઓછી છે અને વિદ્યાર્થીનીઓ માટે તો આવા પ્રકારની કશી પણ સગવડ છે નહિ, તો તે દિશાએ હજુ ખૂબ પ્રગતિ કરવાની અને સ્થળે સ્થળે છાત્રાલયો ઉઘાડવાની જરૂરિયાત છે એમ આ કોન્ફરન્સ જાહેર કરે છે અને તાત્કાલિક ગ્રામ જનતાની દૃષ્ટિએ કોઇએક ગામમાં ગ્રામ છાત્રાલય ઉઘાડવા માટે સંસ્થાઓ અને સમાજને અપીલ કરે છે.

**(૫) સ્વતંત્ર શિક્ષણ સંસ્થા.**

આપણી જૈન વ્યાપારી કોમને બંધબેસતી થાય તેવી વ્યાપારી, ધાર્મિક અને ઔદ્યોગિક કેળવણી સારી રીતે થાય તે માટે વર્ધા યોજનાને ધ્યાનમાં રાખીને સ્વતંત્ર શિક્ષણ સંસ્થાની યોજના આ કોન્ફરન્સ સ્વીકારે છે અને તે મુજબ પ્રયત્ન કરવા દરેક જૈન ભાઇઓને ભલામણ કરે છે,

અને

છાત્રાલયો અને શિક્ષણ સંસ્થાઓ ઉભી કરવામાં અત્યાર સુધી જે જે મુનિવર્યોએ ઉપદેશ દ્વારા અને જે જે બંધુઓએ ધનદ્વારા અને કાર્યદ્વારા સહાય આપી છે તેમને આ કોન્ફરન્સ ધન્યવાદ આપે છે અને તેઓ પોતાનો એ ભાવ ચાલુ રાખે એવી આગ્રહપૂર્ણ વિનંતિ કરે છે.

દરખાસ્તઃ—શ્રી. ફુલચંદ હરીચંદ દોશી-અમદાવાદ.
ટેકોઃ—શ્રી. વીરચંદ પાનાચંદ શાહ-મુંબઇ.
„ ડો. ચંદુલાલ ટી. શાહ.
„ કુ. લીલાવતી ગુલાબચંદ-કરાંચી.
„ શ્રી. સરોજીની કેશવલાલ-સોલાપુર.
„ શ્રી. રતિલાલ વર્ધમાન શાહ-વઢવાણ કેમ્પ.
„ શ્રી. મણીલાલ ખુશાલચંદ પારી-પાલણપુર.
„ શ્રી. વૃજલાલ મોહનલાલ-બોટાદ.

### ઠરાવ ૮ મો.

**અર્ધમાગધી શિક્ષણનો પ્રચાર.**

૧ આર્ય ભાષાના વિકાસનો ઇતિહાસ જાણવા માટે અર્ધમાગધી અગત્યની ભાષા છે. તેમજ ભારતવર્ષનાં આર્ય દર્શનોમાં મહત્વના ગણાતા જૈન દર્શનને સમજવા માટે પણ અર્ધમાગધી એક આવશ્યક ભાષા છે તેથીજ મુંબઇ યુનીવરસીટીએ પોતાના અભ્યાસક્રમમાં ઉચ્ચમાં ઉચ્ચ વર્ગો સુધી અર્ધમાગધીને દાખલ કરી છે એ માટે તેમ જ જે જૈન કે અજૈન સંસ્થાઓએ પોતાના અભ્યાસક્રમમાં અર્ધમાગધી ભાષાને અપનાવી છે તે માટે તે સર્વ પ્રત્યે આ કોન્ફરન્સ આભારની લાગણી પ્રદર્શિત કરે છે તેમજ સંયુક્ત પ્રાંત, બંગાળ અને પંજાબ વગેરે પ્રાન્તની યુનીવરસીટીઓને મુંબઇની યુનીવરસીટીની જેમ અર્ધમાગધીને સ્થાન આપવા ખાસ ભલામણ કરે છે અને જે કોલેજોમાં અર્ધમાગધીના અભ્યાસની વ્યવસ્થા ન હોય ત્યાં ત્યાં તેની વ્યવસ્થા કરવા કોલેજના પ્રીન્સીપાલોને આ કોન્ફરન્સ વિનંતિ કરી છે.

૨ આપણા જૈન વિદ્યાર્થીઓ દ્વિતીય ભાષા તરીકે અર્ધમાગધી લઇને ભણે એમ આ કોન્ફરન્સ ઇચ્છે છે અને જૈનોના દાનદ્વારા ચાલતી હાઇસ્કુલો તેમજ કોલેજોમાં પણ અર્ધમાગધીને અવશ્ય સ્થાન હોવું જોઇએ એમ આ કોન્ફરન્સ માને છે. માટે

તમામ જૈન દાનવીરોને પોતાના દાનથી ચાલતી હાઇસ્કૂલો અને કૉલેજોમાં અર્ધમાગધીને સ્થાયી સ્થાન આપવા આ કૉન્ફરંસ આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

૩ અર્ધમાગધી ભાષાનો બહોળો ફેલાવો થાય તે માટે આ કૉન્ફરંસ જૈન દાનવીરોને તેમજ જૈન ધર્મની બીજી માતબર સંસ્થાઓને વિનંતિ કરે છે કે તેઓએ યોગ્ય સ્કોલરશીપો યોજવી અને અર્ધમાગધીનો અભ્યાસ કરતા જૈન તેમ જ જૈનેતર વિદ્યાર્થીઓને મળે તેવી વ્યવસ્થા કરવી તેમ જ અર્ધમાગધીના વિદ્યાર્થીઓને સરળતા પડે તે માટે અભ્યાસક્રમમાં ચાલતાં પુસ્તકો શુદ્ધ અને સસ્તા ભાવે પ્રગટ કરવા આ કૉન્ફરન્સ જૈન સાહિત્યની પ્રકાશન સંસ્થાઓને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઉપરના ઠરાવને વેગ આપવા માટે આ કૉન્ફરન્સ સ્થાયી સમિતિને ભલામણ કરે છે.

દરખાસ્તઃ—શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઇ, મુંબઇ.
ટેકોઃ—શ્રી. કુંવરજી આણંદજી, ભાવનગર.
અનુમોદનઃ—શ્રી. ચુનીલાલ હઠીસીંગ શેઠ, મુંબઇ.

### ઠરાવ ૯ મો.

**બેકારી નિવારણ.**

બેકારી નિવારણને માટે નીચેની બાબતો ઉપર આ કૉન્ફરન્સ જૈન સમાજનું ધ્યાન ખેંચે છેઃ—

(૧) સ્થાયી સમિતિના આશ્રય નીચે એક એવી બેકારી નિવારણ મધ્યવર્તી સંસ્થા (Central Bureau) ઉભી કરવી, જ્યાં નોકરી રહેવા ઇચ્છનાર અને નોકરી રાખવા ઇચ્છનારની સંપૂર્ણ વિગતવાર નોંધો રાખવામાં આવે અને બન્નેનો સહયોગ મેળવી આપવાની ગોઠવણ કરી આપવામાં આવે.

(૨) જે જૈન ગૃહસ્થો હસ્તક મોટાં કારખાનાંઓ, પેઢીઓ કે ઓફિસો ચાલતાં હોય તેની એક યાદી સ્થાયી સમિતિએ તૈયાર કરાવવી અને તેઓ મારફત બને તેટલા જૈનોને ગોઠવવાની હીલચાલ સ્થાયી સમિતિએ હાથ ધરવી.

(૩) આજે ગૃહઉદ્યોગ અને ગ્રામ્યઉદ્યોગને બને તેટલું ઉત્તેજન આપવાની ખાસ જરૂર છે. અને આ દિશાએ યોગ્ય ફંડ મળેથી કૉન્ફરન્સની સ્થાયી સમિતિને ઘટતી યોજનાઓ કરવાની ભલામણ કરવામાં આવે છે.

દરખાસ્તઃ—ડૉ. અમીચંદ છગનલાલ શાહ, સુરત.
ટેકોઃ—શ્રી. કાન્તિલાલ ઉમેદચંદ બરોડીયા, મુંબઇ.
અનુમોદનઃ—શ્રી. શાંતિલાલ મગનલાલ શાહ, મુંબઇ.
,, શ્રી. જીવરાજ ઓધવજી, ભાવનગર.
,, શ્રી. લીલચંદ મગનલાલ, વિરમગામ.
,, શ્રી. લાલભાઇ ડી દલાલ, મુંબઇ.
,, શ્રી. જયંત પટ્ટણી, મુંબઇ.

### ઠરાવ ૧૦ મો.

**જૈન બેંક.**

જૈન બેંકની જે યોજના ગત અધિવેશનમાં મંજુર કરવામાં આવી છે તે તરફ જૈન સમાજનું ધ્યાન ખેંચવામાં આવે છે અને તે અંગે ઘટતું કરવા સ્થાયી સમિતિને ભલામણ કરવામાં આવે છે.

**—પ્રમુખસ્થાનેથી.**

### ઠરાવ ૧૧ મો.

**પંચાયત ફંડ.**

આ કૉન્ફરન્સ પારસી પંચાયત ફંડ જેવું એક વિશાળ અને સર્વસામાન્ય જૈન પંચાયત ફંડ ઉભું કરવાની જરૂરિયાત સ્વીકારે છે. તે ફંડનો ઉપયોગ વ્યવહારિક તેમજ ધાર્મિક કેળવણીનો પ્રચાર, બેકારી નિવારણ તેમજ નિરાશ્રિત ભાઇ બહેનોને બનતી મદદ વિગેરે સામાજિક કાર્યોમાં કરવો અને તે ફંડનો વહીવટ ફંડમાં નાણાં ભરનારાઓ કરે.

દરખાસ્તઃ—શ્રી. ભગવાનલાલ હરખચંદ શાહ, લિંબડી.
ટેકોઃ—શ્રી. માધવલાલ હીરાલાલ શાહ, મુંબઇ.
અનુમોદનઃ—શ્રી. ધીરજલાલ ધનજી શાહ, અમદાવાદ.

### ઠરાવ ૧૨ મો.

**કૉન્ફરન્સનું બંધારણ.**

કૉન્ફરન્સના ચાલુ બંધારણમાં નીચે પ્રમાણે ફેરફાર કરવા આ કૉન્ફરન્સ ઠરાવે છેઃ—

(૧) ચાલુ બંધારણમાં જ્યાં જ્યાં સ્થાયી સમિતિ, કાર્યવાહી સમિતિ, સ્થાનિક મહામંત્રીઓ, એ શબ્દો વપરાયેલા છે, ત્યાં ત્યાં અનુક્રમે અખિલ હિંદ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ સમિતિ, સ્થાયી સમિતિ અને મુખ્ય મંત્રીઓ મૂકવા અને જ્યાં જ્યાં અંગ્રેજી શબ્દો વપરાયા હોય ત્યાં ત્યાં તેને લગતા યોગ્ય ગુજરાતી શબ્દો વાપરવા.

(૨) **ત્રીજી કલમ**ના સ્થાને નીચેની કલમ મૂકવીઃ—

**અધિવેશનઃ—**કૉન્ફરન્સનું અધિવેશન સાધારણ રીતે દર બે વર્ષે થશે.

(ક) આગલા અધિવેશનમાં આગામી અધિવેશનનું સ્થળ ન નક્કી થયું હોય અથવા નક્કી કર્યા પ્રમાણે ભરી શકાય તેમ ન હોય તો અધિવેશન ભરવાની ગોઠવણ મુંબઇની સ્થાયી સમિતિ કરશે.

(ખ) જે વર્ષે કૉન્ફરન્સનું અધિવેશન મળવાનું ન હોય તે વર્ષે અખિલ હિન્દ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ સમિતિની બેઠક ભરવાની ગોઠવણ મુંબઇની સ્થાયી સમિતિ કરશે.

(૩) **ચાલુ બંધારણમાં નીચે પ્રમાણેની નવી કલમો ઉમેરવી.**

**કલમ ૬ પછી નીચે પ્રમાણેની કલમ ઉમેરવી.**

**ઠરાવ ઘડનારી સમિતિઃ—**

કૉન્ફરન્સના અધિવેશનમાં રજુ કરવાના ઠરાવનો ખરડો તૈયાર કરવા માટે મુંબઇની સ્થાયી સમિતિ એક ઠરાવ વિચારિણી સમિતિ નીમશે જેઃ—

મુંબઇની સ્થાયી સમિતિના છ અને જે સ્થળે અધિવેશન મળવાનું હોય ત્યાંની સ્વાગત સમિતિના પાંચ મળી કુલ અગીઆર સભ્યોની બનશે. આ સમિતિએ તૈયાર કરેલો ઠરાવોનો ખરડો કૉન્ફરન્સના મુખ્ય મંત્રી વિષય વિચારિણી સમિતિમાં રજુ કરશે.

(૪) **કલમ સાતમીમાંથી** "જે પ્રાંતમાં કૉન્ફરન્સ ભરાય તે પ્રાંતમાંથી વીસ વધારે મેમ્બરો" એ શબ્દો કમી કરવા.

(૫) **કલમ ૭ પછી નીચેની નવી કલમ ઉમેરવી.**

ઠરાવો ઘડનારી સમિતિ તરફથી રજુ થયેલા ઠરાવોનો નિકાલ થયા બાદ વિષય વિચારિણી સમિતિના સભ્યો તરફથી આવેલા ઠરાવો હાથ ધરવામાં આવશે.

(૬) **કલમ દશમાંથી** "સ્થાયી સમિતિની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી એક વાર અનુકુળ સ્થળે બોલાવવી" એ પંક્તિ કાઢી નાખવી.

(૭) કલમ અગીઆર નીચે પ્રમાણે રાખવીઃ—

**સ્થાયી સમિતિઃ**—અખિલ હિન્દ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિમાં મુંબઇમાંથી ચુંટાયેલા સભ્યો તથા સદરહુ સમિતિના બીજા વિભાગોમાંથી ચુંટાયેલા જે સભ્યો મુંબઈમાં રહેતા હશે અથવા હાજર હશે તેઓની એક સ્થાયી સમિતિ બનશે અને તે સ્થાયી સમિતિ કોન્ફરન્સનું તેમજ અખિલ હિન્દ જૈન શ્વે. કોન્ફરન્સ સમિતિને સોંપાયેલ દરેક કાર્ય કરશે અને અખિલ હિંદ જૈન શ્વેતાંબર કોન્ફરંસ સમિતિના ઠરાવોનો અમલ કરશે આ સમિતિ અખિલ હિન્દ જૈન શ્વે. કોન્ફરન્સ સમિતિને આધિન રહી કાર્ય કરશે.

છેલ્લા અધિવેશનના પ્રમુખ આ સ્થાયી સમિતિના પ્રમુખ તરીકે કાર્ય કરશે અને પોતે જ્યારે જ્યારે હાજર રહી શકે તેમ ન હોય ત્યારે ત્યારે સ્થાયી સમિતિની સભાનું કામકાજ ચલાવવા માટે સ્થાયી સમિતિના સભ્યોમાંથી એક સભ્યની સ્થાયી ઉપ-પ્રમુખ તરીકે નિમણુંક કરશે.

મુખ્ય મંત્રીઓ સદરહુ સમિતિના મંત્રીઓ ગણાશે. આ સ્થાયી સમિતિ પોતાના કામકાજ કરવાના પેટા-કાનુનો ઘડી કાઢશે.

**(૮) કલમ બાર નીચે પ્રમાણે રાખવી.**

**મુખ્ય મંત્રીઓઃ**—અધિવેશન વખતે નીમાયેલ અખિલ હિન્દ જૈન શ્વે કોન્ફરન્સ સમિતિમાંથી મુંબઇમાં રહીને કાર્ય કરી શકે તેવા બે મુખ્ય મંત્રીઓની નિમણુંક બેઠક વખતે કરવામાં આવશે.

મુખ્ય મંત્રીઓમાંથી કોઇનું પણ રાજીનામું આવે અથવા બીજી રીતે કામકાજ કરવા અશકત બને તો મુંબઇની સ્થાયી સમિતિ અધિવેશન અથવા તો અખિલ હિંદ જૈન શ્વે. કોન્ફરન્સ સમિતિની બેઠક મળે ત્યાં સુધી માટે કામચલાઉ નિમણુંક કરશે.

**ચાલુ બંધારણની કલમ ૧૩ પછી નીચેની નવી કલમ ઉમેરવી.**

(૯) **શિસ્તભંગઃ**—જે કોઇ અખિલ હિંદ જૈન શ્વે. કોન્ફરન્સ સમિતિનો અથવા સ્થાયી સમિતિનો સભ્ય કોન્ફરન્સના હિતની વિરૂદ્ધ વર્તે છે કે પ્રવૃત્તિ કરે છે એમ માનવાને સ્થાયી સમિતિને કારણ મળશે તે વ્યક્તિને સ્થાયી સમિતિ તેને તેવા સભ્ય તરીકે રદ કરી શકશે.

જે પ્રાંતિક કે સ્થાનિક સમિતિ જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉદ્દેશ, ઠરાવો કે પ્રવૃત્તિને બાધક પ્રવૃત્તિ કરી રહી છે એમ માનવાને સ્થાયી સમિતિને કારણ મળશે તો તે સમિતિને સ્થાયી સમિતિ અમાન્ય કરી શકશે.

જે કોઇ જૈન સંસ્થા, સભા કે મંડળ જૈન શ્વેતાંબર કોન્ફરન્સના વિરોધી છે એમ માનવાને સ્થાયી સમિતિને કારણ મળશે તો તે સંસ્થાનો કોન્ફરન્સના અધિવેશનમાં પ્રતિનિધિ મોકલવાનો હક્ક સ્થાયી સમિતિ રદ કરી શકશે.

દરખાસ્તઃ—શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, બી. એ. એલએલ. બી; સોલિસિટર, મુંબઇ

ટેકોઃ—શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઇ, બી. એ. એલએલ. બી; એડવોકેટ, મુંબઇ.

## ઠરાવ ૧૩ મો.

**સ્થાનિક સમિતિઓ.**

કોન્ફરન્સના બંધારણાનુસાર સ્થળે સ્થળે સ્થાનિક સમિતિઓ ઉભી કરવાનું ઠરાવવામાં આવે છે.

—પ્રમુખસ્થાનેથી.

## ઠરાવ ૧૪ મો

કોન્ફરન્સનું પ્રચારકાર્ય સતત્ ચાલુ રાખે અને ઐક્ય સાધનાને મદદકર્તા થઇ શકે એવા સાત ગૃહસ્થોની એક સમિતિ ચુંટવાની સત્તા પ્રમુખશ્રીને આપવામાં આવે છે. એ સમિતિએ આખા હિંદમાં વખતોવખત પ્રવાસ કરી કોન્ફરન્સનું પ્રચાર કાર્ય અને ઐકયનું કાર્ય કરવું.

દરખાસ્તઃ—શ્રી. મોતીલાલ વીરચંદ શાહ સોલાપુર

ટેકોઃ—શ્રી. ભગવાનદાસ હરખચંદ શાહ મુંબઇ

અનુમોદનઃ—શ્રી. ભોગીલાલ નગીનદાસ શાહ ઉંઝા

„ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ ભાવનગર

„ શ્રી. ઉજમશી જીવરાજ થાન

## ઠરાવ ૧૫ મો

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ કાર્યાલયના સંવત્ ૧૯૯૦ થી ૧૯૯૬ પર્યન્તના નિવેદન અને હિસાબને આ અધિવેશન બહાળી આપે છે.

—પ્રમુખસ્થાનેથી.

## ઠરાવ ૧૬ મો.

(ક) કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી તરીકે શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, બી. એ. એલએલ. બી; સોલિસિટરે અતિ ઉલટ અને ઉત્સાહથી અવિરત પરિશ્રમ લઇ કોન્ફરન્સના કાર્યને વિધવિધ દિશામાં વિકસાવવા, પોષવા અને સમૃદ્ધ કરવા જે પ્રસંશનીય પ્રયત્નો કરી અમૂલ્ય સેવાઓ બજાવી છે તેની નોંધ આ કોન્ફરન્સ અત્યંત આભારપૂર્વક લે છે.

(ખ) રાવસાહેબ શેઠ કાંતીલાલ ઇશ્વરલાલ જે. પી. એ આપણી કોન્ફરન્સના મહામંત્રી તરીકે કેળવણી પ્રચાર, સંપ આદિ ક્ષેત્રમાં વેગ આપવા જે પ્રોત્સાહન અને ઉત્કટ સેવા અર્પી છે તે બદલ તેઓને આ અધિવેશન અભિનંદન અર્પે છે.

(ગ) શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢા, શ્રીયુત મુલચંદ આશારામ વૈરાટી અને શ્રીયુત બહાદુરસિંહજી સિંઘી તેમજ સ્થાયી સમિતિના નિવૃત્ત થતા કોન્ફરન્સના અધિકારીઓની સેવાઓની નોંધ સહર્ષ લેવામાં આવે છે.

દરખાસ્તઃ—શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઈ બી. એ. એલએલ. બી; એડવોકેટ મુંબઇ

ટેકોઃ—શ્રી. ભગવાનદાસ હરખચંદ શાહ લિંબડી

## ઠરાવ ૧૭ મો.

(ક) કોન્ફરન્સની "અખિલહિંદ જૈન શ્વે. કોન્ફરન્સ સમિતિ"ની નિમણુંક કરી.

(ખ) શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના મુખ્ય મંત્રીઓ તરીકે-

(૧) શેઠ વીરચંદ પાનાચંદ શાહ બી. એ. (મુંબઇ) અને

(૨) ડૉ. ચીમનલાલ નેમચંદ શ્રોફ, એમ. બી બી. એસ; ડી. ઓ. એમ. એસ. (મુંબઇ) ની નિમણુંક કરવામાં આવે છે.

(ગ) "અખિલહિંદ જૈન શ્વે. કોન્ફરન્સ સમિતિ" માં બંધારણાનુસાર બાકી રહેલા પ્રાંતોના સભાસદોની ચુંટણી કરવા આ અધિવેશન મુખ્ય મંત્રીને અધિકાર આપે છે.

—પ્રમુખસ્થાનેથી.

# શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના

## પંદરમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી

## પારેખ છોટાલાલ ત્રીકમલાલ વકીલનું

# ભાષણ

**વ્હાલા સ્વધર્મી ભાઇઓ તથા બહેનો અને માનવંતા મહેમાનો.**

આ અધિવેશનના પ્રમુખ તરીકે મારી વરણી કરવા માટે સ્વાગત સમિતિનો તથા એ વરણી સ્વીકારવા માટે આપ સર્વ પ્રતિનિધિઓનો કેવળ ઉપચારથી નહિ પણ અન્તઃકરણના સાચા ભાવથી હું ઉપકાર માનું છું.

**અંગત કથા—**

આ વરણી સંબંધમાં અહિં કાંઇક કહેવું હું ઉચિત સમજું છું. અગાઉનાં અધિવેશનોના પ્રમુખોની શ્રીમન્તાઇ, શક્તિ, સાધન અને સ્થાન વિગેરેની યોગ્યતાનો વિચાર કરતાં મારામાં એવી કશી પણ યોગ્યતા નથી. હું તો એક સાધારણ સ્થિતિ, બુદ્ધિ અને શક્તિવાળો અદનો માણસ છું. હું વિદ્વાન પણ નથી; ફક્ત ડીસ્ટ્રીક્ટકોર્ટનો વકીલ છું. મારી જીંદગીનો મોટો ભાગ મેં મારા વતન વીરમગામમાં ગાળેલ છે. અને છેલ્લા સાત વર્ષથી હું અમદાવાદમાં વકીલાત કરૂં છું. મારા ધર્મિષ્ઠ પિતા કે જેમનો હું અનેકશઃ રૂણી છું તેમણે મને જે કેટલાક સારા સંસ્કાર આપેલા તે મારી મુડી છે. અને તેનાથી આપ જે કાંઈ મને જુઓ છો તે હું છું. સમાજના વિવિધ પ્રશ્નોમાં મને રસ છે અને આપણી કૉન્ફરન્સ સંસ્થા પ્રત્યે મને મમત્વ અને પક્ષપાત છે, અને મારામાં શુભનિષ્ઠા, મધ્યસ્થતા તથા કાંઇક હીંમત છે એમ સમજીને કંઇક તટસ્થ રહેલા વર્ગના પ્રતિનિધિ તરીકે મને આ સ્થાન માટે પસંદ કરવામાં આવ્યો હશે, એમ હું માનું છું. અને તે વર્ગના એક સામાન્ય પ્રતિનિધિ તરીકે હું મારા વિચારો રજુ કરવા પ્રયત્ન કરીશ અને તમારી પસંદગીને હું યોગ્ય નીવડું એવી સારી પ્રાર્થના છે. મારી મર્યાદાઓનું મને પુરૂં ભાન છે, અને તેનો વિચાર કરતાં આવું મહત્વવાળું સ્થાન સ્વીકારવું એ મારા માટે એક મોટું સાહસ જ ગણાય. પણ આ પદ સ્વીકારવાનું જ્યારે મને આગ્રહપૂર્વક આમંત્રણ કરવામાં આવ્યું ત્યારે મેં એટલો જ વિચાર કર્યો કે આ સ્થાનની જવાબદારીને પહોંચી વળવા માટે મારામાં પુરી લાયકાત છે કે નહિ એ વિચારને બાજુએ રાખીને કોઈ પણ દિશાએથી સેવાની માંગણી જ્યારે આવી ઉભી છે, ત્યારે મારે મારી શક્તિ અનુસાર સેવા આપવીજ જોઇએ એમ સમજીને તેમજ માણસ માત્ર અલ્પ છે, છતાં શુભ નિષ્ઠા, શુભ પ્રયત્ન અને અનેક ભાઇ બહેનોના સહકાર વડે અનેક સારાં પરિણામો નિપજાવવામાં અલ્પલેખાતી વ્યક્તિ પણ બળવાન નિમિત્ત બની શકે છે એવી શ્રદ્ધાથી મેં આ જવાબદારીનો સ્વીકાર કરેલ છે. હું આપ સર્વ પાસે માંગણી કરૂં છું અને આશા રાખું છું કે આપ સર્વ મારી ઉણપોને નિભાવી લેશો અને મારી ફરજ બજાવવામાં મને પુરો સહકાર આપશો. મારી ફરજ યોગ્ય અને સંતોષકારક રીતે બજાવવામાં જોઇતી બુદ્ધિ, શક્તિ અને અનુકૂળતા મને અર્પે એવી શાસનદેવ પ્રત્યે હું પ્રાર્થના કરૂં છું. મારા અને આપ સર્વના સહકારી પ્રયત્નોના પરિણામે કેટલાક સમયથી ડુબી રહેલું કૉન્ફરન્સનું નાવ ઉંચું આવે, આજની નિષ્ક્રિયતા અને ઉદાસીનતા દૂર થાય અને કૉન્ફરન્સ એક પ્રાણવાન સંસ્થા બનીને સમાજને પ્રગતિના માર્ગે દોરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરે તો હું તેને મારા જીવનની એક ધન્યમાં ધન્ય ઘડિ માનીશ.

**કૉન્ફરન્સના કારાવાસી કાર્યકર્તાઓ—**

આજના અધિવેશનમાં રાષ્ટ્રીય મહાસભાએ ઉપસ્થિત કરેલી વાણી સ્વાતંત્ર્યને લગતી–સત્યાગ્રહની લડતમાં સામેલ થવા માટે કારાવાસી બનેલા શ્રી. મણિલાલ જેમલ શેઠ અને શ્રી. પોપટલાલ રામચંદ શાહની ગેરહાજરી આપણને ખૂબ જણાઇ આવે તેવી છે. શ્રી. મણિલાલ જેમલ શેઠે તો આ નિંગાળા અધિવેશનને પાર પાડવાની આખી જવાબદારી માથે ઉપાડેલી અને આજે આપણે અહિં મળી શકયા છીએ અને આ અધિવેશન શકય બન્યું છે એ તેમની જ હીંમત અને કાર્ય શક્તિને આભારી છે. શ્રી. પોપટલાલ રામચંદ શાહ મહારાષ્ટ્રના એક સુપ્રસિદ્ધ જૈન કાર્યકર્તા છે અને કૉન્ફરન્સ વિષેનું તેમનું મમત્વ બહુ જાણીતું છે. આ બન્ને ભાઇઓએ આપણી કૉન્ફરન્સ કરતાં પણ અતિ મહાન સંસ્થાના આદેશને માન આપીને જેલવાસ સ્વીકાર્યો છે તેમને આપણે જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે.

**કૉન્ફરન્સની ઉત્પત્તિ અને ભૂતકાળ—**

હવે આપણે આપણી કૉન્ફરન્સનો વિચાર કરીએ. આ કૉન્ફરન્સની ઉત્પત્તિ ઈ. સ. ૧૯૦૨ માં એટલે આજથી ૩૮ વર્ષ પહેલાં થયેલી છે. આ કૉન્ફરન્સનું

પ્રથમ અધિવેશન મારવાડમાં ફળોધી તીર્થ ખાતે આ કૉન્ફરન્સના પિતા સમાન લેખાતા શ્રી. ગુલાબચંદજી ઢઢ્ઢાની રાહબરી નીચે ભરવામાં આવેલું ત્યાર બાદ ઉત્તરોત્તર વધારે ને વધારે ભવ્ય અધિવેશનો ભિન્ન ભિન્ન સ્થળે ભરાયાં અને તેમાં તે વખતના આગેવાન શેઠીઆઓ તેમજ વિદ્વાનો સારા પ્રમાણમાં ભાગ લેતા. આ સંસ્થા શરૂઆતનાં વર્ષોમાં સારા પ્રમાણમાં ફાલી ફુલી છે અને જૈન સમાજમાં સારૂં સ્થાન મેળવ્યું છે. અધિવેશન પ્રસંગે પ્રતિનિધિઓ તેમજ પ્રેક્ષકો સારી સંખ્યામાં હાજર થતા તેમજ મોટી મોટી રકમની સખાવતો જાહેર કરવામાં આવતી. આમ એક વખત આ કૉન્ફરન્સની સંસ્થાનું આખા 'જૈન સમાજ ઉપર સારૂં પ્રભુત્વ હતું અને સમાજને પણ આ સંસ્થા ખૂબ ઉપયોગી સેવા આપતી.

## કોન્ફરન્સની આજની પરિસ્થિતિ—

આજે એ સ્થિતિ રહી નથી. આજે કૉન્ફરન્સ વિષે લોકોનો ઉત્સાહ અતિ મન્દ દિસે છે. કેટલાક સ્થળોએ કૉન્ફરન્સના પ્રશ્ન ઉપર પક્ષો પડી ગયા છે. કૉન્ફરન્સનાં અધિવેશનો બહુ જ લાંબા ગાળે ભરાય છે. આ અધિવેશનો ભરવા માટે બહુ જ ઓછાં સ્થળો ઉત્સુક જોવામાં આવે છે. આજે મુંબઇની કાર્યવાહી સમિતિ મુંબઈમાં અવાર નવાર મળે છે અને કૉન્ફરન્સને જીવતી રાખે છે. તેની ચાલુ પ્રવૃત્તિઓમાં પણ એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષાઓ અને કેળવણી પ્રચાર સમિતિ તરફથી કેટલાંક કેન્દ્રોનો કેળવણીના કાયદા માટે અપાતી મદદો અને ગ્રાહકોની પુરતી સંખ્યાના અભાવે મોટી ખોટ આપતું 'જૈન યુગ' જેવું એક સાધારણ પાક્ષિક પત્ર સિવાય બીજું કશું વિશેષ જોવામાં આવતું નથી. આવી સ્થિતિએ પહોંચવાના કારણોની વિગતમાં હું ઉતરવા નથી માંગતો કારણ કે એવી દોષવહેંચણી વિના કારણની ચર્ચા અને તકરાર ઉભી કરે એવો ભય રહે છે. પણ આજે આ સ્થિતિ છે. હવે આપણે શું કરવું છે? આ સંસ્થાને આપણે ચલાવવી છે કે બંધ કરવાની છે? આ સંસ્થામાં સમાજને પ્રગતિના માર્ગે લઇ જવા માટે કશી ઉપયોગીતા રહી છે કે નહિ? સમાજને આ સંસ્થાની જરૂર છે કે નહિ? આ બધા પ્રશ્નોનો નીકાલ લાવવા આજે આપણે આટલા લાંબા ગાળે એકત્ર થયા છીએ.

ધાર્મિક, સામાજીક અને શિક્ષણ આદિ સંબંધી પ્રશ્નોનો વિચાર કરનારી અને તેને જૂની ઢબે અમલમાં મૂકનારી સ્થાનિક સંસ્થાઓ હતી. છતાં નવીન રાજતંત્ર અને નવીન યુગને પરિણામે નવેસરથી ઊભા થતા પ્રશ્નો વિચારવા અને સામાન્ય લોકમત કેળવવા તથા જૂની સંસ્થાઓમાં આવશ્યક નવું વિચાર બળ મેળવવાના હેતુથી કોન્ફરન્સની સ્થાપના થયેલી. અને તે જરૂરીયાત હજુ જેવીને તેવી જ છે એટલું જ નહીં પણ વધારે છે.

વળી કૉન્ફરન્સની હસ્તિ બીજી રીતે પણ જરૂરી છે. કેમકે તેમાં પ્રાન્ત, જ્ઞાતિ, ભાષા, ગચ્છ અને તેવા બીજા કશા ભેદને અવકાશ ન હોવાથી મૂર્તિપૂજક માત્ર મળી શકે છે. કૉન્ફરન્સ સિવાય આખા શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજને ગમે તે પ્રશ્ન પરત્વે એકત્ર મળવાની તક આપે એવી કોઇ બીજી સંસ્થા હસ્તીમાં ન હતી અને નથી.

કૉન્ફરન્સની હસ્તી જૂના તથા નવા બળોના જરૂરી મિશ્રણની પ્રતીકરૂપ હોવાથી એના વિષે અનાદર, ઉપેક્ષા કે વિરોધ ધારણ કરવો કોઇપણ જૈનને માટે યોગ્ય નથી.

આમ તર્કને આગળ રાખીને વિચારીએ તો સૌકોઇ કબુલ કરશે કે આવડો મોટો જૈન સમાજ અને તેના અનેક અંગત પ્રશ્નો—આવા સમાજના પ્રતિનિધિઓ અવારનવાર મળે અને જૈન સમાજને લાગુ પડતા પ્રશ્નોનો યોગ્ય વિચાર કરે, તે સંબંધમાં જરૂરી યોજનાઓ ઘડીને તેનો અમલ કરે એ જેટલું ઈષ્ટ છે તેટલું જ આવશ્યક છે. પણ આટલા તર્ક કે વિચારથી કોઈ સંસ્થા પ્રાણવાન બની શકતી નથી. એ માટે તો એ સંસ્થાના કાર્યને આગળ ધપાવવા માટે **સમય તેમજ શકિતનો પુરો ભોગ આપતા—સમાજના વિશ્વાસપાત્ર કાર્યકર્તાઓ જોઇએ.** આપણી મોટામાં મોટી ત્રુટિ અહિંજ છે. આપણને સ્થાનિક કાયકર્તાઓ મળી શકે છે, પણ કોન્ફરન્સનો ગામેગામ પ્રચાર કરવા માટે માત્ર એક જ કામને વરેલા કાર્યકર્તાઓનો આપણે ત્યાં અભાવ છે. આવા કાર્યકર્તાઓ મેળવવાની સંભાવના રાખી શકાતી હોય તો આ સંસ્થાને જીવતી રાખવાનો અર્થ છે; નહિ તો જે છે તેની તે સ્થિતિમાં આ સંસ્થા ચાલ્યા કરે તેનો નારી દૃષ્ટિએ મને બહુ અર્થ દેખાતો નથી. કૉન્ફરન્સની માત્ર બુદ્ધિથી સ્વીકારાયેલી ઉપયોગીતા એક વસ્તુ છે; તેને ગતિમાન અને પ્રાણવાન કરે તેવા કાર્યકર્તાઓ મેળવવા બીજીજ વસ્તુ છે. આજે આપણે નિંગાળા જેવા એકાન્ત શાન્ત સ્થળે ઘણા લાંબા વખતે એકત્ર થયા છીએ. આજે આપણી સામે કોઇ તકરારી પ્રશ્ન કે વિષય નથી. આ કૉન્ફરન્સમાં સૌ કોઇ સરળતાથી ભાગ લઇ શકે તે માટે આ કૉન્ફરન્સમાં ચર્ચવાના વિષયોની પણ મર્યાદા બાંધવામાં આવી છે. આજે એકત્ર થયેલા ભાઈ બહેનો કોઈ એકજ પક્ષના કે વર્ગના છે એમ માનવાને કારણ નથી. આજે આપણે સૌ નિખાલસપણે ચર્ચા કરીએ; આજે આપણે સંસ્થાની કંગાલ સ્થિતિ કબુલ કરીએ; આજે આપણા પૂર્વગ્રહોને આપણે બાજુએ મુકીએ, આપણે જ્યાંથી ભૂલ્યા ત્યાંથી ફરીને ગણીએ; આપણી શક્તિ મર્યાદા વિષે પણ આત્મવંચના ન કરીએ; આપણી સંસ્થાની જીવનદોરી લંબાવવી કે નહિ અને

તેને પ્રાણવાન બનાવવી કે નહિ તેનો વિચાર કરીએ. એક બાબતનો નિશ્ચય કરીએ કે આજની રગશીઆ ગાડા જેવી કૉન્ફરન્સની સંસ્થાનો અન્ત આવવો જ જોઈએ. કાંતો બંધ કરીએ; કાંતો ત્વરિત્ ગતિએ આગળ ચલાવીએ.

### બંધારણનો પ્રશ્ન—

આ વિચાર કરતાં આપણી સંસ્થાના બંધારણનો પ્રશ્ન પણ સામે આવીને ઉભો રહેશે. એ બંધારણ કાળ જુનું છે. તે બંધારણની આખી રચના સંઘને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી છે. આજે કેટલા સંઘો પોતપોતાના પ્રતિનિધિઓ ચુંટીને મોકલે છે? વળી આ સંઘો કૉન્ફરન્સના કરેલા ઠરાવોનો અમલ કરવાને બંધાયલા છે ખરા ? આ સંઘો રીતસર ચુંટીને પ્રતિનિધિઓ ન મોકલતા હોય તો તેમના સ્થાને બીજી કોઇ રચના કરવાની જરૂર છે, કે નહિ ? આવી કોઇ નવી રચના સ્વીકારવામાં આવે તો તેનો અમલ કરવા માટે શું અને કેવો પ્રબંધ થઇ શકે તેમ છે ? આ કૉન્ફરન્સના અસ્તિત્વ અને આયુષ્ય સાથે નિકટ સંબંધ ધરાવતી આવી અનેક બાબતોનો આજે આપ સર્વ પ્રતિનિધિઓએ નિર્ણય કરવાનો છે. મારા ભાગે જે કાંઈ જવાબદારી આવશે તેને પહોંચી વળવાને હું તૈયાર છું, પણ એક પ્રમુખથી કોઈ સંસ્થા પ્રાણવાન બની શકતી નથી. તે માટે તો આપ સર્વનો પુરો સહકાર જોઇએ. એ આપવા આપ સર્વ તૈયાર છો ? આપ ફોગટની હા પાડો એ હું જરા પણ નથી માંગતો. એ કરતાં આપણી આજની કમજોરી કબુલ કરીએ અને આ સંસ્થાને હાલ તુરત બંધ કરવાનો નિર્ણય કરીએ એ વધારે ઇચ્છિવા યોગ્ય છે. એવા નિર્ણયથી હું નારાજ નહિં થાઊં. અહિં એકમેકને ખોટો સધિયારો આપીએ અને અહિંથી છુટા પડતાં તમે તમારે ઘેર અને હું મારે ઘેર એ સ્થિતિ કરતાં સંસ્થાનું પ્રામાણિક વિસર્જન વધારે આવકારદાયક છે. આવા વિસર્જનથી હું જરા પણ નાખુશ થઇશ એમ આપ ન માનશો. કારણ કે એવા વિસર્જનમાંથી પણ ઘણી વાર કોઇ પ્રાણવાન સંસ્થા ઉભી થાય છે એવો મારો અનુભવ છે.

### કેળવણીનો પ્રશ્નઃ કેળવણી પ્રચાર સમિતિ—

આપણા અધિવેશન સમક્ષ ત્રણ બાબતો મુખ્યપણે ચર્ચવાની છે. તેમાંથી બંધારણનો પ્રશ્ન આપણે વિચાર્યો. હવે કેળવણી પ્રચારનો પ્રશ્ન વિચારીએ, આ સંબંધમાં કૉન્ફરન્સની કાર્યવાહક સમિતિ તરફથી એક યોજનાનો અમલ થઇ રહ્યો છે અને તે યોજનાએ પોતાના મર્યાદિત પ્રદેશમાં સારૂં અને સ્તુતિપાત્ર કામ કર્યું હોય એમ તેના વૃત્તાન્ત ઉપરથી માલુમ પડે છે. આ યોજના શ્રીમાન કાન્તિલાલ ઈશ્વરલાલની રૂ. ૨૫૦૦૦) ની ઉદાર સખાવત ઉપર ઉભી કરવામાં આવી હતી. આ રકમ હવે લગભગ ખલાસ થવા આવી છે અને તેથી જો વિશેષ સહાયતા ન મળે તો ચાલુ વર્ષ સાથે એ યોજના બંધ કરવી પડે તેમ લાગે છે. જૈન કોમના શ્રીમાનોનું આ બાબત તરફ હું ખાસ ધ્યાન ખેંચવાની રજા લઉ છું. આજે એ કેળવણી પ્રચાર સમિતિ તરફથી પચ્ચાસ સ્થાનિક સમિતિઓ ઉભી કરવામાં આવી છે તેમાં પચ્ચીસ સમિતિઓ પુરા વેગથી કાર્ય કરી રહી છે. અને પ્રસ્તુત યોજનાનો પુરો લાભ ઉઠાવી રહી છે. આ યોજનાના વિસ્તાર પાછળ કૉન્ફરન્સનો પણ વ્યાપક પ્રચાર સમાયલો છે.

### શિક્ષણ સંસ્થાઓનો માહીતી સંગ્રહ—

આ ઉપરાંત કેળવણીની દિશાએ બીજું ઘણું કરવા યોગ્ય છે અને થઈ શકે તેમ છે. આપણે ત્યાં કેળવણીની અનેક સંસ્થાઓ કામ કરી રહી છે. કેટલીક સંસ્થાઓ વિદ્યાર્થીઓને કેવળ રહેવા ખાવાની સગવડો આપે છે, કેટલીક માત્ર શિક્ષણ પ્રદાનનું કાર્ય કરે છે, જ્યારે એવી પણ કેટલીક સંસ્થાઓ છે જે બન્ને કાર્ય કરે છે. આ ઉપરાંત જુદા જુદા ક્ષેત્રમાં ભણતા વિદ્યાર્થીઓને મદદ આપવા માટે કેટલીક શિષ્યવૃત્તિઓનાં ફંડો પણ પડેલાં છે. આ બધાંની વિગતવાર માહીતી આપતું પત્રક કૉન્ફરન્સ તૈયાર કરાવે એટલું જ નહિ પણ આ બધી સંસ્થાઓને કેન્દ્રિત કરે એવું કોઈ તંત્ર ઉભું કરવામાં આવે તો તેથી કોમની બહુ ઉપયોગી સેવા થઈ શકે તેમ છે.

### ઔદ્યોગિક શિક્ષણ—

આપણી સામે ઔદ્યોગિક શિક્ષણનો પ્રશ્ન અણઉકેલ્યો પડેલો છે. આપણી કોમનો મુખ્ય વ્યવસાય વ્યાપાર છે. આપણી કોમના અનેક શ્રીમાનો હસ્તક અનેક કારખાનાંઓ, મીલો તેમજ ફેક્ટરીઓ ચાલે છે પણ તે પાછળ આપણી દૃષ્ટિ વ્યાપારની છે. તે કારખાનાંઓ ચલાવનાર બીજા જ કોઈ હોય છે. તેમાં મજુરી કરનાર પણ જૈનેતરો હોય છે. એનો અર્થ એ થયો કે ઉદ્યોગ શિક્ષણની બાબતમાં આપણે તદ્દન પછાત છીએ. આ બાબત આપણે ખુબ વિચારવા જેવી છે. કાળ બદલાતો ચાલે છે. વ્યાપારનું સ્થાન ઉદ્યોગ લઈ રહેલ છે અને મેતાનું સ્થાન મજુર લઇ રહેલ છે. વ્યાપારી અને મેતાનો જીવનકલહ વધારેને વધારે કષ્ટમય બનતો જાય છે; યંત્રસંચાલક અને મજુરનો રોટલો સહીસલામત છે. આપણી પ્રજાને હવે ઉદ્યોગ અને હાથમજુરી તરફ વાળવાની ખાસ જરૂર છે. આ દિશાએ વર્ધાયોજના ખાસ વિચારવા જેવી છે. વહેલું મોડું દેશના સમગ્ર શિક્ષણને તે દિશા તરફ વળ્યા સિવાય છુટકો નથી. આપણા શ્રીમાનો આ ધોરણ ઉપર નવી નવી શિક્ષણ સંસ્થાઓ ઉભી કરવાને ઉદ્યુક્ત બને તો જૈન સમાજને તેમજ આખા દેશને કેટલો લાભ થાય ?

## ધાર્મિક શિક્ષણ—

ધાર્મિક શિક્ષણ ખાસ આજે શોચનીય સ્થિતિમાં પડેલું છે. તે વિષયમાં જનતાનો રસ ઘટતો જાય છે. ધર્મસાહિત્ય આપણો અમૂલ્ય ખજાનો છે. કેટલાંય વર્ષો પહેલાં એક વખત કાશીમાં યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા આ ક્ષેત્રમાં સારૂં કામ કરતી હતી. આજે એવી કોઇ સંસ્થા અસ્તિત્વ ધરાવતી નથી. પ્રાચીન માગધી તેમજ સંસ્કૃત ભાષા તેમજ સાહિત્યના અધ્યયનને ઉત્તેજન આપવાની ખાસ જરૂર છે. અમદાવાદ કે એવા કોઈ મધ્યવર્તી સ્થળે આવી કોઈ સંસ્થા ઉભી થઇ ન શકે ?

## ખરી કેળવણી કઈ ?—

જૈન ધર્મની સંસ્કૃતિનું મૂળ અહિંસા, સંયમ અને તપ છે. આ સંસ્કૃતિને વફાદાર રહેનારી કેળવણી એ જ ખરી કેળવણી છે. તે સિવાય પશ્ચિમની ઉછીની લીધેલી કેળવણીપદ્ધતિથી આપણો કદિ ઉદ્ધાર થવાનો નથી. વિવેક વગરના અનુકરણથી મનુષ્યમાં રહેલ સહજ શક્તિનો વિકાસ થતો નથી પણ નાશ થાય છે. આજે કેળવણી અને કળાના નામે આપણી ખોટી હાજતો અને વિલાસિતાનું પોષણ થાય છે અને તેથી આત્માનો અધઃપાત થાય છે. તે કેળવણી કે કળા નથી પણ તેનો આભાસ માત્ર છે.

## બેકારી—આગળની સ્થિતિ—

આપણી જૈન પ્રજા વ્યાપારી પ્રજા છે. જુના કાળથી માંડીને હિંદુસ્થાનનો મોટો વ્યાપાર જૈનોના હાથમાં હતો. વ્યાપાર અર્થે જૈન વ્યાપારીઓ વહાણો ભરીને પરદેશ જતા અને અઢળક સંપત્તિ આ દેશમાં લઈ આવતા. નાના મોટા ગામોમાં વસતી જૈન પ્રજા મોટા ભાગે ખેડુતોને અને બીજાઓને નાણાં ધીરવાનું કામ કરતી હતી અને મોટા શહેરોમાં શરાફીનું કામકાજ કરતી હતી.

## આજની પરિસ્થિતિ—

હવે હાલની સ્થિતિનો વિચાર કરીએ તો માલુમ પડે છે કે આપણો ઘણો ખરો વ્યાપાર બીજાઓના હાથમાં ગયો છે. અને દિવસે દિવસે આપણી પ્રજાની બેકારી વધતી જાય છે. ગામડાંઓના જે જૈન વ્યાપારીઓ મહાજન અને પ્રતિષ્ઠિત શાહુકાર ગણાતા હતા તેઓ આજે નિર્ધન અને કંગાળ હાલતમાં આવી ગયા છે. ગામડાઓનો ધંધો ભાંગી પડયો છે. અને તેથી બેકારોની સંખ્યા વધી ગઇ છે. હું વીસથી પચ્ચીશ હજારની વસ્તીવાળા એક ગામનો વતની છું. અને તાલુકામાં જ મોટે ભાગે મેં વકીલાત કરી છે. ઉપર વર્ણવેલી સ્થિતિ માત્ર કાલ્પનિક નથી પણ મારા અનુભવની છે.

## દક્ષિણ ખેડુત રાહત કાયદો—

દક્ષિણ ખેડુતરાહતનો કાયદો જે પહેલાં માત્ર મુંબઈ ઇલાકાના દક્ષિણ વિભાગને જ લાગુ પડતો હતો તે સને ૧૯૦૫ ની સાલથી ઉત્તર વિભાગને લાગુ પાડવામાં આવ્યો છે અને તેથી વ્યાપારીઓને ખૂબ નુકશાન વેઠવું પડયું છે અને ધીરધારનો ધંધો કમી થતો ગયો છે. તેમાં વળી છેલ્લાં દશ વર્ષથી તો અનિયમિત અને ઓછા વરસાદને લીધે ખેતીનો પાક ઘણો ઓછો ઉતરે છે અને તેથી ખેડુતોની સ્થિતિ બગડેલ છે અને તેના પરિણામે લેણદારોની સ્થિતિ પણ ઘણી જ બગડેલી છે. વળી વ્યાપારમાં પણ કંઈ કસ રહ્યો નથી. મોટી મોટી દેશી અને પરદેશી પેઢીઓએ નાના વ્યાપારીઓનો વ્યાપાર ભાંગી નાખ્યો છે. આજે અનેક ધંધાઓ પાયમાલ થયા છે અને ખર્ચો ઘટવા જોઇએ તે હાલના જમાનાની અસરના લીધે ઘટી શકયા નથી. આનું પરિણામ બહુ દુઃખદ આવ્યું છે. નાનાં ગામડાંઓના જૈન વ્યાપારીઓ ભાંગી ગયા છે અને મોટા ગામના વ્યાપારીઓને કાંઇક ધંધો રહ્યો છે તો તેની સાથે જ્યાં ત્યાં સટ્ટો ચાલુ થઇ ગયો છે. આનું પરિણામ વધારે ને વધારે પાયમાલીમાં આવી રહ્યું છે.

જૈન ભાઇઓની વસ્તીનો મોટો ભાગ ગરીબ સ્થિતિનો છે અને તેમની સ્થિતિ એજ જૈન સમાજની સ્થિતિની સાચી પારાશીશી છે. અમદાવાદ, સુરત, મુંબઇ કે કલકત્તા જેવા મોટા શહેરોમાં જે ધનિક જૈનો વસે છે તે વસતીના પ્રમાણમાં ગણ્યા ગાંઠ્યા છે અને તેમનાથી જૈનોની સ્થિતિનો ખ્યાલ કરવો તે ભુલભર્યો છે. વળી આજે અશિક્ષિત માફક શિક્ષિત બેકારોની સંખ્યા પણ મોટી છે અને તેમનો પ્રશ્ન પણ ભારે મુંઝવનારો છે.

આ બેકારી બીજી કોમોમાં પણ વ્યાપેલી છે એ ખરૂં પણ આપણી કોમ એકલી વ્યાપારી કોમ. શારીરિક મહેનત મજુરી તરફ આપણું મૂળથી દુર્લક્ષ્ય છે અને આપણી રહેણી કરણી બીજા કરતાં વધારે ખર્ચાળ છે તેથી આપણી કોમના ભાઈઓ બેકારીના વધારે ભોગ થઇ પડ્યા છે. માટે દેશની સર્વસામાન્ય સ્થિતિ ઉપરાંત આપણી કોમની આ વિશેષ હકીકત બેકારી ટાળવાના બળવત્તર ઉપાયો માંગી રહેલ છે.

## બેકારી નિવારણના ઉપાયો—

બેકારી નિવારણ માટે કોઈને કોઈ વ્યવહારૂ પગલાં લેવાની જરૂર છે. ફક્ત ઠરાવો કર્યે કશો સુધારો થવાનો નથી. આ દિશાએ જૈન મીલમાલેકો કે મોટી પેઢીવાળાઓ અથવા તો એવા લોકો કે જેમના ધંધાઓમાં બીજાઓને રાખવાનો અવકાશ હોય તેવા જૈન ગૃહસ્થોનું લીસ્ટ તૈયાર કરવું જોઇએ અને તે સર્વના ઉપર બને તેટલા જૈનોને ગોઠવવાનું દબાણ લાવવું જોઇએ. ગામડામાં ચાલી શકે તેવા તેમજ વિધવા તથા અસહાય બહેનો રોકાઈ શકે અને બે પૈસા કમાઇ શકે તેવા ગૃહઉદ્યોગોની સ્થળે સ્થળે સ્થાપના કરવી જોઇએ. આ ઉપરાંત જે

બેકાર ભાઈઓને આપણે કામ મેળવી આપી ન શકીએ તેમના જીવનની ઓછામાં ઓછી જરૂરિયાત-અન્ન અને વસ્ત્ર-પુરા પડે એવો કોઈ પ્રબંધ પણ થવો જોઈએ. બેકારીનો પ્રશ્ન ભારે વિકટ છે. અને તેને દેશની પરાધીનતા સાથે બહુ ગાઢ સંબંધ છે તેથી તે પ્રશ્નનો સંગીન અને સાચો નીકાલ લાવવો આજે અશક્ય છે. એમ છતાં પણ એ દિશાએ બને તેટલી રાહત આપવી એ આપણા સર્વનો ધર્મ છે.

## દાનની દિશા બદલો—

આ કેળવણીપ્રચાર કે બેકારી નિવારણની દિશાએ ઠરાવો કે યોજનાઓ આપણને બહુ દૂર લઈ જઈ શકે તેમ નથી. તે બન્ને બાબતમાં આખરે તો દ્રવ્યની જ જરૂર છે અને તે માટે ધનવાનોએ આગળ આવવાની જરૂર છે. જૈન ધનવાનો પોતાની દાન વૃત્તિ માટે જગમશહુર છે; પણ આજે દાનના પ્રવાહો બદલાવાની જરૂર છે. હાલની પરિસ્થિતિ બરાબર ધ્યાનમાં લઇ સમાજનું કલ્યાણ વિશેષ કેમ સધાય અને દાનના સાત ક્ષેત્રો પૈકી કયા ક્ષેત્રોને દાનની વિશેષ જરૂરિઆત છે તેનો ખ્યાલ કરીને તે ક્ષેત્રોમાં દાનનો પ્રવાહ વાળવો જરૂરી અને ઉપયોગી છે. આજે જૈન સમાજનો અનેક રીતે હ્રાસ થઇ રહ્યો છે. સંખ્યા ઘટતી જાય છે; આર્થિક પરિસ્થિતિ બગડતી જાય છે! કેળવણીમાં પણ સારી રીતે પછાત છે. એ સમાજ ક્ષીણ થશે તો ભવ્ય જિનાલયોને કોણ સાચવશે? અને જ્ઞાનભંડારોનો કોણ ઉપયોગ કરશે? માટે આજે તો અન્ય દાનક્ષેત્રોને ગૌણ બનાવીને શ્રાવક અને શ્રાવિકાઓની સ્થિતિ સુધારવા પાછળ જ સર્વ દાન પ્રવાહોનું એકીકરણ થવાની જરૂર છે. પારસી પંચાયત ફંડની યોજના એક નાની સરખી પારસી કોમને કેટલી બધી આશીર્વાદરૂપ બનેલ છે. શું આપણે ત્યાં આવું મોટું ફંડ ઉભું થઇ ન શકે કે જે કોમની કેળવણીની જરૂરિયાતોને બરોબર પહોંચી વળે અને વધતી જતી બેકારીમાં પણ રાહત આપી શકે? જુની દૃષ્ટિ અને ઘરેડવાળાં દાનવીર સાધર્મીભાઇઓને આ બાબતનો યોગ્ય વિચાર કરવા મારી આગ્રહપૂર્વક વિનંતી છે.

## આપણી પક્ષાપક્ષી અને મતભેદો—

આજે આપણો જૈન સમાજ પક્ષાપક્ષી અને મતભેદોથી છિન્નભિન્ન થઈ રહ્યો છે. વિચારભેદ જો પ્રામાણીક અને તન્દુરસ્ત હોય તો તે વડે સમાજ આગળ વધેછે. પણ આપણા મતભેદો એકાએક મનભેદ ઉત્પન્ન કરી બેસે છે. આપણામાં અન્ય વિચાર ધરાવનારાઓ માટે સહિષ્ણુતા નથી, ઉદારતા નથી. આપણામાં દીર્ઘદર્શી, પ્રતિભાશાળી, ઉદાર ચિત્ત અને સમાજનું શ્રેય યાને સેવા કરવાની ધગશ અને ચીવટવાળા આગેવાનોની ખામી છે. હું કોઈ પણ પક્ષનો માણસ નથી, અને કોઈ પણ પક્ષને દોષ દેવા ઇચ્છતો નથી. ફક્ત આજની સ્થિતિનું મને લાગે છે તેવું નિરૂપણ કરવાનો મારો ઉદ્દેશ છે. મને લાગે છે કે આપણામાં વાસ્તવિક વિચારણા કરવા માટે જોઇતું જ્ઞાન અને મધ્યસ્થ વૃત્તિ નહિ હોવાના કારણે સર્વનો ઉદ્દેશ સમાજનું કલ્યાણ કરવાનો હોવા છતાં તે ઉદ્દેશ અસિદ્ધ જ રહે છે અને જ્યારે બીજા સમાજો પોતાની હસ્તી અને ઉત્કર્ષ માટે સંગઠ્ઠન સાધે છે અને પોતાનું કામ આગળ ચલાવે છે ત્યારે આપણે વિષય કષાયના ભોગ બનીને અંદર અંદર પક્ષાપક્ષી અને કલહો ઉત્પન્ન કરીએ છીએ અને પાછા પડીએ છીએ. આ સ્થિતિ ભારે દુઃખ ઉપજાવે તેવી છે. આ યુગ સંગઠ્ઠનનો છે. સંગઠ્ઠન વિનાનો સમાજ ગમે તેટલો સુસંપન્ન અને સમૃદ્ધ હોય તો પણ આજના તીવ્ર સ્થિતિકલહ સામે ટકી શકતો નથી. આ બાબત ધ્યાનમાં લઇને આપણા પક્ષ ભેદની દીવાલો જમીનદોસ્ત કરીને સર્વ સંમત એવા કોઇ કાર્યક્રમ ઉપર આપણે એકત્ર થવું જોઇયે. એ આપણે શું કરી ન શકીએ?

## સમાજમાં દેખાતા ત્રણ વર્ગો—

આપણા સમાજના વિચારપક્ષોનો આપણે બારીકાઇથી વિચાર કરીશું તો આપણને આપણો સમાજ ત્રણ વર્ગમાં વહેંચાયલો માલુમ પડશે. (૧) સ્થિતિચુસ્ત વર્ગ (૨) ઉદાસીન વર્ગ (૩) સુધારક વર્ગ. આ વર્ગોની કૉન્ફરન્સ ઉપર પણ બહુ ગંભીર અસર પડી છે. એક બીજા વર્ગ વચ્ચેનો અણગમો અને કેટલેક અંશે વિરોધની લાગણીને લીધે અને એકબીજાની ખેંચાતાણીનેલીધે આ કૉન્ફરન્સની સંસ્થા સમાજને ઉપયોગી તથા જરૂરી સંસ્થા હોવા છતાં સમાજની જોઇતી સેવા બજાવી શકી નથી અને આજની શોચનીય સ્થિતિએ પહોંચેલ છે. આ વસ્તુસ્થિતિ સુધારવા માટે દરેક વર્ગે મારા નમ્ર વિચાર પ્રમાણે કેવી દૃષ્ટિ રાખવી જોઇએ તેની ચર્ચા અહિં અસ્થાને નહિ ગણાય.

## કષાય ભાવ અટકાવો.—

પ્રથમ તો દરેકવર્ગે સમાજના કલ્યાણને પોતાના લક્ષ્યસ્થાને સ્થાપવું જોઇએ. અને જાહેર પ્રવૃત્તિમાં અંગત રાગદ્વેષને જરા પણ સ્થાન આપવું ન જોઇએ. વળી અન્ય વર્ગની દૃષ્ટિને મધ્યસ્થભાવે ખુલ્લા અને ઉદાર મનથી સમજવા પ્રયત્ન કરવો જોઇએ. આમ કરવા છતાં એક વિચાર ઉપર આવી ન શકાય તો એક બીજા માટે ભેદભાવ ઉભો થવા દેવો ન જોઇએ. અને જે જે બાબતમાં મળતાપણું હોય તે તે બાબતમાં એકમેક સાથે મળીને કામ કરવાની ટેવ કેળવવી જોઇએ. આમ કરવાથી આપસઆપસમાં પ્રેમ વધે છે અને સમાજની પ્રગતિ સધાય છે. વિચારભેદને અંગે જે કષાયવૃદ્ધિ થાય છે તે અટકાવવાની ખાસ જરૂર છે. સર્વ અનર્થનું મૂળ કષાયોની વૃદ્ધિ છે. તે અટકાવવા માટે મધ્યસ્થ

વૃત્તિ, પરમત સહિષ્ણુતા અને ભિન્ન વિચાર ધરાવનાર વ્યક્તિ કે પ્રશ્ન પ્રત્યે આદરભાવ કેળવવાની ખાસ આવશ્યકતા છે.

**સ્થિતિચુસ્ત વર્ગ પ્રત્યે—**

જુના અને સ્થિતિચુસ્ત ભાઇઓને મારી એ વિનંતિ કે આપણા શાસ્ત્રમાં પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે વર્તવાનું કહેલ છે તે તેમણે ધ્યાનમાં રાખવું જોઇએ. વળી સમભંગીમાં કહ્યું છે તેમ એક જ વસ્તુ જુદી જુદી દૃષ્ટિથી જોતાં જુદી જુદી લાગે છે પણ ખરી રીતે તે વસ્તુ જુદી હોતી નથી પણ તે વસ્તુને જોવાની દૃષ્ટિ જુદી હોય છે એજ રીતે એક જ પ્રશ્નનું સ્વરૂપ અને નિરાકરણ ભિન્ન ભિન્ન દૃષ્ટિથી વિચારનાર માટે જુદું જુદું આવે એ સ્વાભાવિક છે એમ તેમણે વિચારતાં અને એ રીતે સમભાવ કેળવતાં શિખવું જોઇએ અને વિચારફેરથી ભડકવાની આદતથી મુક્ત બનવું જોઇએ.

**સુધારક વર્ગ પ્રત્યે—**

સુધારક ભાઇઓને મારી એ વિનંતિ છે કે તેમણે બહુ ઝડપથી અને મનસ્વી રીતે વિચારો કરવાને બદલે સમ્યક્ પ્રકારે અને શાન્તિથી વિચારો કરવા જોઇએ અને સમાજને હજુ ખૂબ તૈયાર કરવાનો છે એ લક્ષ્યમાં રાખવું જોઇએ, અને એ રીતે કામ કરવું જોઇએ. કેવળ વિચારોથી સમાજને લાભ થતો નથી, પણ તે સાથે કાંઇ કામ પણ થવું જોઇએ. દરેક પ્રશ્નનો એકાન્તપણે વિચાર કરવો ન જોઇએ પણ બધી બાજુથી તે વિચારાવો જોઇએ. લોકો બુદ્ધિપૂર્વક વિચાર કરતા થાય એ ઇચ્છવા યોગ્ય છે પણ લોકોમાં ધર્મશ્રદ્ધાની જે જડ છે તેના પાયા હચમચાવી નાંખવાથી લાભ નથી પણ નુકસાન છે એ બાબત ધ્યાનમાં રાખીને વાસ્તવિક સમજ સાથે યોગ્ય ક્રિયાઓ કરીને છાપ પાડવી જોઇએ.

**ઉદાસીન વર્ગ પ્રત્યે—**

ઉદાસીનતા સેવનારા ભાઇઓને ઉદાસીનતાનો ત્યાગ કરીને, સમાજ સેવાના કાર્યોમાં જોડાવા અને ઉપર જણાવેલ બે વર્ગોની વચ્ચે ઉભા રહીને પોતાની મધ્યસ્થ દૃષ્ટિથી દરેક બાબતનો ઉકેલ લાવીને સમાજનું નાવ આગળ ચલાવવાનો હું આગ્રહ કરૂં છું.

**સંગઠન અને એકતા એટલે જ કૉન્ફરન્સ—**

ઉપર જણાવેલ સંગઠન સાધનારી અને ભિન્ન ભિન્ન પક્ષોનું સમાધાન કરીને એકત્ર કરવાની અને કોઇપણ રચનાત્મક કાર્યક્રમમાં જોડવાની શકયતા કોઇ પણ સંસ્થામાં હોય તો કૉન્ફરન્સમાં છે. કારણ કે કૉન્ફરન્સ કોઇ એક વર્ગની કે કોઇ એક પક્ષની સંસ્થા નથી. તેનું હંમેશનું વલણ મધ્યસ્થનું છે અને રહેવાનું. મતભેદના વિષયો બહુ જ થોડા છે; સમાજસેવાની ભૂમિકા બહુ વિશાળ છે. જૈનસમાજની શિક્ષણ વિષયક અને આર્થિક પરિસ્થિતિમાં બને તેટલો સુધારો અને પ્રગતિ થવી જ જોઇએ, એ વિષે બે મત છે જ નહિ. આપણાં મંદિરો અને આપણી ધર્મશાળાઓ—આપણા ઉપાશ્રયો અને આપણા જ્ઞાનભંડારો—આ આપણી સર્વની સર્વસામાન્ય મીલકત છે અને તે આપણ સર્વેએ સાથે મળીને સંભાળવાની છે. છાત્રાલયો ઉભાં કરવાં, શિક્ષણ સંસ્થાઓ ખોલવી, ઉદ્યોગાલયો ઉઘાડવાં, શિષ્યવૃત્તિઓ સ્થાપવી, વિધવા બહેનોને આધાર આપવો, નિરાશ્રિતોને આશ્રય દેવો, બેકારોને ઠેકાણે પાડવા—આ બધું કરવામાં કયો મતભેદ આડો આવે તેમ છે? ભૂતકાળના પૂર્વ-ગ્રહોને વિસારીને આ બધું વિચારવાને—આપણી વર્તમાન સ્થિતિ સુધારવાને—અન્ય કોમોની હરોળમાં આપણું પ્રતિષ્ઠિત સ્થાન જાળવવાને—રાજકારણ તેમ જ અન્ય ક્ષેત્રોમાં આપણું પ્રભુત્વ જમાવવાને—આપણે શું એકત્ર થઇ ન શકીએ? આ પ્રશ્નનો નિર્ણય અહિં હાજર રહેલા પ્રતિનિધિઓએ જ માત્ર નહિ પણ આખા જૈનસમાજે કરવાનો છે.

**આખા જૈન સમાજનું સંમેલન—**

આ પ્રસંગે મારી નજર સામે અનેક બાબતો આવીને ઊભી રહે છે. આ આપણું સંમેલન તો જૈન સમાજના માત્ર એક જ વિભાગનું છે. આખા જૈન સમાજનું સંમેલન હજુ સુધી શકય બની શકયું નથી. વળી જ્યારે આપણા એક વિભાગમાં જ પુરૂં સંગઠન આજે નથી તો ત્રણ ફીરકાઓના સંગઠનની આશા રાખવી એ જો કે ઇચ્છનીય તો છે પણ બહુ વ્યવહારૂ લાગતી નથી.

આખા સમાજનું સંમેલન શકય કરવાને માટે પ્રથમ તો એક વિભાગે બીજા વિભાગ સાથે ઝઘડા કરતા અટકવું જોઇયે. અને જે પ્રશ્નોમાં એકત્ર થવામાં ખાસ અડચણો ન હોય તેમાં એકત્ર થવું જોઇયે. અને એ રીતે એકત્ર થતાં સારૂં પરિણામ આવવાની આશા રાખી શકાય. સર્વ ફીરકાવાળાઓએ સંકુચિત મનો-દશામાંથી મુક્ત થવું જોઇએ. પણ તેમ થતું નથી એ ભારે ખેદની વાત છે.

**રાષ્ટ્રીય રચનાત્મક કાર્યક્રમ—**

વળી આવા સંમેલને માત્ર કોમની જ વાતો કરીને સંતોષ માનવો ન જોઇએ. આપણે એક મોટા રાષ્ટ્રના અંગભૂત અવયવ છીએ. આજે રાષ્ટ્રમાં અનેક દિશાએ પુનર્વિધાન ચાલી રહ્યું છે. ખાદી, સ્વદેશી, અસ્પૃશ્યતા નિવારણ, મદ્યનિષેધ, કોમી એકતા—આ બધાં આજનાં રચનાત્મક કાર્યક્રમનાં મહત્ત્વનાં અંગો છે. જગદ્વંદ્ય મહાત્મા ગાંધીજી આજે જગતભરમાં અહિંસાનો અહા-લેખ જગાવી રહ્યા છે. આ બધા કાર્યમાં આપણે શું ફાળો આપી શકીએ તેમ છીએ તે આપણે વિચારવાનું છે. તે કાર્ય જેટલું રાષ્ટ્રીય મહાસભાનું છે તેટલું જ આપણું છે. આવી કોમી પ્રવૃત્તિને કેવળ કોમીભાવ-

નાના ખાડામાં દટાઈ જતી બચાવવા આપણે ઇચ્છતા હોઇએ તો જેટલો ભાર આપણે આપણા અંગત પ્રશ્નો ઉપર મુકીએ તેટલો જ ભાર આપણે અખિલ રાષ્ટ્રના રચનાત્મક કાર્ય ઉપર મુકવો જોઇએ. દેશની સ્વતંત્રતા શિવાય ખરી સામાજીક કે ધાર્મિક સ્વતંત્રતા સંભવતી નથી.

**આજની દેશની તેમજ દુનિયાની પરિસ્થિતિ—**

આજે દેશમાં વાણીસ્વાતંત્ર્યના પ્રશ્ન ઉપર સત્યાગ્રહની લડતનાં મંડાણ મંડાઈ ચુકયાં છે, અને દેશના એક પછી એક આગેવાન નેતાઓ જેલની દીવાલો પાછળ પુરાતા જાય છે. આ રીતે આખા દેશનું વાતાવરણ ખુબ તંગ બનતું જાય છે. વળી યુરોપમાં ચાલી રહેલો વિગ્રહ ચોતરફ પોતાની વિષમય જવાળાઓ ફેલાવી રહ્યો છે અને માણસોનો મગતરા માફક ઘોર સંહાર કરી રહ્યો છે. આ જવાળા આ દેશ ઉપર ક્યારે ફેલાશે અને આ વિગ્રહનું પરિણામ કેવું આવશે તે કોઇ કહી શકતું નથી. આજે આપણે કોઈ મોટી ઉથલપાથલના યુગમાં બેઠા છીએ. આ પ્રકારની માનસિક અસ્વસ્થતા નીચે આપણે એકત્ર થયા છીએ. આ આખી પરિસ્થિતિને ધ્યાનમાં લઇને જૈન સમાજનું શ્રેય સધાય એવો કોઇ નિશ્ચિત કર્તવ્ય માર્ગ આપણે નિર્ણીત કરી શકીએ તો આપણું અહિં મળવું સાર્થક થયું લેખાશે.

**અન્તિમ વિજ્ઞાપન—**

ભાઇઓ અને બહેનો ! હું વિદ્વાન નથી; નવા જમાનાનો સુધારક યુવાન નથી; તેમ જ જુના જમાનાનો સ્થિતિચુસ્ત વૃદ્ધ પણ નથી. પરન્તુ મારી ધર્મ તેમ જ શાસ્ત્ર પ્રત્યે સદ્‌વૃત્તિ છે અને જુનામાંથી તેમ જ નવામાંથી જે કાંઈ સારૂં હોય તે જાણવા–મેળવવાનો જિજ્ઞાસુ વિદ્યાર્થી છું, અને તેનો સમન્વય કરવામાં જ દેશનું અને તેના અવયવરૂપ ભિન્ન ભિન્ન સમાજનું હિત તેમજ પ્રગતિ રહેલ છે એમ હું માનવાવાળો છું. મારી શક્તિ તથા જ્ઞાન અલ્પ છે એ હું જાણું છું. એમ છતાં આપણી આજની પરિસ્થિતિ સંબંધમાં મને જે કાંઇ લાગ્યું છે તે મેં નિખાલસપણે અહિં કહ્યું છે. આમાં રહેલી ઊણપોને આપ ભુલી જશો અને તે પાછળ રહેલા ભાવને આપ સ્વીકારશો. આપણે આજે જે કાર્ય કરવા ભેગા થયા છીએ તેમાં આપણને શાસનદેવતા સન્મતિ આપે જેથી સમાજની પ્રગતિનો સાધક કોઇ ચોક્કસ નિર્ણય અથવા તો કાર્યક્રમ આપણે ઘડી શકીએ એવી પ્રાર્થના તથા આશા સાથે આ મારૂં વક્તવ્ય હું પુરૂં કરૂં છું. આપ સર્વનો આ પદ ઉપર મને નિયોજવા માટે હું ફરીથી અન્તઃકરણપૂર્વક ઉપકાર માનું છું.

**शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः।**
**दोषाः प्रयान्तु नाशं सर्वत्र सुखीभवन्तु लोकाः॥**

**પારેખ છોટાલાલ ત્રીકમલાલ વકીલ**
ના વંદન.

---

( અનુસંધાન વધારાના પૃ. ૧૦ ઉપરથી. )

કરી શકશે. માત્ર વાણીવિલાસ કે પોકાર પાડયે જ્ઞાતિભેદ દૂર થઇ શકશે નહિ આ પ્રશ્ન હું ચર્ચા માટે કોન્ફરન્સમાં મૂકી શકું નહિ કારણ કે કાર્યવાહીની મર્યાદા બેકારી અને કેળવણી હોવાથી ગમે તેવા ઉપયોગી બીજા પ્રશ્નોને સ્પર્શી શકાશે નહિ પણ મિત્રો સાથેનો વાર્તાલાપ મહત્વનો હોઇ તે જ વખતે મારા ભાષણમાં મૂકવાનું મેં સ્વીકારેલું તેથી એ વાત આપ સમક્ષ મૂકું છું પણ તે નિર્ણય કે ચર્ચા માટે નથી. આપને તેમાં સત્વ જણાય તો ગ્રહણ કરી સમય આવે કે મળે ત્યારે ઉપયોગ કરજો, જમાનો આવ્યો છે તે પિછાનજો અને ડગ ભરજો

અમારી પાસે સાધનોનો અભાવ છે. કાર્યવાહકોનો પણ અભાવ ગણાય. એ પરિસ્થિતિમાં ફુલ નહિ તો ફુલની પાંખડી જેવું અમારૂં સ્વાગત સ્વીકારશો. આપના સ્વાગત માટે આવા સ્થાનમાં અમે આટલું યે કરી શકયા છીએ તે માટે અમે ભાવનગરના નામદાર મહારાજા સાહેબ શ્રી. કૃષ્ણકુમારસિંહજી અને મે. દીવાન સાહેબ શ્રી. અનન્તરાયભાઇ પટ્ટણીના ખૂબ ઋણી છીએ કે જેમણે તેમના વિપૂલ સાધનો આપના સ્વાગત માટે પૂરાં પાડી અમારા કાર્યમાં સરળતા કરી આપી છે આ ઉપરાંત ગઢડા શ્રી. સ્વામીનારાયણ મંદિર તરફથી સાધનોની સારી મદદ મળી છે તે બદલ તેમના વહીવટદારો નગરશેઠ મોહનલાલ મોતીચંદ તથા શેઠ હિંમતલાલ હરિલાલ વગેરેનો આભાર માનીએ છીએ.

કાર્યકરોમાંથી શ્રીયુત મણિલાલ જેમલ શેઠ રાષ્ટ્ર સેવા માટે જેલમાં ગયા એમના શિસ્ત અને સેવાભાવનાની પ્રશંસા કરતા એમને પગલે આપણા ભાઇઓ ચાલે એ વાત સ્પર્શવાની જરૂર લાગે છે. આપ અમારી ત્રુટીઓ ન જોતાં ભાવના જોશો, જંગલમાં મંગળ કરવાના હૃદયો વાંચશો અને ખરા સ્વામિવાત્સલ્યના પથરણાં પાથરી જૈન જનતાનો ખરો વિકાસ થાય, એની પૂર્વ જાહોજલાલી સાંપડે અને એમાં વધારો થાય તેના મૂળ રોપશો. સમસ્ત કાઠીયાવાડ તરફથી આપનું સ્વાગત કરતાં મને ખૂબ આનંદ થાય છે. આવી ધન્યપળ મળવા માટે મારી જાતને ભાગ્યશાળી ગણું છું અને હવે કંઈ રચનાત્મક દીર્ઘકાળ ચાલે તેવું સ્થાપી કરી છૂટા પડશો એવી વિજ્ઞપ્તિ કરું છું. આપે જે મને શાંતિથી સંભળ્યો છે તેના માટે આપનો હું આભાર માનું છું.

**વંદે વીરમ્.**

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## નિંગાળા કૉન્ફરન્સના સ્વાગતાધ્યક્ષ શ્રી. ભગવાનદાસ હરખચંદનું ભાષણ.

## પરિસ્થિતિને પીછાનવાની અગત્ય.

### વાણીવિલાસથી વિકાસ નહીં સધાય, રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરો.

**પ્રતિનિધિ બંધુઓ, ભાઇઓ, અને બહેનો,**

આપ સર્વનું સ્વાગત કરતાં મને ઘણો હર્ષ થય છે નિંગાળા જેવા ગામડાંમાં અને થોડા સમયને કારણે આપનાં સ્વાગતમાં ત્રુટીઓ રહી જાય એ સ્વભાવિક છે. આપ એ દરગુજર કરશો એવી મારી વિનંતિ છે.

આ અધિવેશન સાત વર્ષનાં લાંબા ગાળા પછી ભરાય છે. તે ભરવાનું બીડું નિંગાળાવાસીઓએ ઝડપ્યું તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. મુશ્કેલ સંજોગોમાં આવા નાના ગામડામાં પણ જે ભાઇઓએ ઉત્સાહથી આ અધિવેશન ભરવાનું માથે લીધું તે માટે, હું આપ સર્વ તરફથી તે ભાઇઓને અભિનંદન આપું છું.

આપણે જે સ્થળે ભેગા થયા છીએ તે સ્થળની સાથે અમુક ઇતિહાસીક અગત્ય સંકળાયેલી છે. અહીંના પાળીયા અને ખાંભીઓથી આપણે તર્ક બાંધી શકીએ છીએ કે નિંગાળા ગામ ઇતિહાસ પ્રસિદ્ધ પ્રાચીન વલ્લભીપુરનું સમકાલિન હશે. તેમ માનવામાં અહીં નજીકમાં જે સરોવર છે તે "વલ્લભીપુર સરોવર" ના નામથી ઓળખાય છે તે પણ ઘણું જ સૂચક છે.

આ સ્થળનું "મણિલાલ કોઠારી નગર" નામાભિધાન કરવામાં આવ્યું છે. આ નામ રાખવામાં હેતુ સમાયેલો છે. શ્રીયુત મણિલાલ કોઠારી સારાય ભારત વર્ષમાં સેવાનાં વ્રતધારી તરીકે પ્રસિદ્ધ થયેલા હતા. આવા સેવાધારીઓના નામ દૃષ્ટિ સમીપ રાખવાથી આપણામાં સેવાની તમન્ના જાગે, તેથી ઉપરોક્ત નામ આપવાનું કાર્યકર્તાઓને ઉચિત લાગ્યું છે. શ્રીયુત મણિલાલે રાષ્ટ્ર સેવા ઉપરાંત જૈન કોમની પાલીતાણા સત્યાગ્રહ પ્રસંગે ચાલુ સેવા આપી સમાજને જાગૃત રાખી તેની યાદ કરાવનાર પણ આ પ્રસંગ લેખાય.

કોન્ફરન્સની પ્રથામાં પ્રમુખની વરણી અત્યાર અગાઉ જે લક્ષ્યબિંદુથી કરવામાં આવતી તેને જતી કરી આ વખતે સેવાનાં સ્વપ્ન સેવનાર અને સેવા અર્પણ કરવાની સાચી તમન્ના દાખવનાર, અત્યાર સુધીનાં મૂંગા સેવાભાવીની વરણી કરી પ્રથામાં પલટો આણ્યો છે. પ્રમુખ તરફની કે બીજાઓ તરફની કોઈ પણ જાતની આશા રાખ્યા વગરની આ વખતની વરણી પ્રશંસનીય ગણાય એવા મારા મંતવ્ય સાથે આપ જરૂર મળતા થશો એવી આશા રાખું છું.

કોન્ફરન્સ દેવી ચાલીશ વર્ષને કિનારે આવી ઉભી છે. કિનારાની બન્ને બાજુ કાળ સાગર છે, ક્યારે કિનારો તુટશે તે ખબર પડતી નથી. કદાચીત તુટવા સર્જીત હશે તો તે પહેલાં આપણા સમાજમાં જે મતભેદ રૂપી દાવાનળ પ્રગટેલ છે તેને ઠારવો છે; જો કે દાવાનળ ઠરશે કે કેમ તે કહી શકાય તેમ નથી. પણ શ્રદ્ધાની દુનિયા અનોખી છે અને તે ઘણીયે વાર ફલીત થતી અનુભવાય છે. સમાજમાં અમુક ભાગ મને એક પક્ષી ગણે છે. તેઓ કહે છે કે તે પક્ષની અહંતાએ જ કોમમાં દાવાનળ પ્રગટાવ્યો છે. તેમાં સત્ય કેટલું છે તે તો જ્ઞાની જાણે! પણ મેં તો યુગની નાડી જોઈ તેને અનુરૂપ થવા પ્રયત્ન કર્યો છે. પ્રયત્નમાં અવિશ્વાસની નજર રાખનારને રૂચ્યું નહિ અને દાવાનળ પ્રગટ્યો ગમે તે હો દાવાનળ છે તે સત્ય છે, હવે તે ઠારવો રહ્યો. તે ઠારવા હું નમ્ર પ્રયાસ કરૂં છું. મારા અહંનો ત્યાગ કરી, મારા મંતવ્યને હળવો બનાવી, કેટલાંક મંતવ્યોને હાલ તુરતને માટે ઉભા રાખી માત્ર બેકારી અને કેળવણી જેવા નિર્દોષ પ્રશ્નોને એરણ પર રાખી દાવાનળ ઠારવા બધા પક્ષોને મેં આમંત્ર્યા છે. મારી ભાવનાનાં પરમાણુઓ શું નહિ સ્પર્શે? બન્ને બાજુ કાળ સાગરને નહિ પીછાને? શું યુગની હાકલ નહિ સંભળાય?

આપની સમક્ષ મહત્વનાં પ્રશ્નો નિર્ણય માટે આવશે; કેટલાક પ્રશ્નો સંબંધે મતભેદ હોવાનો સંભવ છે. આપ એ સર્વ પ્રશ્નોનો નિર્ણય સમાજની વર્તમાન પરિસ્થિતિ લક્ષમાં રાખી, દીર્ઘદ્રષ્ટિથી, સમભાવપૂર્વક કરશો એવી મારી નમ્ર વિનંતિ છે. કોન્ફરન્સની પ્રવૃત્તિઓમાં આવેલ શાથિલ્તા દૂર કરી આપણા સમાજની ઉન્નતી અર્થે કાંઇક રચનાત્મક પ્રવૃતિઓ હાથ ધરવામાં આવશે તો અધિવેશન સફળ થયું ગણાશે.

કેટલાક પ્રશ્નો ઉપર હું મારો અંગત અભિપ્રાય વ્યક્ત કરવાની તક લઉં છું. હું સમજું છું ત્યાં સુધી કોન્ફરન્સનું કાર્યક્ષેત્ર જૈન સમાજની સર્વદેશીય ઉન્નતિ કરવા માટે સાચું માર્ગ દર્શન કરાવવાનું છે.

આપણા પ્રશ્નો, ધાર્મિક, નૈતિક, સામાજિક, અર્થિક, અને રાજકીય, આપની વિચારણા માગશે. આમાંના કોઇ પણ પ્રશ્નો કોન્ફરન્સે હાથ ન જ ધરવા એવી મર્યાદા બાંધવી તે મારા નમ્ર મત મુજબ વ્યાજબી નથી. છતાં, મર્યાદીતપણું સ્વીકાર્યું છે શા માટે? નવયુગ શરૂ થયો છે તેમાં જૈન સમાજે ફાળો આપવાની આવશ્યકતા છે. ફાળો ક્યારે આપી શકાય? જ્યારે સમાજમાં ઐક્ય હોય. પણ જો સમાજમાં મમભેદોની પરંપરા હોય તો ફાળો આપી શકાય નહિ. પરંપરા પીટાવવાના રસ્તા શોધવા, નવા મતભેદો થતા અટકાવવાને અને હોય તેને હળવા બનાવવા અર્થે કાર્યવાહકોએ મર્યાદિત થવું ઉચિત ધાર્યું અને કોઇ પણ વ્યક્તિને અણગમો ઉત્પન્ન ન કરે તેવા પ્રશ્નો છણવા વ્યાજબી ધાર્યું. સમાજમાં ભેદો જડ ઘાલી બેઠા છે તેને કોઇ રીતે ઉખેડી ફેંકી દેવાનું બને, અને કોઇ પણ પક્ષ કે વ્યક્તિને અંગુલી નિર્દેશ કરવાનું કારણ ન મળે તે ખાતર માન મૂકી, અહંતા ત્યજી, ઐક્ય માટે હાથ લંબાવ્યો છે તો ઉદાર બની મતભેદ મીટાવવા માટે

ઉત્સુક બનાય તો મૂકેલ મર્યાદાને વિજય મળ્યો ગણાય. કાર્યવાહકોએ તો ફળની આશા રાખ્યા વગર પોતાની ફરજ બજાવી ગણાય. હું માનું છું કે મર્યાદીત બન્યાનો આ ખુલાસો પૂરતો ગણાશે.

અલબત પરિસ્થિતિ પ્રમાણે કેટલાક પ્રશ્નો તાત્કાલિક નિર્ણય માગતા હોય, કેટલાક અતી મહત્વનાં હોય, અને કેટલાક ગૌણ હોય, તે કોન્ફરન્સે યથા સમયે નક્કી કરવાનું રહ્યું. સીધી રીતે રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવો એ આ કોન્ફરન્સનું ધ્યેય નથી એ હું જાણું છું. પણ આ યુગમાં રાજકારણ એટલું વ્યાપક બન્યું છે અને જીવનનાં બધાય ક્ષેત્રોને એટલું સ્પર્શી રહ્યું છે કે તેનાથી અલગ રહેવું શકય નથી. હિંદ જેવા પરાધીન દેશ માટે પોતાની ઉન્નતિમાં રાજકારણ પ્રથમ પગથિયું છે. તો આપણે તેથી અલિપ્ત કઇ રીતે રહી શકીએ?

જૈન સમાજને લગતા સામાજિક અને આર્થિક પ્રશ્નો ઘણે અંશે હિંદની પ્રજાના પ્રશ્નો સાથે સંકળાયેલ છે. જૈનસમાજે હિંદુ ધર્મની સામાજિક વ્યવસ્થા અને કાયદો કેટલાક અપવાદો સાથે સ્વીકાર્યા છે એટલે જૈનસમાજના સામાજિક કે આર્થિક પ્રશ્નોનો ઉકેલ હિંદની પ્રજાની પરિસ્થિતિ લક્ષમાં રાખી કરવાનો છે જૈન હિંદના કોઇ પણ એક વર્ગ કે જ્ઞાતિના ભોગે પોતાની ઉન્નતિ ન જ ઇચ્છે એટલે આ કોન્ફરન્સ કેટલેક અંશે માત્ર માર્ગદર્શન કરવા પોતાનું મંતવ્ય જાહેર કરીનેજ અટકે એમ પણ બને.

કોન્ફરન્સની કારોબારી સમિતિએ બેકારી અને કેળવણી સિવાયનાં પ્રશ્નો હાથ ધરવા નહિ તેવું ઠરાવેલ હોઇ હું આ પ્રશ્ન ઉપર વધારે વિવેચન કરીશ નહિ, પણ મને લાગે છે કે આપણે અંતે સર્વદેશીય પ્રશ્નો પર આગળ ઉપર વિચાર તો જરૂર કરવો પડશે. અત્યારે તો હું બેકારી અને કેળવણીના પ્રશ્ન ઉપર મારા વિચારો રજૂ કરીશ.

સમસ્ત હિંદની પ્રજા સાથે જૈનોમાં પણ બેકારી વધતી રહી છે, આપણો દેશ પરાધીન છે ત્યાં સુધી બેકારીને પૂરી રીતે ટાળી શકવાના નથી જ, છતાં પણ જૈન જેવો પ્રમાણમાં સુખી સમાજ એ વિષયને અંગે ઘણું કરી શકે છે. આપણાં શ્રીમંતો અને ઉદયોગપતિઓ આ પ્રશ્નમાં રસ લે સક્રિય ફાળો આપે તો કેટલેક દરજ્જે બેકારી જરૂર ઓછી થાય. જૈનસમાજમાં ઐકયની ગેરહાજરીથી આ દિશામાં કાર્ય કરવામાં કેટલીક મુશ્કેલીઓ નડે છે તેથી ઐકય સ્થાપવાનો પુરૂષાર્થ સેવાય તો ઇચ્છવા યોગ્ય છે. પણ ઐકયના અભાવનું કારણ આગળ ધરીને કાર્ય કરતાં અટકવું એ કોઇ રીતે ઇચ્છવા યોગ્ય નથી. આપણે નિષ્કામ વૃત્તિથી, નિઃસ્વાર્થ ભાવે, સેવાની ધગશથી બેકારી ઓછી કરવા કામ કરતા થઇ જશું તો બેકારી જેવા મતભેદ રહીત પ્રશ્નથી આપણાં સમાજમાં ગેરહાજર દેખાતી ઐકયતા જરૂર આવી મળશે તેમ હું માનું છું.

બેકારીનો પ્રશ્ન શહેરો કરતાં ગામડાને વધુ સ્પર્શી રહ્યો છે. ગામડાંના ભાઇઓને અશીક્ષિત કે અકુશળ ગણીને આપણે તેમના તરફ બેદરકાર રહ્યા છીએ. પરિણામે આપણું એ મહત્વનું અંગ હાલ ચૈતન્યહીન બની ગયું છે; એ દુઃખદ સ્થિતિનું પ્રાયશ્ચિત આપણે કર્યેજ છૂટકો છે. ગામડાંનાં આપણા ભાઇઓમાંથી ધર્મના સંસ્કાર ઓછા થતા જાય છે કારણ કે તેમને તે સંસ્કાર મેળવવાનું સાધન હોતું નથી તેમજ તેઓની આંતરિક સ્થિતિ પણ જોઇએ તેવી સારી નથી એને લઇને તેઓ ધાર્મિક સંસ્કાર ન મેળવી શકે. તો જૈન સમાજે શહેરો તથા ગામડાંઓનો બેકારીનો પ્રશ્ન સંયુકત રીતે વિચાર કરી એવી યોજના કરવી જોઇએ કે બન્નેને પરસ્પર લાભ મળે. હું આશા રાખું છું કે બેકારી જેવા નિર્દોષ પ્રશ્નનો ઉકેલ કરવામાં શ્રીમંતો અને ઉદ્યોગપતિઓ સહકાર આપશે અને બદલાયેલા યુગને પીછાનીને દાનની દિશામાં બેકારીને અગ્રસ્થાન આપશે તો સમાજની ઉન્નતિ જરૂર થઇ શકશે. આપણા મહાન પુરૂષો જે વિશાળ દષ્ટિથી સ્વામિ–વાત્સલ્ય કરવાનું ફરમાવી ગયા છે તે મુજબ આપણે વિશાળ દષ્ટિથી, વિશાળ હૃદયથી વર્તતા જઇશું તો સમાજમાંથી બેકારી ઘણી ઓછી થઈ જશે. આને માટે આપે યોજના કરવાની છે, વ્યવહારૂ બની ઉન્નતિ કરવાના સફળ અમલી પગલાં ભરવાનાં છે.

બેકારીનો પ્રશ્ન જેટલો જરૂરી અને અગત્યનો છે તેટલો જ અગત્યનો પ્રશ્ન કેળવણીનો છે આ બન્ને પ્રશ્નોને ઘણો જ નિકટનો સંબંધ છે. કેળવણીનો પ્રશ્ન ગહન છે. તેને અનેક દષ્ટિથી ચર્ચી શકાય છે. તેવા ગહનતાવાળા પ્રશ્નો મારા જેવો વ્યાપારી શી રીતે ચર્ચી શકે? મારી નજર તો કેળવણીમાં પણ આર્થિક દષ્ટિ તરફ વળે તેથી તે દષ્ટિએ એ વિષયને ચર્ચું તો અયોગ્ય ન ગણાય.

ભારતમાં કેળવણીનો પ્રચાર હાલ જે થઈ રહ્યો છે તેમાં એકજ તત્વનો સમાસ મુખ્ય હોય તેમ થઇ ગયું છે. કેળવણી લઇ નોકરી મેળવવી, એ વિચારે મોટે ભાગે આપણે ત્યાં ઘર કર્યું છે આ દોષ કેળવણીનો છે કે કેમ તે કહી શકાય નહિ, ગમે તે હો પણ આ કેળવણીએ આપણી મનોદશા ગુલામીવાળી બનાવી છે; જેને લઇ આપણે સાહસિક બની શકતા નથી. કદાચ કોઇ સાહસિક બનવા જાય તેને ઉત્તેજી શકતા નથી. યુગ આગળ વધી રહ્યો છે. બીજા દેશો સ્વાશ્રયી કેળવણી લઇ હુન્નર, ઉદ્યોગ અને વિજ્ઞાનથી પોતાના દેશને ઉન્નત કરી રહ્યા છે. આપણે તે તરફ દષ્ટિ કરીએ છીએ, અજાયબી ભરેલી શોધો નીહાળીએ છીએ અને તે દેશોને સંપત્તિવાન બનતા જોઇએ છીએ છતાં આપણામાં એ ભાવના કેમ આવતી નથી? તેનું ખરૂં કારણ પરાવલંબીતા આપણામાં ઘૂસી ગઇ છે તે છે. આપણે હવે પરાવલંબન તજી, સ્વાશ્રયી બની, આગેકુચ કરી યુગને અનુરૂપ કેળવણીની રચના કરીએ, જેથી દેશને અને સમાજને દરિદ્રતામાંથી મુકત કરીએ અને ઉદ્યોગ, હુન્નર વિજ્ઞાન તરફ આપણાં પગલાં માંડી દેશને તેમજ સમાજને સમૃદ્ધ બનાવીએ. શું ભારતમાં આ પ્રમાણે ન બની શકે? જે દેશમાં પૂજ્ય મહાત્મા ગાંધીજી આદિ મહાન નરો પેદા થયા છે તે દેશ પોતાની કેળવણીની રચના પોતાને સાનુકુળ ન કરી શકે? બધું થઇ શકે તેમ છે, પણ આપણામાં જે મનોદશા હાલ પ્રવર્તી રહેલી છે, તેમાં પલટો આવે એટલી જ વાર છે. મહાભારતના યુગમાં વિજ્ઞાનને શિખરે ભારત હતો, અશોકના વખતમાં કેળવણી પ્રધાનપદે હતી. ભારત આજે પણ તેનો તેજ છે. જનતા માનસ બદલાવી આપણને અનુરૂપ કેળવણીની રચના કરતી થઇ જાય તો બીજા દેશોની માફક ઉદ્યોગ હુન્નરોમાં ભારત આગળ આવી શકે તેમાં જરા પણ શંકા નથી. દરેક કોમની કેળવણીની પ્રગતિ પોતાની અને દેશની ઉન્નતિમાં ફાળો આપી શકે તેમ છે. તેથી એક બીજાને સહકાર કરતી થઇ જાય અને દેશને અનુકુળ કેળવણી કેમ પ્રાપ્ત થાય તેના નિર્ણયમાં રસ

લેતી થઇ જાય તો જરૂર આપણે આ પ્રશ્નને સાનુકુળ બનાવી શકીએ. કેળવણીના આ પ્રશ્નમાં આર્થિક પ્રશ્નનો પણ સમાસ થાય છે. તેથીજ આપણા દેશને યથાયોગ્ય કેળવણી મળે તેવો પ્રબંધ કરવાથી બન્ને પ્રશ્નો હળવા બની જાય. અત્યારની કેળવણીએ આપણને નિર્માલ્ય બનાવી પરાવલંબિતા આપણા લોહીમાં ઘુસાડી દીધી છે તેથી આપણે કેળવણીના ક્ષેત્રમાં ફેરફાર કરાવવા બીજા ઉપર નજર રાખી, હાથ જોડી બેસી રહ્યા છીએ તે હવે કયાં સુધી ચલાવી લઇશું ? આ જાગૃતિના યુગમાં કેળવણીની દિશામાં આગળ ધપ્યે છૂટકો છે અને કેળવણીના સ્વરૂપને હિંદની જનતાને સાનુકુળ બનાવ્યે જ વહેલો કે મોડો આપણો આરો આવવાનો છે.

આ વિચારો વ્યક્ત કર્યા તેમાં સમગ્ર હિંદ સમાજની વાત થઇ છે. દેશની ઉન્નતિ થાય તેવી કેળવણી થશે તેનો આપણે લાભ મેળવવાના. તે સમય આવે ત્યારે તૈયાર થઇ જવા અને ફાળો અર્પવા, અત્યારે જે છે તે મેળવવા અને મેળવી ન શકતા હોય તેને એવાં સાધનો પૂરા પાડવા સમાજની ફરજ છે એમ હું માનું છું. આપણા સમાજમાં અલ્પ સંખ્યામાં સાધનો છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થા હિંદના જૈનોમાં બીજી હોય તેવી મને ખબર નથી. એક સંસ્થા જૈન સમાજને માટે સંપૂર્ણ ગણાય કે? હું માનું છું તે મુજબ એકથી અધીક જરૂરિયાત સંસ્થાની ઊભી થઈ છે તે પૂરી પાડી આપણા જૈન બાળકોને કેળવાયેલા બનાવો. સમાજે એવી યોજના કરવી જોઇએ કે શહેર અને ગામડાં બન્નેને લાભદાયી થાય. મોટા શહેરોમાં બોર્ડીંગો, અને વિદ્યાલયો ખોલાય અને તેનું તે શહેર પોષણ કરે. છતાં તેને મુશ્કેલીઓ પડે તો ગ્રાન્ટ આપી મુશ્કેલીઓ દૂર કરવી. જેમ મ્યુનીસીપાલિટીઓ સ્કૂલોને ગ્રાન્ટ આપે છે તેમ: આપણે શહેરના વિદ્યાલયો અથવા છાત્રાલયોને જરૂર જેટલી ગ્રાન્ટ આપવી. આવી યોજના થઇ શકે તો સમાજ કેળવણીમાં આગળ વધે. સ્ત્રી શિક્ષણની તો ઘણી જરૂરિયાત છે અને તે માટે બોર્ડીંગ કે વિદ્યાલયની યોજના આવકારદાયક લેખાશે. આવી યોજના કોન્ફરન્સ જેવી સંસ્થા કરી શકે. જનતા યોજનાને અપનાવી લઈ કોન્ફરન્સ જ્યારે જ્યારે તે માટે મદદની માગણી કરે ત્યારે આપવાની ફરજ સમજે તો, બોર્ડીંગો અને વિદ્યાલયોને ગ્રાન્ટ આપી શકાય. કોન્ફરન્સે તો કેળવણી ફંડ સમાજ સમક્ષ મૂકવું એમ મારો અંગત અભિપ્રાય છે.

જૈન સમાજે જૈન સાહિત્ય, તત્વજ્ઞાન, ઇતિહાસ અને કળાના સંશોધન અને પ્રકાશન તરફ લક્ષ રાખવાનો આ યુગ છે. આપણા પ્રાચીન મંદિરોમાં જે સ્થાપત્ય અને કળા ભર્યા છે તે બરાબર સાચવી રાખીએ તો તે નવા બનાવ્યા બરાબર છે. જૈન ફિલોસોફી અને તત્વ જગત સમક્ષ સાદી અને સરળ ભાષામાં ફેલાવો પામે એમ કરવાનો વખત આવી પહોંચ્યો છે.

આપણા સમાજમાં વધતો જતો કુસંપ કઈ રીતે નષ્ટ થાય તેના ઉપાયો યોજવા જોઇએ. જે સમાજમાં ઐકયની ઊણપ હશે તે સમાજ ઉન્નત દશામાં આવી શકતો નથી, એટલું જ નહિ પણ જે સ્થાન હોય તે ગુમાવી બેસે છે. તો સમાજના દરેક અંગો સંગઠિત થઇ એકત્ર બનીને સહકારથી સમાજ ઉન્નતિના કાર્યો કરતા થશે ત્યારે જ જૈન સમાજ પોતાનું સ્થાન ટકાવીને આગળને આગળ પ્રગતિ કરી શકશે. એક સંપ હોય :તો આપણે વેપારમાં, આર્થિક વિકાસમાં, ધાર્મિક યોજનાઓમાં અને સામાજિક કાર્યોમાં તેમજ તીર્થોના મોટા વારસાઓને જાળવવા ઘણું કરી શકીએ. દરેક જૈન પોતાને મહાવીરનો સંતાન ગણે અને મતભેદ થતાં મનભેદ ન કરે એમ થવાની અત્યારે ઘણી જરૂર છે. આપણે સર્વ સંગઠિત થઇ સંપ કરી આગળ વધીએ તો અનેક કાર્યો કરી શકશું. સંપ ત્યાં જંપ છે, ત્યાં લક્ષ્મી છે, ત્યાં પ્રકાશ છે. ત્યાં વિકાસ છે. એટલે આપણે સંગઠન કરી આગળ ધપીએ અને જૈન ધર્મની અને સમાજની પ્રગતિ સાધીએ. સંપ અને ઐકયતા વગર આપણે ઘણું ગુમાવ્યું છે હવે તે રિતિ બદલાવાની જરૂર છે. અહિંસાનો યુગ જે પ્રવૃત્તમાન થયો છે તેને સાચા સ્વરૂપમાં નિહાળીને; અપનાવીએ તો સમાજના કેટલાએક પ્રશ્નોનો ઉકેલ થઇ જાય. આપણા સિદ્ધાંતોમાં ક્રોધ, માન, માયા, લોભને ત્યાજ્ય ગણ્યા છે. તેને આપણે બરાબર સમજીએ તો સમાજમાં જે સ્થિતિ ઘર કરી બેઠી છે તેમાંથી મુક્ત થઇ જવાય. આપણા મહાન તિર્થંકર શ્રી મહાવીર ભગવાને આપણને **क्षमा वीरस्य भूषणं** નો મહામુલો મંત્ર આપ્યો છે તે જો આપણે દૃષ્ટિ સમીપ રાખીએ તો સમાજના બધાય પ્રશ્નોમાં સરળતા આવી જાય.

મારા આ ભાષણમાં સામાજિક વિષયને સ્થાન આપવા માટે મિત્ર વર્ગનો ખાસ આગ્રહ હોવાથી તેમની સાથેના તે સંબંધીના વાર્તાલાપનો સાર મૂકું છું કે સામાજિક પ્રશ્ન એટલો બધો અગત્યનો છે કે તેને પ્રથમ સ્થાન આપવું જોઇએ. અત્યારનો દેશકાળ સંગઠિત થવાનો છે ત્યારે એકજ ધર્મને માનનાર ખાવાપીવાનો વહેવાર રાખનાર, જ્ઞાતિભેદને કારણે દશા, વિશા, ઓસવાળ, પોરવાડ તરીકે ઓળખાવનાર વાડાના બંધનમાં રહીને આપણી સંખ્યા ઘટી ગઇ છે તે દૃષ્ટિ બહાર છે? સંગઠીત કયારે થઈ શકાય જ્યારે એકજ 'જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક' નામની કોમ બનાવી અરસપરસ વ્યવહાર આચરે તો જે સંખ્યાબળ ઘટી ગયું છે તેનું નિવારણ શકય બને જગતની ઉત્પતિથી જ ભેદ પડયા છે તે ભેદ મીટાવવા જ્યારે જ્યારે પ્રયત્ન થયા છે ત્યારે ઉલટા તે વધ્યા છે એ તરફ એમનું ધ્યાન દોરતાં ભેદ મીટાવવાનો સાચો માર્ગ કયો તે નક્કી થઇ શકયું નહિ. પણ જે સમયે જે દિશામાં વહેન હોય તેમાં સાથ અપાય તો તે તરી પાર ઊતરાય તેમ લાગ્યું પણ કાળધર્મ માગે છે કે જ્ઞાતિભેદો દૂર કરી એક કોમ બની સમાજને વિશાળ બનાવવો. અગાઉ જ્ઞાતિભેદથી કદાચ ફાયદો થયો હશે પણ અત્યારે તો એનાથી પ્રગતી રૂંધાતિ જણાય છે. વળી દેશકાળને અનુસરીને ક્રમમાં ફેરફાર થયા કરે છે. આ વખતે મેં કહેલું કે અત્યારનો દેશકાળ જે છે તે પ્રમાણે સામુદાયિક રીતે ભેદને દૂર કરી શકાય નહિ પણ જ્ઞાતિભેદ દૂર કરવાની માન્યતા ધરાવનારાઓ સંગઠિત બની પોતાનું કાર્ય વર્તનમાં મૂકી સમાજને માર્ગદર્શક બની શકે. જો સમાજને તે રૂચશે તો ધીમે ધીમે વળું તે તરફ વળશે અને જ્ઞાતિભેદ હળવો બનશે, અથવા તો એકજ જ્ઞાતિમાં પરિણમશે. દાખલા તરીકે દશા, વિશા, ઓસવાળ, પોરવાડ દરેકમાંથી જે સંખ્યા જ્ઞાતિભેદ મીટાવવાની તમન્ના રાખતી હોય તેમનું કર્તવ્ય એ છે કે બોલવા કરતા કાર્ય કરી બતાવવું અને તે બધાં વચ્ચે લગ્ન વહેવાર શરૂ કરવો અને સમાજ સમક્ષ દાખલો પાડવો. સમાજ તેના ફાયદા જોશે તો તે અપનાવી લેશે. આવી રીતે થશે તોજ જ્ઞાતિભેદ આપોઆપ ઢીલો થતો જશે અને આખરે નાબુદ

( અનુસંધાન વધારાના પૃ. ૭ ઉપર )

( અનુસંધાન પૃ. ૮ ઉપરથી. )

સંકડાઈ જાય એમ મોટા ભાગનું માનવું હતું, તેમજ આ ઠરાવથી બે સમિતિઓ ઉભી થતી હતી. અને મોતીલાલભાઇના વિચારો પ્રમાણે તો મુંબઇની સ્થાયી સમિતિ તદ્દન બીન જરૂરી થઇ પડતી હતી, અથવા તે રહે તો દ્વિમુખી સત્તા જેવું થાય, અને પરસ્પર વિસંવાદિતા ઉત્પન્ન થાય. આ વિષય કેટલીક ચોખવટની ગેરહાજરીએ ખુબ ચર્ચાને ચકાવે ચડયો. મોતીલાલ ભાઇના હૃદયમાં કાંઇક બીજુંજ વસતું હતું, પણ તેઓ સ્પષ્ટ ઉચ્ચારી શકતા ન હતા. લગભગ ૧।। કલાકના મથામણ પછી શ્રી જીવરાજભાઇ દોશીએ મોતીલાલભાઈનો કહેવાનો ભાવાર્થ સ્પષ્ટ રીતે સભ્યોને સમજાવ્યો અને મોતીલાલભાઈ પણ તેને સંમત થતાં જે વસ્તુ ગોળ ગોળ ભાષામાં રમતી હતી તે સ્પષ્ટ બની અને સભ્યો પણ સમજી ગયા. અંતે આ ઠરાવ બંધારણમાં નહિ આવતાં જૂદો આવી શકે એમ સર્વેની માન્યતા થતાં એ જૂદા ઠરાવરૂપે રજુ થયો અને સ્વીકારાયો. આ સ્થળે એક નિર્દેશ કરવો જોઇએ કે ઉપરોકત ઠરાવ જે મર્યાદા અંકિત થઇ હતી તેનાથી બહાર જતો હતો. પરંતુ જરૂરી હોઇ મર્યાદાનું ઉલ્લંઘન સ્વીકારીને પણ તે રજુ કરવા દેવામાં આવ્યો અને પસાર થયો

આમ આ ઠરાવનો નિકાલ થતાં શ્રી પરમાણંદભાઇએ સૂચવેલ ૧૧ સભ્યની સમિતિ બહુ જરૂરી ન જણાઇ, અને તે કલમ મૂળ સ્વરૂપે રહેવા દેવામાં આવી

આ રીતે દોઢ કલાકની ચર્ચા પછી આ ઠરાવ થાળે પડયો આ સમયે પ્રમુખશ્રીએ જણાવ્યું કે વિષયવિચારિણી સમિતિનું કેટલુંક કામ હજુ બાકી હોવાથી આજે ખુલ્લી બેઠક મળી શકશે નહિ. જેથી ખુલ્લી બેઠક તા. ૨૭-૧૨-૪૦ ના સવારના ૮ વાગા ઉપર મુલતવી રાખવામાં આવી.

બંધારણના ઠરાવ પછી બે ત્રણ સામાન્ય ઠરાવો પસાર થયા અને ત્યાર પછી સ્ટેન્ડીંગ કમીટીના સભ્યોની નીમણુંકનું કામ ચાલુ થયું અને એ કામ પતાવી રાત્રીના લગભગ ૧૦ વાગે વિષયવિચારિણી સમિતિએ પોતાનું કાર્ય સમાપ્ત કર્યું.

વિષયવિચારિણી સમિતિનું કામ પ્રમુખશ્રીએ કુનેહથી સમજાવટથી અને નિખાલસ રીતે ચર્ચા ચાલવા દઇને જે ધીરજથી અને વિચાર પૂર્વક ચલાવ્યું તેને માટે દરેકના મુખમાંથી પ્રશંસાના ઉદ્‌ગારોજ નીકળતા હતા. કેટલીક વખત ગરમાગરમ પ્રસંગ પણ ઉપસ્થિત થતો હતો. છતાં જરા પણ ઉગ્ર નહિ થતાં, તેમજ જરા પણ અધિકારનો ઉપયોગ નહિ કરતાં સંપૂર્ણ શાંતિથી ચલાવ્યું. ઉતાવળ કરનારાઓને એક પ્રસંગે તેઓશ્રીએ જણાવી દીધું કે 'તમો ઉતાવળ નહિ કરો, મારે બધાને સમજવા છે, જરૂર પડશે તો હું સેશન ચાર દિવસ સુધી ચલાવીશ. આ ઉપરથી તેઓશ્રીની ભાવના અને તમન્ના દેખાઈ આવતાં હતાં. વળી એક પણ ઠરાવ માટે કોઇને પણ બેસી જવાનું કહેવાનો કે એક પણ ઠરાવ મત ઉપર લઇ જવાનો બનાવ ન બનવા દીધો એ એમની કાર્ય કુશળતાને આભારી છે. તેઓશ્રી કહેતા હતા કે વિષયવિચારિણી સમિતિ એ તો અધિવેશનનું સત્વ છે એ સત્વને પીછાન્યા વિના આપણાથી આગળ ચાલીજ કેમ શકાય?

**અધિવેશન દિવસ ૩ જો તા. ૨૭-૧૨-૪૦.**

તા. ૨૭-૧૨-૪૦ ના રોજ બે વાગા પહેલાં લગભગ કામ સંપૂર્ણ કરવાનું હોવાથી બરાબર ૮ વાગે નિયમીત બેઠકનું કામ ચાલુ થયું. શ્રી. મોહનલાલ દેસાઇ કૃત 'જાગ વીર સંતાન' કાવ્યથી શરૂઆત થઈ. અને તુરતજ મુખ્ય મંત્રી શ્રી. ચતુરભાઈ રાયચંદે અધિવેશનની સફળતા ઇચ્છનારા સંદેશાઓ વાંચ્યા. (આ સંદેશાઓ પાઠવનારાના નામો તથા ગામોનું વર્ણન આ પત્રના અન્ય પૃષ્ઠ ઉપર આપેલું છે.)

આ પછી ઠરાવો એક પછી એક મૂકાતા ગયા અને દરખાસ્ત અને અનુમોદનોમાં જુદા જુદા વકતાઓ પોતાને મળેલા બહુજ ટુંકા સમયમાં જેટલું કહેવાય તેટલું કહેતા હતા. છાત્રાલયો માટેનો ઠરાવ શ્રી. ફુલચંદભાઇ દોશીએ બહુજ ઉત્તેજક ભાષામાં શૈલિપૂર્વક મૂકયો, અને શ્રોતાજનો ઉપર જાણે કે એમના વક્તવ્યની છાપ પડી ન હોય તેમ આ ઠરાવને મૂર્ત સ્વરૂપ આપવાનાં મંડાણ થયાં, સ્વાગતાધ્યક્ષ શ્રી. ભગવાનદાસભાઇએ નિંગાળા ગ્રામમાંજ આ અધિવેશનની યાદી માટે એક ગ્રામ્ય છાત્રાલય ઉભું કરવાની દરખાસ્ત રજુ કરી અને તુરતજ તેને માટે ફાળો થતાં દરવર્ષે રૂા. ૫૫૫) ની મદદ એવી પાંચ વર્ષ સુધીની મદદના વચનો તુરતોતુરત મળ્યાં અને લગભગ અર્ધા કલાકના નજીવા સમયમાં આ શુકનવંતા કામને માટેનું ફંડ એકત્ર થયું.

ત્યાર બાદ અન્ય ઠરાવો પસાર થયા પછી શ્રી મોતીચંદભાઇએ બંધારણમાં ઉદ્દેશ અને કાર્ય વિસ્તાર શિવાયની કલમોમાં જરૂરી ફેરફાર તેમજ કેટલીક નવી જરૂરી કલમો દાખલ કરવાની દરખાસ્ત મૂકી તેને અનુમોદન મળતાં તે સર્વાનુમતે પસાર થઇ. આ પછી આવ્યો શ્રી. મોતીલાલભાઇનો ચર્ચાસ્પદ ઠરાવ–આ ઠરાવની દરખાસ્ત મૂકતાં તેણે પોતાનું હાર્દ ખુલ્લું કર્યું. તેઓ જે વિષય વિચારિણી સમિતિમાં કહી શકતા નહતા, તે તેમણે ખુલ્લી બેઠકમાં કહ્યું. તેણે ઐકયની બહુજ જરૂરીયાત દેખાડી તે સાધવા માટે પ્રમુખશ્રી અને પ્રમુખશ્રીને યોગ્ય લાગે તેવા ૭ સભ્યોની કમીટીની વાત મૂકી અને એ સમિતિએ પ્રચાર કરવો તથા ઐકય સાધવા પ્રયત્નો કરવા. એમના વકતવ્યના સારમાં કાંઇક એવું દેખાતું હતું કે કેટલાયેક બંધાયેલા પૂર્વગ્રહને લીધે ઐકયનું ગાડું આગળ ચાલી શકતું નથી, જેથી એ પૂર્વગ્રહથી પર એવી એક કમિટી થાય તો ઐકય સાધવાના સંભવો વધારે ત્વરિત ઉપસ્થિત થાય, આ ઠરાવને અનુમોદનો મળ્યાં, અને વિશેષ અનુમોદન આપતાં શ્રી પરમાણંદ ભાઇએ જણાવ્યું કે:–હું આ ઠરાવને અનુમોદન આપવા ઊભો થયો છું. ઐકય અને સમાધાન કોને પ્રિય ન હોય? છતાં પણ અત્રે એક વાતની સૂચના આપવી મને વ્યાજબી લાગે છે તે એ છે કે ઐકય સાધવાની તમન્નામાં એવું ન બને કે એક તરફ ઐકય સધાય નહિ, અને બીજી તરફ હાલ જે કાર્ય ચાલી રહ્યું છે, હાલ જે કેટલાક ભાઇઓ કામ કરી રહ્યા છે તેઓને ખોવાનું અને ચાલતાં કાર્યને ખોરંબે પાડવાનું ન બને એટલુંજ ખાસ લક્ષમાં રાખશો." ઉપર પ્રમાણે અનુમોદન મળ્યા પછી તે ઠરાવ પસાર થયો. અને આ રીતે અગત્યના ઠરાવો લગભગ ૧૨।। વાગે પસાર થઇ ગયા. (વિગતવાર ઠરાવો આ પત્રમાં અન્ય સ્થળે આપ્યા છે.) નિંગાળા સ્ટેશનેથી બન્ને બાજુના મેલો ૨ વાગે ઉપડતા હોવાથી પ્રતિનિધિઓ જવાની ઉતાવળમા હોઇ સહુ પોતપોતાની તૈયારી કરવા લાગી ગયા. આ બાજુ પ્રમુખશ્રીનો આભાર, ભાવનગર સ્ટેટનો આભાર, શ્રી પટણી સાહેબ, શ્રી. હેમચંદભાઇ આદિ અમલદારોની સહકાર માટે તેમનો આભાર, ગઢડાવાળા

શ્રી. મોહનલાલભાઈ, આણંદજી કલ્યાણજી આદિ સહકાર આપનારાઓનો તેમજ રીટાયર્ડ થતા મહામંત્રીઓનો આભાર માનવામાં આવ્યો. બાદ નવા મુખ્ય મંત્રીઓ તરીકે શ્રી વીરચંદ પાનાચંદ શાહ અને ડૉ. ચીમનલાલ નેમચંદ શ્રોફની નીમણુંક થતાં તે તાળીઓના અવાજ વચ્ચે વધાવી લેવામાં આવી.

**૧૬ મા અધિવેશન માટે આમંત્રણ—**

આ સમયે પંજાબમાં સોળમાં અધિવેશન માટે પંજાબ તરફથી બોલતાં જણાવ્યું કે આત્માનંદ મહાસભાના પ્રમુખ શ્રી. ત્રિલોકચંદજી જૈન એમ એ. ખુદ પંજાબથી કોન્ફરન્સને આમંત્રણ આપવા આવેલ, પરંતુ તેઓને અગત્યનું કામ હોવાથી રાતેજ ચાલી ગયા તેઓએ સોળમા અધિવેશનને પંજાબમાં આગ્રહપૂર્વક આમંત્રણ આપ્યું છે. પ્રમુખશ્રીએ આ આમંત્રણ ઉપર સભાજનોના અભિપ્રાય માગી તે આમંત્રણ તાળીઓના અવાજ વચ્ચે સ્વીકારવામાં આવ્યું.

ત્યારબાદ શ્રી મણીલાલ શેઠની વતી તેમના ભાઇ શ્રી ફુલચંદભાઇએ સર્વેનો આભાર માનતાં મણીભાઇની ગેરહાજરીમાં કાંઈ ત્રુટી રહી હોય તો તે બદલ ક્ષમા યાચી હતી, અને ખાસ કરી મણીભાઇની ગેરહાજરીમાં શ્રી મણીલાલ મોકમચંદે જે મુંગી સેવા બજાવી છે તે માટે તેમનો તથા શ્રી નંદલાલભાઈ બોટાદના સ્ટેશન માસ્તર શ્રી લાલન શ્રી અમૃતલાલ માસ્તર ભાઇ શ્રી માણેકલાલ મોદી, રાજપાળ વોરા આદિ આંતરિક કાર્ય કરનારાઓનો ખાસ આભાર માન્યો હતો. તેમજ જુદી જુદી સંસ્થાઓના વિદ્યાર્થીઓએ સ્વયંસેવકો તરીકે બજાવેલાં કાર્ય માટે તે તે સંસ્થાઓનો આભાર માન્યો હતો.

શ્રી. મણીલાલ મોકમચંદે આભારનો ઉત્તર વાળતાં ગદગદ્ કંઠે જણાવ્યું કે મેં તો માત્ર મણીલાલ શેઠના એક મિત્ર તરીકે મારી ફરજ બજાવી છે. મેં કાંઇ વિશેષ કર્યું નથી.

ત્યાર બાદ વંદે માતરમ્‌ના ગીત સાથે સર્વના હર્ષનાદ વચ્ચે ફુલહાર સમર્પણ થયા પછી વીર પરમાત્માની જય બોલાવી અધિવેશનની પૂર્ણાહુતિ થઈ હતી.

**પરચુરણ—**

નિંગાળા અધિવેશનને સફળતા આપવામાં અનેક હાથ હતા, ઝાઝા હાથ રળીયામણા એ કહેતી ખરેખર અહિં મૂર્તિમંત હતી, ભોજન સમિતિની અથાગ મહેનત, ઉતારા સમિતિનું કંટાળા ભરેલું કામ, સંપૂર્ણ વ્યવસ્થા જાળવવાનું સ્વયંસેવકોનું કામ તેમજ રેલ્વે તથા તાર પોસ્ટનો સહકાર આ સર્વેનો નિંગાળા અધિવેશનની સફળતામાં અચૂક ફાળો હતો અને નિંગાળાએ એક યશસ્વી કોન્ફરન્સ મેળવી દેખાડી એ યશબિંદુ તેને કપાળે અહોનિશ રહેશે. ઇતિ શુભમ્‌।


## અપૂર્વ પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત.

**"સન્મતિ તર્ક"** (અંગ્રેજી અનુવાદ)

પંડિત સુખલાલજી અને પં. બેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના અને ટીકા તેમજ અંગ્રેજી અનુવાદ સહિત ૪૨૫ પૃષ્ઠના આ અનુપમ ગ્રંથની કિંમત માત્ર રૂા૦ ૧-૦-૦ (પોસ્ટેજ અલગ)

લખો:-શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

૨૦, પાયધુની, મુંબઈ, ૩.


# નિંગાળાની સમસ્ત પ્રજા તરફથી

# માનપત્ર

**લોકપ્રિય, જૈન સમાજ ભૂષણ**

**શ્રીયુત છોટાલાલ ત્રિકમલાલ પારેખ પ્લીડર-અમદાવાદ.**

**માન્યવર મહોદય,**

અખિલ હિન્દ જૈન શ્વેતાંબર કોન્ફરન્સના પંદરમાં અધિવેશનના પ્રમુખ તરીકે આપનું અત્રે શુભાગમન થયું એ પ્રસંગ માત્ર નિંગાળા માટેજ નહિ પણ સમસ્ત સૌરાષ્ટ્ર માટે ગૌરવનો વિષય છે અને આ પ્રસંગે અત્રેના સમસ્ત ગ્રામ્યજનો તરફથી આપને સહર્ષ હાર્દિક આવકાર આપતાં અમને આનંદ થાય છે.

આપે જૈન સમાજનીજ નહિ પણ અન્ય સમાજોની અનેક પ્રકારે અમૂલ્ય સેવાઓ બજાવી છે, તે આપની ઉત્કટ સેવાવૃત્તિના એક જીવંત પૂરાવારૂપ છે.

વીરમગામ શહેર સુધરાઇના પ્રમુખ તરીકે આપશ્રીએ જે સુંદર કાર્ય કરી તે પ્રદેશની જનતાનો ચાહ સંપાદન કર્યો છે તે ખરેજ પ્રશંસનીય છે.

જનતાના સાર્વત્રિક વિકાસ માટે ઐક્ય, શિક્ષણ પ્રચાર આદિ વિવિધ પ્રવૃત્તિઓને પોષવા અને વિકસાવવા માટે આપના પ્રયત્નો વિશેષ સમૃદ્ધ બનો, આપ દીર્ઘાયુષી થાઓ એવી અમારી શુભેચ્છાઓ સાથે આપને આ અભિનંદન પત્ર સાદર સમર્પણ કરીએ છીએ.

લિ. નિંગાળાની સમસ્ત પ્રજા તરફથી.

નર્મદાશંકર છોટાલાલ પાઠક
વૈદ્ય મોહનલાલભાઈ
શેઠ પરસોતમદાસ નાગરદાસ
માસ્તર હરિશંકર જટાશંકર
ફુલચંદ જેમલભાઇ શેઠ
પોલસી જસરાજ
ચતુરભાઇ રાજારામ ભટ
કલ્યાણભાઇ છગનભાઇ
ચુનીલાલ ઓઘડભાઇ
ઠક્કર સબુરભાઈ હરજીભાઈ
ઠક્કર નાનજી દેવજી
મુખી અમરશી ધના
ગોહીલ માધવસિંહજી કાળુભાઇ જયુભાઇ
શેઠ ભક્તિભાઇ માણેકચંદ
પટેલ રણછોડ ગગાભાઈ
સોની મોહનલાલ ફીકાભાઇ
મેરાઇ મોહનલાલ ત્રિકમ
સુતાર મોહન અરજણ
ધોબી નરોત્તમ દયાળ
કુંભાર શામજી સુખા
રબારી ભીખા દુદા
મેમણ હસનભાઇ ગફુર
પટેલ લખમણ ભગવાન
પટેલ નારાણ કલ્યાણ
લુહાર ભવાન ગગા
રજપુત બુટા સુરસંગ
નાતુ કોલા
નાતુ તાજુ સીપાઇ
કોલી કોલા માવા
વણકર નારણ રત્ના

નિંગાળા તા. ૨૫ ડિસેમ્બર ૧૯૪૦.

# અધિવેશનને સફળતા ઇચ્છનારા સંદેશાઓ.

પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ, ઝેલમ ( પંજાબ )
શ્રીયુત કનૈયાલાલ માણેકલાલ મુન્શી, મુંબઈ.
શ્રી. લીલાવતી બ્હેન કનૈયાલાલ મુન્શી, મુંબઇ.
દે. ભ. પોપટલાલ રામચંદ્ર શાહ, પૂના.
શ્રી. ચુનીલાલ ભાઇચંદ મહેતા, મુંબઈ.
ડૉ. પ્રાણજીવનદાસ મા. મહેતા, જામનગર.
શ્રી. બાલાભાઇ મગનલાલ અને શ્રી. મણિલાલ બાલાભાઈ નાણાંવટી—મુંબઇ.
ઑનરેબલ શેઠ શાંતિદાસ આશકરણ જે. પી મુંબઇ.
શ્રી. સૌભાગ્યચંદ ખીમચંદ કોઠારી, ભુજ.
બાબુ બહાદુરસિંહજી સિંઘી, કલકત્તા.
„ નિર્મલકુમારસિંહજી, અજીમગંજ
રાવસાહેબ શેઠ કાંતીલાલ ઇશ્વરલાલ, મુંબઇ.
શેઠ રવજીભાઈ સોજપાળ, મુંબઈ.
ડૉ. પુનશી હીરજી મૈશેરી જે. પી. મુંબઇ.
રાવબહાદુર નાનજી લધાભાઈ જે. પી. મુંબઈ.
શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી, મુંબઇ.
ડૉ. ચીમનલાલ નેમચંદ શ્રોફ, ( બેંગ્લોરથી. )
શ્રી ગોડવાડ જૈન શ્રી સંઘ, રાણી
દયાલંકાર શેઠ લલ્લુભાઇ દીપચંદ ઝવેરી, મુંબઇ.
શેઠ રણછોડભાઇ રાયચંદ મોતીચંદ ઝવેરી, મુંબઇ.
ડૉ. વૃજલાલ મેઘાણી, મુંબઈ.
શેઠ કકલભાઇ ભુદરદાસ વકીલ, મુંબઇ.
શેઠ મગનલાલ મુલચંદ શાહ, મુંબઈ.
„ ચુનીલાલ વીરચંદ શાહ, મુંબઈ.
„ ભોગીલાલ લહેરચંદ ઝવેરી, મુંબઇ.
„ મોતીલાલ મુલજી, મુંબઇ.
„ નરોત્તમદાસ ભગવાનદાસ શાહ, મુંબઇ.
„ મોહનલાલ મગનલાલ, અમદાવાદ.
„ દેવજી ટોકરશી મુલજી, મુંબઇ.
„ ખીમજી તેજુ કાયા અને નેણશી ભોજરાજ, મુંબઇ.
„ ચીનુભાઈ લાલભાઇ, મુંબઇ.
„ મણિલાલ મોહનલાલ પાદરાકર, મુંબઇ.
„ રસિકલાલ સોમાભાઇ, મુંબઈ.
„ જમનાદાસ અમરચંદ ગાંધી, મુંબઈ.
„ ડાહ્યાભાઇ, મુંબઈ.
„ રતિલાલ હીરાચંદ પાનાચંદ, કલકત્તા.
„ બીખાલાલભાઇ બી. કપાસી, ન્યુ દહેલી.
„ મુલચંદ આશારામ ઝવેરી, અમદાવાદ.
„ સાંકલચંદ નાનજી શાહ અને ટોકરશી પાનાચંદ, જામનગર.
શ્રી. બંસી, મુંબઇ.
„ માનજી દામજી શાહ, મુંબઇ.
„ દામોદરદાસ કરસનદાસ, મુંબઇ.
શેઠ સાકરચંદ માણેકચંદ ધડીયાલી, મુંબઇ.
ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ, મોરવી.
શ્રી સંઘવી મોહનલાલ લાલચંદ, મોરવી.
શ્રી. મણિલાલ કુંવરજી ઝવેરી, મુંબઈ.
શેઠ સકરાભાઇ લલ્લુભાઇ મનોરદાસ, અમદાવાદ.
„ મહાસુખભાઇ ચુનીલાલ, વિસનગર.
„ નારણદાસ નવલચંદ, ગોંડલ.
શ્રી. ગુલાબચંદજી ઢઢ્ઢા, ઉમેદપુર.
શ્રી જૈન સંઘ-બારડોલી.
શ્રી જૈન સંઘ, રાજકોટ.
શ્રી જૈન યુવક મંડળ, મહુવા.
શ્રી કો. કેળવણી પ્રચાર સમિતિ, મહુવા.
પ્રમુખ જૈન મિત્ર મંડળ, કલકત્તા.
શ્રી લાલજી ભારમલ, વિંઢ ( કચ્છ. )
શ્રી સમરથમલ રતનચંદ સિંઘી-મંત્રી, અ. ભા. પોરવાડ સંમેલન-રતલામ.
શ્રી. ફુલચંદ વેલજી, મુંબઈ.
શ્રી. છોટાલાલ પ્રેમજી, મુંબઇ.
શ્રી. ગણેશમલ રૂગનાથમલ બેંકર્સ, હૈદરાબાદ.
શ્રી મુલચંદ ઉત્તમચંદ પારેખ, વરતેજ.
શ્રી ચતુરભાઈ પીતાંબર શાહ, સાંગલી.
શ્રી છગનલાલ જોશી, રાજકોટ.
શ્રી. લાલચંદ જેચંદ વોરા, બગસરા.
„ ઉજમશી માણેકચંદ, ભાવનગર.
„ વિનયવિજયજી મહારાજ, હૈદ્રાબાદ (સિંધ)
„ કલ્યાણજી ખુશાલ, મુંબઇ.
„ વિમળભાઇ મુલચંદ આત્મારામ વૈરાટી, અમદાવાદ.
„ હાથીભાઇ મુલચંદ, માણસા.
„ અમૃતલાલ જાદવજી, માલીઆ.
„ મંત્રી, કચ્છી વીસા ઓ. દે. જૈન મહાજન, મુંબઈ.
„ શાંતિલાલ જી. મહેતા, ભાવનગર.
„ ચંદુલાલ ટી. શાહ, મુંબઇ.
„ તાજબહાદુરસિંહજી, કલકત્તા.
„ હીરાચંદ વસનજી, પોરબંદર.
„ પુંજાભાઇ દીપચંદ, અમદાવાદ.
વકીલ ચુનીલાલ છગનલાલ, પ્રમુખ, શ્રી. યંગમેન્સ જૈન સોસાઇટી—ચુડા—વિગેરે
શ્રી. રસિકલાલ પરિખ.
„ વરધીલાલ મગનલાલ અને ફકીરચંદ પુંજાલાલ, રાધનપુર.
બાબુ ભગવાનલાલજી પનાલાલજી, મુંબઇ.
શેઠ સાકરચંદ મોતીલાલ, મુંબઇ.
શેઠ કાલીદાસ સાંકળચંદ દોશી, મુંબઇ.
શ્રી. રતિલાલ સી. કોઠારી, મુંબઇ.
„ કેશરીમલ લલવાણી, રાણી.
„ પ્રતાપમલજી શેઠીયા, મંદસોર.
„ આનંદરામ માનમલ, મંચર.
„ મગનલાલ ભગવાનજી શાહ, મુંબઇ.
„ રાવશી દેવશી-મંત્રી, હાલારી વી. ઓ. જૈ. બો. જામનગર.
„ લલ્લુભાઈ જેઠાલાલ ધડીયાલી, અમદાવાદ.
„ પનાલાલ નાગરદાસ અને દલપતરાય વિઠલદાસ, રાધનપુર.

( અનુસંધાન પૃ. ૩ ઉપર. )

# 'નિંગાળા' ના સંસ્મરણો.

જેમ રાષ્ટ્રિય મહાસભાના અધિવેશનમાં ફૈજપુરના ગ્રામ્ય અધિવેશનથી નવો ચાલો પડ્યો અને હરિપુરા અધિવેશને કોઇ અનેરો રંગ અને અદ્વિતિય ઉત્સાહ ઉમેર્યો તેમ જૈન કોન્ફરન્સના જે અધિવેશનો અત્યાર પૂર્વે મળેલા છે એમાં નિંગાળાની છાપ અનોખી હોઇ, પ્રશંસાપાત્ર ને અનુકરણીય છે. ત્રણ 'મ' કારના ત્રિવેણી સંગમ સમુ એ દ્રશ્ય વર્ષો સુધી સ્મૃતિપટમાં તાજું રહેવાનું. ધર્મવીર ને દેશભક્ત મણીભાઇના પ્યારા નામથી અંકિત થયેલ કોઠારીનગર જૈન સમાજમાં નવપ્રાણ પુરવાની ભાવનાથી માત્ર પંદર ઘરના નાનકડા ગામડે કોન્ફરન્સને નોતરનાર અને હાકલ પાડતાં એક સૈનિક માફક આદર્યું અધવચ મૂકી ચાલી નિકળવાનું છે એ પૂર્ણપણે જાણનાર મણિભાઇ શેઠનો અદમ્ય ઉત્સાહ અને મિત્રતાની સાચી પ્રીતનું યથાર્થ રીતે દર્શન કરાવવાની તીવ્ર ઉલટ સેવી નિંગાળાની ભોગોળે જૈનો માટે નાનકડું હરિપુરા ઉભુ કરાવી બતાવનાર મણિભાઇ મોકમચંદ શાહનું ખંતીલુ કાર્ય જો સ્મૃતિનો વિષય ન બને તો કહેવુંજ પડે કે આપણને વસ્તુ સ્વરૂપની યથાર્થ પિછાન નથી! કોઠારીનગરના સૌ સ્મરણોમાં અગ્રપદ ભોગવે છે એટલુંજ નહિં પણ કોન્ફરન્સના ઇતિહાસમાં નવો રાહ અંકિત કરે છે.

ભાવનગર તરફ ધસી રહેલી ટ્રેનમાંથી કોઠારી નગરનું દ્રશ્ય કોઇ અનોખુ જણાતું. નિંગાળાની ભગોળના આ સફાચટ મેદાન પર વસ્ત્રથી વેષ્ટિત પ્રકાર છે જેનો અને કેવળ વાંસની ચીપોમાંથી કળામય રીતે તૈયાર કરવામાં આવેલ મુખ્ય દરવાજો છે જેનો—એવું આ નગર આગંતુકના હૃદયને પહેલી તકે આકર્ષતુ પ્રવેશદ્વાર સામેનો મુખ્ય મંડપ, એમાં ગ્રામવાસી ઘરોમાંથી આણેલી—વીસમી સદીમાં લગભગ વીસરાઇ ગયેલી કળામય કારીગરી વાળી ચીજો ખરેખર એકકને સુંદર ને પ્રેક્ષણીય બનાવવામાં સારો સાથ પુરતી જુના કાળના એ ચાકળાં પુથીયા કે તોરણો હાથ કારીગરી અને એ પાછળ ખરચાયેલ અંતરનો ઉમંગ દર્શાવતા. એ પુરાણાં પુષ્પો સાચેજ સૌ કોઇના દિલ આકર્ષતા—એ ઉપરાંત જુદા જુદા વિભાગને લગતા નાના મોટા તંબુઓ-એમાંની સાદઇ ભરી સગવડ કોઇને પણ કચવાટનુ કારણ આપે તેમ નહોતી. ઝંડા ચોક અને ભોજન મંડપનુ દૃશ્ય જ્યારે સ્વયંસેવકો ધ્વજ વંદન કરતાં અને પ્રતિનિધિઓ તેમજ પ્રેક્ષકો જમણ વેળા એકત્ર થતાં ત્યારે મનોહર લાગતું અને વ્યવસ્થા દ્વારા પ્રસંગમાં કેવી સુરૂચિ પ્રગટાવી શકાય છે એનો ઉમદા બોધપાઠ રજુ કરતું. ત્રણ દિન માટે તો કોઠારી નગર સાચા સ્વરૂપમાં નગરપણે પરિણમ્યું હતું એમ કહેવામાં જરા પણ અતિશયોકિત નહીં લેખાય.

અધિવેશનના પ્રમુખ જેટલા નામ દ્વારા જનતાને નહોતા આકર્ષી શકયા તેટલા કરતાં અધિક કાર્ય લેવાની પદ્ધત્તિથી આકર્ષી શકયા. સર્વ કાર્યો સર્વાનુમતે અને પ્રેમપૂર્વકની ચર્ચા પછી થયાનો છેલ્લા દાયકામાં આ પ્રથમ પ્રસંગ છે. એ ઉપરથીજ પ્રમુખશ્રીમાં સમાયેલ અભ્યાસ—આવડતનો અને દીર્ઘ દર્શિતાનો ખ્યાલ આવે છે. સેવાની સાચી તમન્ના કેવા મનનીય શબ્દો હૃદય ગુફામાંથી બહાર આણે છે એના પ્રત્યક્ષ પુરાવા રૂપ એમનુ ભાષણ છે. એમાં વર્તમાન જૈન સમાજની પરિસ્થિતિનુ તટસ્થપણે કરાયેલ પ્રથક્કરણ સૌ કોઇને ઝણઝણાવે તેવું છે. ખરૂં કામ કરવાની પ્રેરણા જન્માવે તેવું છે. એમાં ધાર્મિક અભ્યાસની ઝળક છે, કાયદાશાસ્ત્રીની છણાવટ છે, સમાજ સુધારણાની સાની તમન્ના છે, કામ લેવાની કળાના રેખાંકન છે, અને એ સર્વને ટપી જાય તેવી સેવાની ભાવના અને નિરભિમાનવૃત્તિનુ નિતરૂં દર્શન છે. એક ભાઇએ આ સંબંધમાં શ્રી. બાળાસાહેબ ખેરની વડા પ્રધાન તરિકેની વરણીનો પ્રસંગ યાદ કરાવી—પ્રથમ શ્રવણે થયેલ ક્ષોભ અને કાર્યવાહીથી થયેલ પૂર્ણ સંતોષની સરખામણી કરેલી તે આજે પણ ચક્ષુ સામે તરવરે છે. પ્રમુખશ્રી જેવા એ કોટી માનવીઓ લાભી જાય તો જૈન સમાજમાં કલેશનુ નામ ન રહે અને પ્રગતિનો કાંટો મધ્યાન્હે પહોંચતાં ઝાઝો વિલંબ ન લાગે.

અધિવેશન તો કેવળ જૈનોનું છતાં નિંગાળાની ગ્રામીણ પ્રજાનો ઉત્સાહ વર્ણવ્યો જાય તેમ નથી! અરે નિંગાળાનોજ શા માટે, આસપાસના ગામોમાંથી પણ એવોજ ઉમંગ ભર્યો સહકાર ભાવનગર સ્ટેટની સ્હાય તો ખરીજ પણ એ ઉપરાંત ગઢડાના સ્વામીનારાયણ મંદિરની હાર્દિક સ્હાનુભૂતિ એ વિના નિંગાળાની ધરતી પર, પંદર બળદ જોડયા રથમાં પ્રમુખશ્રીના સ્વાગતનો પ્રસંગ—એ વેળા પટણી સાહેબના આગમન અને ગામના વાંકા ચુંકા માર્ગે પસાર થતું ભિન્ન ભિન્ન ભાગોમાંથી આવેલા બંધુઓના સંમેલન સમુ સરઘસ શકય કે સંભવિત હોયજ કયાંથી?

પ્રાતઃકાળની ઠંડી બિછાનું છોડવામાં પ્રમાદ કરાવે ત્યાં તો સ્વયંસેવકોની સીટી કાને પડે. સેવાના સૂત્રે ગંઠાયેલા એ સેવકો તંદ્રાને ખંખેરી પરિશ્રમનું પડીકુવાળી, કમરકસી તૈયાર ઉભેલા દ્રષ્ટિગોચર થાય. બીજી તરફ નોબતને શરણાઇના મીઠા સુર કર્ણપટ પર અથડાય! એની મધુરતા-મનોહરતા અને ગ્રામ્યજીવનને અનુરૂપ રમ્યતા શહેરના ઘોંઘાટ ને ધમસાણ ભર્યા જીવનમાં સમજાવી જ્યાં મુશ્કેલ છે ત્યાં અનુભવનો વિષય તો બનેજ કયાંથી? ગાંધીજીએ જે ગામડા પર આટલું બધું વજન મૂકવા માંડયું છે એ પાછળનું રહસ્ય તો આવા આવા પ્રસંગના પરિચયોથી અને જાત જાતના અનુભવો પ્રાપ્ત થયા પછીજ સમજાય તેમ છે। કુદરતના આંગણે ખુલ્લા આકાશ હેઠળ કેવળ સાદી સ્વચ્છ અને મામુલી લેખાતી ચીજોનો જો વ્યવસ્થિત રીતે બુદ્ધિમત્તાથી ઉપયોગ કરવામાં આવે તો એ દ્વારા જે સુખ અને જે આનંદ હજારોના ખરચે કે રંગબેરંગી યંત્રોના ખડકલાથી નથી માણી શકાતો તે સહજપણે પામી શકાય છે.

વર્ષોથી જે અવાજ ઉઠતો કે કોન્ફરન્સના અધિવેશનને આડંબરી જલ્શાની નાગચૂડમાંથી મુકત્ત કરી સાદુ ને સસ્તુ બનાવવું. અર્થાત્ ખરચાળ પદ્ધત્તિ કમી કરવી એનો સર્વાંશે નહિ તો અમુકાંશે અમલ નિંગાળામાં જોવાયો છતાં પ્રતિનિધિઓને ધાર્મિક વિધાનમાં કે આવશ્યક કાર્યોમાં જરાપણ અગવળ પહોંચી નથી અલબત આટલું કરવા છતાં કેટલીક કરકસર જેમ જરૂરી છે તેમ સ્વાગત સમિતિના સભ્યોએ કેટલીક પદ્ધતિ અખતીયાર કરવા જેવી છે. એની વિચારણા અપ્રાસંગિક હોવાથી ભવિષ્ય પર છોડી નિંગાળાના સંસ્મરણો સમાપ્ત કરીશું.

—પ્રેક્ષક

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.